# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

27 APRIL, 2026 MONDAY



પેજ 2  NDPSના બે કેસમાં 3 આરોપીઓને 15 વર્ષની કેદ

પેજ 3  એરપોર્ટ 6.82 કિલો હેરોઈન દાણચોરી કેસ

પેજ 7  ઐતિહાસિક વઢવાણા વેટલેન્ડ ગંદકીના ગરકાવ

પેજ 5  આર્થિક મંદી પર આસ્થાનો વિજય: ગુજરાતના ત્રણ મહાતીર્થોમાં 5 વર્ષમાં ઠલવાયું 719 કરોડનું દાન!



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 42 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


## અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ઈરાનને ચેતવણી આપી હતી

# ઈરાન પાસે બહુ ઓછો સમય બચ્યો છે : ટ્રમ્પ

## 3 દિવસમાં સીઝફાયરની શરત નહીં માને તો ઓઈલ પાઈપલાઈન બ્લાસ્ટ કરી દેવાશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ઈરાનને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે તેની પાસે યુદ્ધ ખતમ કરવા માટે સીઝફાયર (યુદ્ધવિરામ) પર સંમત થવા માટે માત્ર ત્રણ દિવસ છે, અન્યથા તેની ઓઈલ પાઈપલાઈનમાં બ્લાસ્ટ થઈ જશે.ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે જો ઈરાન તેલની નિકાસ નહીં કરી શકે, તો પાઈપલાઈનમાં દબાણ વધશે. આવું એટલા માટે થશે કારણ કે તેલને જહાજો કે સ્ટોરેજ ટેન્કોમાં મોકલવાનો રસ્તો બંધ છે અને તેના પર નાકાબંધી લાદવામાં આવી છે.તેમણે દાવો કર્યો કે જ્યારે તેલનો પ્રવાહ અચાનક રોકવો પડે છે, ત્યારે પાઈપલાઈનની અંદર દબાણ ઉભું થાય છે અને ટેકનિકલ તથા કુદરતી કારણોસર તે ફાટી શકે છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, જો આવું થશે તો પાઈપલાઈનને પહેલા જેવી હાલતમાં ફરીથી બનાવવી લગભગ અશક્ય હશે અને તેની ક્ષમતા પણ નોંધપાત્ર રીતે ઘટી જશે.

ડોનાલ્ડ ટ્રમ્પ શનિવારે પામ બીચ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મીડિયા સાથે વાત કરતા જોવા મળ્યા હતા.




ડોનાલ્ડ ટ્રમ્પ શનિવારે પામ બીચ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મીડિયા સાથે વાત કરતા જોવા મળ્યા હતા. ઈરાને અમેરિકા સાથેની સમજૂતી અંગે કડક વલણ અપનાવ્યું છે. તેણે કહ્યું છે કે ન્યુક્લિયર પ્રોગ્રામ અને હોર્મુઝ સ્ટ્રેટના મુદ્દે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં.

ઈરાનના સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, આ સંદેશ પાકિસ્તાન દ્વારા અમેરિકા સુધી પહોંચાડવામાં આવ્યો છે. ઈરાને આ બંને મુદ્દાઓને પોતાની 'રેડ લાઈન' ગણાવ્યા છે અને કહ્યું છે કે આના પર કોઈ પણ પ્રકારની સમજૂતી શક્ય નથી. સાથે જ, એ પણ સ્પષ્ટ કર્યું કે આ કોઈ ઔપચારિક વાતચીત નથી, પરંતુ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવાની એક રાજદ્વારી પહેલ છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી આ સમગ્ર મામલે નિર્ધારિત મર્યાદામાં રહીને પોતાની જવાબદારીઓ નિભાવી રહ્યા છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી એકવાર ફરી પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ પહોંચ્યા છે. બે દિવસમાં આ તેમનો બીજો પ્રવાસ છે. આ દરમિયાન તેઓ પાકિસ્તાની નેતાઓ સાથે મુલાકાત કરશે. ઈસ્લામાબાદમાં થોડો સમય રોકાયા બાદ અરાઘચી રશિયા જવા રવાના થશે.આ પહેલા તેમણે શનિવારે ઈસ્લામાબાદમાં પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીર સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે ઈરાનની શરતો અને અમેરિકાની માંગણીઓ પર પોતાની આપત્તિઓ પાકિસ્તાનને સોંપી હતી.

ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે અમેરિકા સાથે સીધી વાતચીત નહીં કરે અને પોતાની વાત પાકિસ્તાન દ્વારા જ પહોંચાડશે. અરાઘચી શનિવાર સાંજે ઓમાન જવા રવાના થયા હતા. તેમણે આજે ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક સાથે મુલાકાત કરી.આ દરમિયાન યુદ્ધ અને શાંતિ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો પર ચર્ચા કરવામાં આવી હતી. ઈરાની વિદેશ મંત્રી બોલ્યા-પાકિસ્તાનનો પ્રવાસ ઘણો ઉપયોગી રહ્યોઅબ્બાસ અરાઘચીએ પાકિસ્તાનના પ્રવાસને ઘણો ઉપયોગી ગણાવ્યો. તેમણે શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પાકિસ્તાનના પ્રયાસોની પ્રશંસા કરી.

જર્મની હોર્મુઝ સ્ટ્રેટ મિશનમાં સામેલ થશેજર્મનીએ કહ્યું કે યુદ્ધ સમાપ્ત થયા પછી તે હોર્મુઝ સ્ટ્રેટમાંથી માઈન્સ હટાવવાના આંતરરાષ્ટ્રીય મિશનમાં ભાગ લેશે.ઈઝરાયલે હિઝબુલ્લાહનો શંકાસ્પદ ડ્રોન તોડી પાડ્યોઈઝરાયલે વેસ્ટર્ન ગલીલી વિસ્તારમાં એર ડિફેન્સ સિસ્ટમથી ડ્રોનને નષ્ટ કર્યો. તેને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવવામાં આવ્યું.મિનાબ સ્કૂલ હુમલા પર AI વીડિયો જાહેરઈરાને 28 ફેબ્રુઆરીએ મિનાબ સ્કૂલ હુમલામાં માર્યા ગયેલી એક વિદ્યાર્થીનીનો AI વીડિયો જાહેર કર્યો. તેને ફાતિમાની કહાણી નામ આપવામાં આવ્યું.યુદ્ધ પછી હજ યાત્રીઓનો પ્રથમ કાફલો મદીના પહોંચ્યોઈરાનથી હજ યાત્રીઓનો પ્રથમ કાફલો સાઉદી અરબ પહોંચ્યો. આને બંને દેશોના સંબંધો સામાન્ય થયા હોવા તરીકે જોવામાં આવી રહ્યું છે.અમેરિકા અને ઈરાન વચ્ચે વાર્તા અટકવા અને હોર્મુઝ સ્ટ્રેટથી તેલ સપ્લાય ઘટવાના કારણે વૈશ્વિક તેલની કિંમતોમાં તેજ ઉછાળો આવ્યો છે.

બ્રેન્ટ ક્રૂડ 107 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે, જ્યારે WTI ક્રૂડ પણ વધીને 96 ડોલરથી ઉપર જતું રહ્યું છે. બ્રેન્ટ ક્રૂડ એ તે ઓઈલ છે જે ઉત્તર સમુદ્ર (યુરોપ પાસે) માંથી નીકળે છે.

## AAPમાં ભંગાણથી ભાજપને શું ફાયદો?:રાઘવ ચઢ્ઢાના જવાથી આપને ફંડના ફાંફાં પડશે!

### વિધાનસભા ચૂંટણી પહેલા જ આમ આદમી પાર્ટી (AAP) માં ભંગાણ પડ્યું

• લુધિયાણા

પંજાબમાં 2027ની વિધાનસભા ચૂંટણી પહેલા જ આમ આદમી પાર્ટી (AAP) માં ભંગાણ પડ્યું. પંજાબના 6 સાંસદોએ અચાનક પાર્ટી છોડી દીધી. તેમાંથી 3 રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠકે ભાજપમાં જોડાયા. હવે બધાની નજર એ વાત પર છે કે પંજાબમાં AAP ના ધારાસભ્યો પણ તૂટશે કે નહીં.એક તરફ સત્તાધારી પક્ષનું ભંગાણ અને પછી ભાજપમાં જવું. મોટો સવાલ એ છે કે AAP ના આ ભંગાણનો પંજાબમાં BJP ને કેટલો ફાયદો થવાનો છે. ખાસ કરીને, રાઘવ ચઢ્ઢા અને સંદીપ પાઠક જેવા ચહેરા, જેમની મદદથી AAP એ 2022 માં 'બદલાવ'નું વાતાવરણ બનાવીને 117 માંથી રેકોર્ડ 92 બેઠકો જીતી હતી. જ્યારે અશોક મિત્તલ ભલે રાજકીય રીતે નવા હોય, પરંતુ શિક્ષણ અને વ્યવસાયિક ક્ષેત્રે પંજાબનું જાણીતું નામ છે. સાંસદોના ભંગાણ પછી AAP ના નુકસાનથી BJP ને શું ફાયદો મળશે? આ માટે ભાસ્કરે 3 રાજકીય નિષ્ણાતો પ્રોફેસર ડો. કૃષ્ણ કુમાર રત્તુ, એન્જિનિયર પવનદીપ શર્મા અને સિનિયર જર્નાલિસ્ટ પ્રમોદ બાતિશ સાથે વાત કરી.



આ વાતચીતમાંથી શું નિષ્કર્ષ નીકળ્યો, તે જાણવા માટે સંપૂર્ણ રિપોર્ટ વાંચો.વર્ષ 2022માં AAPની સરકાર બન્યા પછી રાઘવ ચઢ્ઢા પંજાબમાં પાર્ટીના સૌથી શક્તિશાળી ચહેરા તરીકે રહ્યા. ટિકિટ વહેંચણી અને પ્રચાર જ નહીં પરંતુ મંત્રીમંડળથી લઈને સરકાર ચલાવવા સુધીમાં તેમની પ્રભાવી ભૂમિકા રહી. આ દરમિયાન કયા AAP નેતાએ શું કર્યું, સરકારમાં દિલ્હીનો કેટલો હસ્તક્ષેપ રહે છે, AAPએ ફંડ વગેરે કેવી રીતે એકઠા કર્યા, આ તમામ વાતો બહાર આવી તો સીધા જ AAPને નુકસાન પહોંચાડશે.

## ન્યૂઝ બ્રિફ

### માલીના રક્ષામંત્રી સાદિયોનું બોમ્બ વિસ્ફોટમાં મૃત્યુ:શનિવારે ઘરે સુસાઇડ કારથી હુમલો થયો

માલીના સંરક્ષણ પ્રધાન સાદિયો કામરાનું બોમ્બ વિસ્ફોટમાં મૃત્યુ થયું. શનિવારે રાજધાની બમાકોથી લગભગ 15 કિમી દૂર કાટી શહેરમાં તેમના ઘર પર આત્મઘાતી કાર હુમલો કરવામાં આવ્યો.હુમલામાં સાદિયોની બીજી પત્ની અને બે પૌત્રો પણ માર્યા ગયા. આ માહિતી તેમના પરિવાર અને અધિકારીઓએ આપી. એક સંબંધીએ રોઈટર્સને તેમના મૃત્યુની પુષ્ટિ કરી, જ્યારે તેમના સાળાએ ફેસબુક પોસ્ટમાં તેની જાણકારી આપી.હુમલા પાછળ અલ-કાયદા સાથે સંકળાયેલ જેહાદી સંગઠન JNIM અને તુઆરેગ વિદ્રોહી જૂથ FLAનું ગઠબંધન હોવાનું કહેવાય છે. બંને સંગઠનોએ મળીને આ હુમલો કર્યો.આ હુમલાની સાથે જ દેશના ઘણા ભાગોમાં પણ હિંસા ફાટી નીકળી. બમાકો, ગાઓ, કિદાલ અને સેવરે સહિત ઘણા શહેરોમાં ગોળીબાર અને વિસ્ફોટોના સમાચાર સામે આવ્યા છે.

### ઈરાની વિદેશ મંત્રી ફરી પાકિસ્તાન પહોંચ્યા:બે દિવસમાં બીજો પ્રવાસ, ગઈકાલે પાક PM અને આર્મી ચીફ સાથે મુલાકાત કરી વાતચીતની શરતો સોંપી હતી

• વોશિંગ્ટન ડીસી

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી એકવાર ફરી પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ પહોંચ્યા છે. બે દિવસમાં આ તેમનો બીજો પ્રવાસ છે. આ દરમિયાન તેઓ પાકિસ્તાની નેતાઓ સાથે મુલાકાત કરશે. ઈસ્લામાબાદમાં થોડો સમય રોકાયા બાદ અરાઘચી રશિયા જવા રવાના થશે.આ પહેલા તેમણે શનિવારે ઈસ્લામાબાદમાં પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીર સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે ઈરાનની શરતો અને અમેરિકાની માંગણીઓ પર પોતાની આપત્તિઓ પાકિસ્તાનને સોંપી હતી.ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે અમેરિકા સાથે સીધી વાતચીત નહીં કરે અને પોતાની વાત પાકિસ્તાન દ્વારા જ પહોંચાડશે. અરાઘચી શનિવાર સાંજે ઓમાન જવા રવાના થયા હતા. તેમણે આજે ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક સાથે મુલાકાત કરી.

### ધીરેન્દ્ર શાસ્ત્રીએ કહ્યું- હું માફી માંગુ છું:છત્રપતિ શિવાજી મહારાજ અને સમર્થ રામદાસ સ્વામી વિશે આપ્યું હતું વિવાદાસ્પદ નિવેદન

છત્રપતિ શિવાજી મહારાજ અને સમર્થ રામદાસ સ્વામી વિશે પોતાની ટિપ્પણીને લઈને વિવાદોમાં ઘેરાયેલા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ માફી માંગી લીધી. રવિવારે નાગપુરમાં પ્રેસ કોન્ફરન્સમાં ધીરેન્દ્ર શાસ્ત્રીએ કહ્યું- કેટલાક લોકોએ મારા નિવેદનનો ખોટો અર્થ કાઢ્યો. હું જે સ્વરાજ અને હિંદુ રાષ્ટ્રની અવધારણાનું સન્માન કરું છું, તેમાં છત્રપતિ શિવાજી મહારાજનું સ્થાન સર્વોચ્ચ છે. તેમના વિશે નકારાત્મક બોલવું તો દૂર, હું આવું સપનામાં પણ વિચારી શકતો નથી. તેમણે આગળ કહ્યું- સંદર્ભ બિલકુલ અલગ હતો. છત્રપતિ શિવાજી મહારાજને સંતો અને પોતાના ગુરુ સમર્થ રામદાસ સ્વામી પ્રત્યે ઊંડી નિષ્ઠા હતી. અમે એક શિષ્યની પોતાના ગુરુ પ્રત્યેની ભક્તિ વિશે વાત કરી રહ્યા હતા. બરાબર એ જ રીતે જેમ મહાભારતમાં અર્જુને ભગવાન કૃષ્ણને કહ્યું કે તે પોતાના જ લોકો સાથે યુદ્ધ નહીં કરે, ત્યારે કૃષ્ણએ ગીતાનો ઉપદેશ આપ્યો હતો.

## કરોડોનું કાળું સામ્રાજ્ય - હવે પતનના આરે

# મુંબઈમાં જૈન મુનિઓ અને હીરા વેપારીઓ પર 'હુડિયા ગેંગ'ની તરાપ; કરોડોના તોડબાજીનો કાળો ચિઠ્ઠો ટૂંક સમયમાં થશે જાહેર!

• મુંબઈ | ખાસ પ્રતિનિધિ

માયાનગરી મુંબઈમાં હવે ગુનાખોરીના નવા અને શાતિર ચહેરાઓએ ધર્મ અને વેપારના ક્ષેત્રમાં ખળભળાટ મચાવી દીધો છે. આધારભૂત સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી વિગતો મુજબ, હાર્દિક હુડિયા, જગત પારેખ અને વિક્રમ બાફનાની ત્રિપુટીએ પોતાની ગેંગ સાથે મળીને નિર્દોષ લોકોને જાળમાં ફસાવવાનું એક ખતરનાક સામ્રાજ્ય ઊભું કર્યું છે.

ધર્મની આડમાં અધર્મનો ખેલ

આ ટોળકીની કામ કરવાની પદ્ધતિ એટલી શાતિર છે કે તેમણે સમાજના સૌથી પ્રતિષ્ઠિત એવા જૈન મુનિઓ અને મુંબઈના નામાંકિત હીરા વેપારીઓને પોતાનો શિકાર બનાવ્યા છે. જ્યાં બધું જ વિશ્વાસ પર ચાલે છે, તેવા ક્ષેત્રોમાં ગાબડું પાડીને 'હુડિયા ગેંગે' કરોડો રૂપિયાની તોડબાજી (ઉઘરાણી) કરી હોવાનું બહાર આવ્યું છે. આ માત્ર ઠગાઈ નથી, પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસની હત્યા છે.

કરોડોનું કાળું સામ્રાજ્ય - હવે પતનના આરે

સૂત્રોનું માનીએ તો આ ગેંગ છેલ્લા ઘણા સમયથી મુંબઈના પોશ વિસ્તારોમાં સક્રિય છે. લાખો-કરોડો રૂપિયા પડાવવા એ આ લોકોનો મુખ્ય ધંધો બની ગયો છે. પરંતુ હવે પાપનો ઘડો ભરાઈ ગયો છે. 'પાક્કો ગુજરાત'ને મળેલી માહિતી અનુસાર:

* તપાસનો ગાળિયો કસાયો: તપાસ એજન્સીઓ અને જાગૃત નાગરિકો હવે આ ગેંગની કુંડળી ફગાવી રહ્યા છે.

* દસ્તાવેજો તૈયાર: હાર્દિક હુડિયા અને તેના સાગરીતોની કાળી કમાણી અને બેનામી મિલકતોનો કાચો ચિઠ્ઠો ટૂંક સમયમાં જ જનતા સામે આવશે.

* ભંડાફોડ નિશ્ચિત: ખૂબ જ ટૂંક સમયમાં આ 'તોડબાજ' ટોળકીના ચહેરા પરથી નકાબ ઉતરી જશે.

અધર્મ પર ધર્મનો વિજય થશે

હાર્દિક હુડિયા અને તેની ટોળકીએ યાદ રાખવું જોઈએ કે કાયદાના હાથ લાંબા હોય છે અને ન્યાયની ચક્કી ભલે ધીમી ચાલે, પણ પીસે છે બહુ ઝીણું. મુનિઓના આશીર્વાદ અને વેપારીઓની લોહી-પરસેવાની કમાણી લૂંટનારા આ ગઠિયાઓનો અંત હવે નિશ્ચિત છે.

## ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીના સાંસદોએ કડક જોગવાઈઓવાળું બિલ સંસદમાં રજૂ કર્યું

• વોશિંગ્ટન

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શાસનકાળમાં ભારતીયો માટે 'અમેરિકન ડ્રીમ' દુઃસ્વપ્ન બની રહ્યું છે. હવે ટ્રમ્પની પાર્ટીના સાંસદોએ H-1B વિઝા પર 3 વર્ષ સુધીના પ્રતિબંધ સહિત અન્ય કડક જોગવાઈઓ ધરાવતું બિલ સંસદમાં રજૂ કર્યું છે. 7 રિપબ્લિકન સાંસદો દ્વારા કોંગ્રેસ (સંસદ) માં રજૂ કરાયેલ આ H-1B દુરુપયોગ નિવારણ બિલ-2026 નો ઉદ્દેશ્ય અમેરિકી લોકો માટે નોકરીની વધુ તકો ઊભી કરવાનો છે. એરિઝોનાના રિપબ્લિકન સાંસદ એલી ક્રેને આ બિલ સંસદમાં રજૂ કર્યું છે.બિલ પર હસ્તાક્ષર કરનારા અન્ય સાંસદોમાં બ્રેન્ડન ગિલ, પોલ ગોસર અને એન્ડી ઓગલ્સનો સમાવેશ થાય છે. અમેરિકી હિતો સાથે જોડાયેલા આ બિલ પર ડેમોક્રેટિક પાર્ટીના કેટલાક સાંસદોનો પણ ટેકો મળવાની શક્યતા છે. સૂત્રો અનુસાર, 100 સાંસદોની સેનેટમાં 60 સાંસદોનો ટેકો મળ્યા પછી વર્ષના અંત સુધીમાં મતદાન શક્ય છે.આ બિલથી સૌથી વધુ ભારતીયો પ્રભાવિત થશે. કારણ કે, અમેરિકામાં દર વર્ષે જારી થતા લગભગ 85 હજાર H-1B વિઝામાંથી લગભગ 63 હજાર વિઝા ભારતીય પ્રોફેશનલ્સને મળે છે. બીજા નંબરે ચીનના પ્રોફેશનલ્સ આવે છે.H1Bના વિરોધમાં 'માગા', ઈન્ટરવ્યુ નથી થઈ રહ્યા, ફી પણ 100 ગણી વધીટ્રમ્પના કટ્ટરપંથી માગા સમર્થકો (મેક અમેરિકા ગ્રેટ અગેઈન) H-1B વિઝાના વિરોધી રહ્યા છે. તેમનું માનવું છે કે વિદેશીઓ, ખાસ કરીને ભારતમાંથી આવતા પ્રોફેશનલ્સ, અમેરિકનોની નોકરીઓ છીનવી રહ્યા છે. ટ્રમ્પ પોતાના વોટર બેઝને કારણે આ વિઝાને સતત મુશ્કેલ બનાવી રહ્યા છે.વિઝા સ્ટેમ્પિંગ માટે ભારત આવવું જરૂરી હોય છે.

### મેલોનીના નવા લુકે ભારતીયોનું દિલ જીત્યું

## ઈટાલીના PMએ ઝુમકા પહેર્યા ઈન્સ્ટાગ્રામ પર સેલ્ફી શેર કરી

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની ફરી એકવાર સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. આ વખતે કારણ કોઈ રાજકીય નિવેદન કે આંતરરાષ્ટ્રીય મુદ્દો નથી, પરંતુ તેમની ફેશન સ્ટાઈલ છે. ઈટાલીના વડાપ્રધાન દ્વારા શેર કરવામાં આવેલી તાજેતરની એક સેલ્ફીએ ભારતીય સોશિયલ મીડિયા પર હલચલ મચાવી દીધી છે, કારણ કે તસવીરમાં તેઓ પરંપરાગત ભારતીય ઝુમકા પહેરેલા જોવા મળ્યા હતા. મેલોનીએ તેમના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ સેલ્ફી પોસ્ટ કરી છે, જેમાં તેઓ અત્યંત સંતુલિત



અને ઔપચારિક વિન્ટર લુકમાં જોવા મળ્યા હતા. તેમણે બ્લેઝર પહેર્યું હતું, જેને બેજ નિટ ટોપ સાથે સ્ટાઈલ કરવામાં આવ્યું હતું. તેમનો આખો લુક ક્લાસી અને પોલિશ્ડ દેખાતો હતો, પરંતુ સૌથી વધુ ધ્યાન તેમની એક્સેસરીઝે ખેંચ્યું હતું.તસવીરમાં તેઓ સુંદર પરંપરાગત ઝુમકા પહેરેલા દેખાયા.

## કાશ પટેલ પર બેજવાબદાર વર્તનના આરોપો:FBI ચીફ હોકીના દિવાના છે

### રંગબેરંગી મોજાં અને ભારતમાં સિવેલા સૂટની મિત્રો મજાક ઉડાવતા હતા

• વોશિંગ્ટન

એફબીઆઈ ચીફ તરીકે કાશ પટેલની યાત્રા જેટલી ઝડપથી આગળ વધી, તેમના અંગત શોખ અને વિવાદોએ તેમને એટલી જ ઝડપથી ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધા છે. હવે તેમના પર દારૂ પીવાની ટેવ અને બિનજવાબદારભર્યા વર્તનના ગંભીર આરોપો લાગી રહ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નારાજગીના સમાચારો વચ્ચે તેમને પ્રેસ કોન્ફરન્સ કરીને આ દાવાઓ પર સ્પષ્ટતા કરવી પડી છે. જોકે, વોશિંગ્ટનના રાજકીય ગલિયારામાં કાશ પટેલની ઓળખ એક એવા અધિકારી તરીકેની છે જે નિયમો અને પ્રોટોકોલની કદર કર્યા વિના પોતાની ધૂનમાં રહેવાનું પસંદ કરે છે. પટેલની જીવનશૈલીમાં રંગીન મિજાજી અને વિચિત્ર શોખ હંમેશાથી સામેલ રહ્યા છે.તેમની આ વ્યક્તિત્વનું સૌથી રસપ્રદ પાસું 'કોચ કાશ' વાળી છબી છે. વકીલાત અને સરકારી નોકરીના શરૂઆતના દિવસોમાં તેઓ સ્થાનિક હાઈસ્કૂલની હોકી ટીમને તાલીમ આપતા હતા. ઘણીવાર તેઓ પેન્ટાગોન કે વ્હાઈટ હાઉસની મહત્વપૂર્ણ બેઠકોમાંથી સૂટમાં જ હોકી રિંક પહોંચી જતા હતા.રમત પ્રત્યેની આ જ દીવાનગી હાલમાં મિલાન ઓલિમ્પિક દરમિયાન તેમના માટે મુશ્કેલીનું કારણ બની ગઈ, જ્યારે તેઓ અમેરિકન ટીમના ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓ સાથે બીયર પીતા જોવા મળ્યા. ગર્લફ્રેન્ડ માટે સરકારી વિમાનોના ઉપયોગ પર પણ તેઓ વિરોધીઓના નિશાના પર આવી ચૂક્યા છે.મિયામીમાં જ્યારે તેઓ સરકારી વકીલ હતા, ત્યારે તેમની સાથે કામ કરનારા લોકો આજે પણ તેમની ફેશન સેન્સની મજાક ઉડાવે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# NDPSના બે કેસમાં 3 આરોપીઓને 15 વર્ષની કેદ, વ્યક્તિગત 02 લાખ રૂપિયાનો દંડ

### ત્રણેય દોષિત પાસેથી NCB એ 891 ગ્રામ જેટલું MD ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું




અમદાવાદ :અમદાવાદ સીટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી NDPS ની વિશેષ અદાલતે અમદાવાદ ખાનપુરના રહેવાસી આરોપી શેખ મોહમ્મદ સોહિલ અને શાહપુરના રહેવાસી નદીમ શેખને 06 સાહેદ અને 42 પુરાવા તપાસીને 15 વર્ષની સખત કેદ, તેમજ વ્યક્તિગત 02 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

આરોપી સામે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ વર્ષ 2023 માં NDPS એક્ટ અંતર્ગત ગુન્હો નોંધ્યો હતો. જે મુજબ એજન્સીને બાતમી મળી હતી કે મુંબઈથી અમદાવાદ આવી રહેલી ગુજરાત એક્સપ્રેસના જનરલ ડબ્બામાં મુસાફરી કરતા બંને આરોપીઓ પાસે 500 ગ્રામ જેટલું MD ડ્રગ્સ છે. જેને આધારે કાલુપુર રેલવે સ્ટેશને એજન્સીએ બંને શંકાસ્પદ વ્યક્તિઓને ઝડપી પાડ્યા હતા. જેમાં શેખ મોહમ્મદ સોહેલ અને નદીમ શેક પાસેથી તેઓના આંતરવસ્ત્રોમાં અનુક્રમે 293 અને 211 ગ્રામ જેટલું મળી આવ્યું હતું.બીજો એક કેસ વર્ષ 2022 માં અમદાવાદના વેજલપુર ખાતે રહેત સાજીદ મલેક સામે નોંધાયો હતો. જેને NCB એ જુલાઈ, 2022 માં અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે પાસે આવેલા CTM ટોલ પ્લાઝા પાસેથી 391 ગ્રામ જેટલા MD ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. તેને પણ 15 વર્ષની સખત કેદ અને 02 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો.

# સાયણ રેલ્વે કોલોનીના ઝાડ નીચે મૃત હાલતમાં પડેલ અજાણ્યો પુરૂષ મળ્યો

• ઓલપાડ,તા.૨૭

સાયણ રેલ્વે સ્ટેશનના સુપ્રિટેન્ડટપુષ્કરસિંહ ચંદ્રસિંહ પટવાલે ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરી હતી કે,ગુરૂવાર, તા.૨૬ ના રોજ સાંજે-૫:૪૦ કલાકના સુમારે અમારી રેલ્વે કોલોનીમાં આવેલ સરગવાના ઝાડ ઉપર ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરનો એક અજાણ્યો પુરૂષ સરગવાની સિંગ પાડવા માટે ઝાડ ઉપર ચઢ્યો હતો. આ અજાણ્યો ઈસમ કોઈક કારણોસર અચાનક ઝાડ પરથી નીચે પટકાયો હતો.જેથી તેને સારવાર અર્થે ખસેડવા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી.પરંતુ ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે તેને સ્થળ ઉપર મૃત જાહેર કરેલ છે.

ફરિયાદ

### સસરાની જમાઈ સામે બીજા લગ્નની ફરિયાદ

# પાટણ કોર્ટ બાદ હાઈકોર્ટે જમાઈને નિર્દોષ છોડ્યો, બીજા લગ્ન સાબિત થઈ શક્યા નહીં

### આક્ષેપને સાબિત કરવા માટે ફરિયાદીએ કથિત બીજા લગ્નથી જુલાઈ, 1999માં જન્મેલી દીકરીનો આધાર લીધો હતો



અમદાવાદ : ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું છે કે દ્વિ-પત્નીત્વ ના ફોજદારી કેસમાં, માત્ર સહજીવન અથવા સંતાનના જન્મના આધારે લગ્નની ધારણા કરી શકાય નહીં. કોર્ટે પ્રથમ લગ્ન હયાત હોવા છતાં બીજું લગ્ન કરવાનો આરોપ ધરાવતા એક વ્યક્તિના નિર્દોષ છૂટકારાના આદેશને માન્ય રાખ્યો છે.પત્ની વર્ષ 1996માં તેના પિયર જતી રહીઆ કેસ પાટણની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં વર્ષ 1999માં આરોપીના સસરા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાંથી ઉદભવ્યો હતો. ફરિયાદ મુજબ આરોપીએ 1989માં લગ્ન કર્યા હતા, પરંતુ વૈવાહિક વિવાદો બાદ તેની પત્ની વર્ષ 1996માં તેના પિયર જતી રહી હતી. પતિ ઉપર આક્ષેપ હતો કે પ્રથમ લગ્ન કાયદેસર રીતે અસ્તિત્વમાં હોવા છતાં તેણે 1998માં બીજું લગ્ન કર્યું હતું.

1999માં જન્મેલી દીકરીનો આધાર લીધો હતો આ આક્ષેપને સાબિત કરવા માટે ફરિયાદીએ કથિત બીજા લગ્નથી જુલાઈ, 1999માં જન્મેલી દીકરીનો આધાર લીધો હતો અને બાળકીનું જન્મનું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. બીજા લગ્ન થયા હોવાનો દાવો સાબિત કરવા માટે એક સાક્ષીની પણ તપાસ કરવામાં આવી હતી.

વર્ષ 2006માં પાટણ કોર્ટે આ ફરિયાદને નકારી દીધી હતી. કોર્ટે પ્રથમ દૃષ્ટિએ એવું અવલોકન કર્યું હતું કે આ કેસમાં તેની પાસે પ્રાદેશિક અધિકારક્ષેત્ર નથી. કારણ કે કથિત બીજું લગ્ન આણંદમાં થયું હતું અને યુગલ ત્યાં જ રહેતું હતું. તેમ છતાં ટ્રાયલ કોર્ટે ગુણ-દોષના આધારે મામલાની તપાસ કરી અને નિષ્કર્ષ કાઢ્યો હતો કે બીજું લગ્ન સાબિત થયું નથી. ત્યારબાદ ફરિયાદીએ આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે વિચારણા માટે બે મુદ્દા નક્કી કર્યા હતા કે શું Crpcની કલમો હેઠળ પાટણ કોર્ટ પાસે પ્રાદેશિક અધિકારક્ષેત્ર હતું અને જો ન હોય તો શું કાર્યવાહી રદબાતલ ગણાય?

કથિત બીજું લગ્ન આણંદમાં થયું હતું કોર્ટે ઠેરવ્યું કે પાટણ કોર્ટ પાસે ખરેખર પ્રાદેશિક અધિકારક્ષેત્રનો અભાવ હતો. કારણ કે કથિત બીજું લગ્ન આણંદમાં થયું હતું. યુગલ ત્યાં સાથે રહેતું હતું અને પ્રથમ પત્ની પણ કથિત ગુના પછી કચ્છમાં રહેતી હતી, પાટણમાં નહીં. જો કે કોર્ટે કહ્યું કે આ ક્ષતિથી કાર્યવાહી આપોઆપ રદ થતી નથી. CrPC ની કલમ 462નો ઉલ્લેખ કરતા કોર્ટે જણાવ્યું હતું કે જ્યાં સુધી ન્યાયના પાયામાં કોઈ નિષ્ફળતા ન સાબિત થાય ત્યાં સુધી ખોટા પ્રાદેશિક અધિકારક્ષેત્રમાં હાથ ધરવામાં આવેલી કાર્યવાહી રદબાતલ ઠરતી નથી. આ કેસમાં ન્યાયમાં નિષ્ફળતા મળી હોવાની કોઈ રજૂઆત કે સાબિતી આપવામાં આવી નથી.

દ્વિ-પત્નીત્વના મુખ્ય આરોપ પર હાઈકોર્ટે નોંધ્યું કે ફરિયાદી કાયદેસર રીતે માન્ય બીજું લગ્ન સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. કોર્ટે નોંધ્યું કે પ્રથમ પત્ની સાક્ષી તરીકે હાજર થઈ ન હતી, સસરાની જુબાની સાંભળેલી વાતો પર આધારિત હતી અને કથિત સાક્ષી લગ્ન માટે જરૂરી પાયાની વિધિઓ સાબિત કરી શક્યા ન હતા. જન્મના પ્રમાણપત્રની પુરાવાકીય કિંમત અંગે કોર્ટે કહ્યું હતું કે, જો કે તેને માત્ર એકલાને માન્ય લગ્નના પુરાવા તરીકે ગણી શકાય નહીં. કાયદો સ્થાપિત છે કે માત્ર સહજીવન કે સંતાનના જન્મના આધારે લગ્નની ધારણા કરી શકાય નહીં, ખાસ કરીને ફોજદારી કાર્યવાહીમાં જ્યાં શંકાથી પરે સખત પુરાવા આપવા જરૂરી હોય છે.

### જપ્ત કરાયેલી પેનોની વિશેષતા અને કિંમત

# એરપોર્ટ પર મોંઘીદાટ બ્રાન્ડની પેનનો જથ્થો ઝડપાયો, એક પેનની સરેરાશ કિંમત રૂ. 2 લાખ

પેનનો જથ્થો

### મુસાફરે આ કિંમતી પેન જાહેર કર્યા વગર કસ્ટમ્સ ડ્યુટી ચૂકવ્યા વિના લઈ જવાનો પ્રયાસ કર્યો હતો



અમદાવાદ : અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. 26મી એપ્રિલ 2026ના રોજ જાપાનથી આવેલા એક મુસાફર પાસેથી ઉચ્ચ ગુણવત્તાની 61 ડિઝાઈનર ઈંક પેન જપ્ત કરવામાં આવી છે. મુસાફરે આ કિંમતી પેન જાહેર કર્યા વગર કસ્ટમ્સ ડ્યુટી ચૂકવ્યા વિના લઈ જવાનો પ્રયાસ કર્યો હતો.

કસ્ટમ્સ વિભાગના જણાવ્યા અનુસાર, પકડાયેલી પેનોની ચોક્કસ કિંમતનું મૂલ્યાંકન હજુ ચાલી રહ્યું છે, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ આ પેનોની કુલ કિંમત આશરે 30 લાખ રૂપિયા હોઈ શકે છે. આ મામલે કસ્ટમ્સ એક્ટ, 1962 હેઠળ કાર્યવાહી હાથ ધરી મુસાફરની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઝડપાયેલા જથ્થામાં વિશ્વની સૌથી મોંઘી અને લિમિટેડ એડિશન પેનનો સમાવેશ થાય છે.

વિસ્કોન્ટી હોમો સેપિયન્સ લંડન ફોગ: આ પેન વિશ્વમાં માત્ર 888 પીસ જ બનેલી છે. જેની કિંમત 80 હજારથી એક લાખ રૂપિયાની આસપાસ છે. તે 23k પેલેડિયમ નિબ અને સ્ટર્લિંગ સિલ્વરથી બનેલી હોય છે.મોં બ્લા માસ્ટરસ્ટુક લે-ગ્રાન્ડ: 925 સ્ટર્લિંગ સિલ્વર બોડી પર 18K સોનાનો ઢોળ ચડાવેલી આ પેન કલેક્ટર્સ માટે દુર્લભ ગણાય છે. બજારમાં તેની કિંમત 1 લાખથી 2.50 લાખ રૂપિયા સુધીની છે.નાકાયા સાકુરા (લિમિટેડ એડિશન): એબોનાઈટમાંથી બનેલી આ પેન પર હાથથી 'માકી-એ' કળા દ્વારા ડિઝાઈન કરવામાં આવે છે. તેની કિંમત 80 હજારથી 2 લાખ રૂપિયાની વચ્ચે હોય છે.પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન: વર્ષ 1927ની પીળા રંગ માટે પ્રખ્યાત પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન યલો પેન ઉચ્ચ ગુણવત્તાવાળા એક્રેલિક રેઝિન અને 18K સોનાની નિબથી બનેલી છે. આ આઈકોનિક પેનની કિંમત અંદાજે 50,000થી 90,000 રૂપિયાની વચ્ચે હોય છે. તેનો ઉપયોગ મુખ્યત્વે પેન કલેક્ટર્સ અને ઉચ્ચ કક્ષાના પ્રોફેશનલ્સ દ્વારા એક કિંમતી સંગ્રહ અને સ્ટેટસ સિમ્બોલ તરીકે કરવામાં આવે છે.સ્ટેટસ સિમ્બોલ અને કલેક્ટર્સ આઈટમઆ પ્રકારની પેન સામાન્ય રીતે ઉચ્ચ અધિકારીઓ, મોટા ઉદ્યોગપતિઓ અને પેન કલેક્ટર્સ દ્વારા 'સ્ટેટસ સિમ્બોલ' તરીકે વાપરવામાં આવે છે. કસ્ટમ્સ વિભાગ હવે એ તપાસ કરી રહ્યું છે કે આટલી મોટી સંખ્યામાં કિંમતી પેન લાવવા પાછળનો હેતુ શું હતો અને આ કોઈ મોટા સ્મગલિંગ નેટવર્કનો ભાગ છે કે કેમ.

# લોકશાહીના પર્વમાં આભ ફાટ્યું: મત આપ્યા બાદ વૃદ્ધનું હાર્ટ એટેકથી મોત, આકરી ગરમી વચ્ચે મતદાન ચાલુ

### રાજ્યમાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે

• અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ



રાજ્યમાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે. એક તરફ મતદારોમાં ઉત્સાહ છે, તો બીજી તરફ ગરમીનો પારો અને એક દુઃખદ ઘટનાએ સૌને સ્તબ્ધ કરી દીધા છે. રાજ્યની ૧૦ હજાર બેઠકો માટે ૨૫ હજારથી વધુ ઉમેદવારોનું ભાગ્ય આજે EVM માં કેદ થઈ રહ્યું છે.

મતદાન બાદ કરૂણ અંત

આજના મતદાનના સૌથી દુઃખદ સમાચાર [વિસ્તારનું નામ] થી આવ્યા છે. લોકશાહી પ્રત્યેની પોતાની ફરજ નિભાવીને જેવું EVM નું બટન દબાવ્યું, તેના ગણતરીની મિનિટોમાં જ એક વૃદ્ધ મતદારને હાર્ટ એટેક આવ્યો હતો. ઘટનાસ્થળે જ તેમનું નિધન થતા 'મત પછી મોત' જેવી કરૂણ સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાને પગલે મતદાન મથક પર ગમગીની છવાઈ ગઈ હતી.

તાપમાનનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચશે: ૧ વાગ્યા સુધી ૨૬% મતદાન

ચૂંટણી પંચના આંકડા મુજબ, સવારથી મતદારોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. બપોરે ૧ વાગ્યા સુધીમાં રાજ્યમાં સરેરાશ ૨૬% મતદાન નોંધાયું છે. જોકે, હવામાન વિભાગની આગાહી મુજબ આજે બપોરે તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. આ કાળઝાળ ગરમીની અસર મતદાન પર જોવા મળી શકે છે, જેના કારણે લોકો સવારના સમયે વધુ સંખ્યામાં બહાર નીકળ્યા હતા.

ચૂંટણીનું ગણિત: એક નજર

* કુલ બેઠકો: ૧૦,૦૦૦ (અંદાજિત)
* મેદાનમાં ઉમેદવારો: ૨૫,૦૦૦ થી વધુ
* ગત વખતનો ઈતિહાસ: છેલ્લે ૬ મનપાનું મતદાન ૨૧ ફેબ્રુઆરીએ અને પંચાયતોનું ૨૩ ફેબ્રુઆરીએ થયું હતું. આ વખતે તમામ સ્તરે રસાકસીભર્યો જંગ જોવા મળી રહ્યો છે.

તંત્ર સજ્જ, પણ ગરમી પડકારરૂપ

વહીવટી તંત્ર દ્વારા મતદાન મથકો પર પીવાના પાણી અને છાંયડાની વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત છે. પરંતુ ૪૪ ડિગ્રીની હીટવેવ વચ્ચે બાકીના કલાકોમાં કેટલું મતદાન થશે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# 3 મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલવાયો: ડેપોમાં મુસાફરોના ફોન ચોરતો ઝારખંડનો શખસ ઝડપાયો



ગાંધીનગર : પથિકાશ્રમ એસ.ટી. બસ ડેપોમાં મુસાફરોની ભીડનો લાભ ઉઠાવી મોબાઈલ ફોનની ચોરી કરતા એક રીઢા તસ્કરને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. પોલીસની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવીને સુરતની ઝુંપડપટ્ટીમાં રહેતા અને મૂળ ઝારખંડના 20 વર્ષીય યુવકને શંકાસ્પદ હાલતમાં પકડ્યો હતો. પોલીસે જ્યારે આ શખ્સની તલાશી લીધી ત્યારે તેની પાસેથી 10,000ની કિંમતના બે મોબાઈલ ફોન (રેડમી અને વિવો કંપનીના) મળી આવ્યા હતા. પોલીસની કડક પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે તેણે અગાઉ પણ આ જ ડેપોમાંથી બે અલગ-અલગ તારીખે મુસાફરોના કિંમતી આઈફોનની ચોરી કરી હતી. આ સાથે જ મોબાઈલ ચોરીના કુલ ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

પકડાયેલ આરોપી રીઢો ગુનેગાર હોવાનું સામે આવ્યું છે. તેની સામે અગાઉ વલસાડ અને વાપી રેલ્વે પોલીસ સ્ટેશનમાં પણ ચોરીના છ થી વધુ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલમાં આ ચોરીમાં તેની સાથે સામેલ અન્ય એક સાગરીતને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# નાપાડવાલે બાપુ ફાઉન્ડેશન દ્વારા પ્રથમ સમૂહ લગ્નનું ભવ્ય આયોજન: 7 યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા

નાપાડવાલે બાપુ ફાઉન્ડેશન દ્વારા છેલા શેઠ પાર્ટી પ્લોટ ખાતે પીરે તરિક્ત હઝરત સૈયદ કમાલુદ્દીન રિફાઈ બાવા સાહેબની અધ્યક્ષતામાં પ્રથમ સમૂહ લગ્નનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 7 નવદંપતીઓએ નિકાહના પવિત્ર બંધનમાં બંધાઈ નવા જીવનની શરૂઆત કરી હતી.ગુજરાત મુસ્લિમ મંચના અધ્યક્ષ ઈમ્તિયાઝ ખાન પઠાણે નવદંપતીઓને આશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, સમૂહ લગ્ન એ સામાજિક સમાનતા લાવવાનું અને ગરીબ-મધ્યમ પરિવારોને દેવાના ડુંગર નીચે દબાતા અટકાવવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. ફાઉન્ડેશનના સરપરસ્ત સૈયદ હસનઅલી નાપાડવાલે બાપુએ આ આયોજન પાછળનો મુખ્ય હેતુ દેખા-દેખી, કુરિવાજોની નાબૂદી અને સામાજિક એકતા હોવાનું જણાવ્યું હતું.સમૂહ લગ્ન દ્વારા જમણવાર, ડેકોરેશન અને બેન્ડવાજા પાછળ થતા બિનજરૂરી ખર્ચાઓ ટાળી શકાય છે, જે આજના આધુનિક યુગમાં સમાજ સુધારણાનું પવિત્ર કાર્ય છે. ફાઉન્ડેશનના પ્રમુખ જાવેદભાઈ શેખ અને એમ.ડી. હસનઅલી બાપુએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.આ અવસરે રોહાન કાદરી બાવા, નસરુદ્દીન રાઠોડ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં નિયુક્ત થયેલા નસરુદ્દીન રાઠોડનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉવેશ રઝા કાદરીએ 'દુલ્હે કા સેહરા' રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. અંતમાં પીરે તરિક્ત હઝરત સૈયદ કમાલુદ્દીન રિફાઈ બાવા સાહેબે દુઆ ગુજારી હતી અને તમામ વોલેન્ટિયર્સ તથા દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ડીપીઆર તૈયાર કરવા કવાયત

# અમદાવાદ-ગોધરા વચ્ચે 120 કિ.મી. સિક્સ લેન ગ્રીન ફિલ્ડ હાઈવે બનશે, એક્સપ્રેસ વે સાથે કનેક્ટિવિટી વધશે



અમદાવાદ શહેરને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડવા માટે અમદાવાદ-ગોધરા વચ્ચે સિક્સ લેન ગ્રીન ફિલ્ડ હાઈવે બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જેના માટે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ડીપીઆર તૈયાર કરાઈ રહ્યો છે. અમદાવાદથી ગોધરા સુધી આશરે 120 કિલોમીટરની લંબાઈનો ગ્રીન ફિલ્ડ હાઈવે બનાવવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ડીપીઆર એટલે કે ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યાનુસાર 60 મીટર પહોળાઈના રાઈટ ઓફ વે સાથેના આ હાઈવેનું આયોજન થઈ રહ્યું છે.જેથી ભવિષ્યમાં ટ્રાફિક વધે તો આ હાઈવેને 8 લેન સુધી વિસ્તારી શકાય. હાલમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર મુસાફરી કરતા વાહન ચાલકોએ ગોધરાથી અમદાવાદ તરફ આવવા માટે વડોદરા સુધીલાંબા થવું પડે છે. જ્યાંથી અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર જવું પડે છે. તેના બદલે આ નવા સૂચિત હાઈવે દ્વારા ગોધરાથી વાહન ચાલકો સીધા જ અમદાવાદ આવી શકશે.ગ્રીન ફિલ્ડ હાઈવે કોને કહેવાય? ગ્રીન ફિલ્ડ હાઈવે નામ સાંભળીને પહેલી નજરે બધાને એવું લાગે કે આવા માર્ગ પર વધારે પડતા વૃક્ષો અને હરિયાળી હશે! પરંતુ એવું નથી. ખાલી જમીન પર સંપૂર્ણ નવો રસ્તો બનાવવામાં આવે તેને ગ્રીન ફિલ્ડ હાઈવે કહેવામાં આવે છે. મોટાભાગે જૂના રસ્તાને પહોળા કરીને નવા હાઈવે બનાવવામાં આવતા હોય છે. 120 કિમી સુધીની ઝડપે વાહનો દોડાવી શકાય તેવી રીતે ગ્રીન ફિલ્ડ હાઈવે ડિઝાઈન થાય છે. ગામ અને શહેરોને બાયપાસ કરીને રસ્તો તૈયાર થાય છે. જેથી મુસાફરી દરમિયાન વાહન ચાલકોએ કોઈ અવરોધનો સામનો કરવો પડે નહીં.

# કન્હૈયા કુમારનો ભાજપ પર બ્રહ્માસ્ત્ર જેવો પ્રહાર: 'કાં તો જેલમાં જાઓ, કાં તો ભાજપમાં આવો'

### કોંગ્રેસ નેતાના આકરા પ્રહારથી રાજકારણ ગરમાયું; કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગ મુદ્દે સરકારને ઘેરી.

• નવી દિલ્હી

દેશના રાજકીય માહોલમાં ગરમાવો લાવતા કોંગ્રેસના ફાયરબ્રાન્ડ નેતા કન્હૈયા કુમારે ભારતીય જનતા પાર્ટી પર અત્યાર સુધીનો સૌથી મોટો અને સીધો હુમલો કર્યો છે. એક જાહેર સભાને સંબોધતા કન્હૈયાએ કેન્દ્ર સરકારની નીતિઓ પર નિશાન સાધતા કહ્યું કે, વર્તમાન સમયમાં વિપક્ષી નેતાઓ પાસે માત્ર બે જ વિકલ્પો બચ્યા છે: 'કાં તો જેલ જવા તૈયાર રહો, અથવા ભાજપમાં જોડાઈને પવિત્ર થઈ જાઓ.'

એજન્સીઓને બનાવ્યું હથિયાર?

કન્હૈયા કુમારે આક્ષેપ કર્યો હતો કે ભાજપ સરકાર ED, CBI અને ઈન્કમ ટેક્સ જેવી તપાસ એજન્સીઓનો ઉપયોગ લોકશાહીને દબાવવા માટે કરી રહી છે. તેમણે કટાક્ષ કરતા જણાવ્યું કે, જે નેતાઓ વિરુદ્ધ ભાજપ ગંભીર ભ્રષ્ટાચારના આરોપો લગાવતું હતું, તેઓ જેવા ભાજપમાં જોડાય છે કે તરત જ તેમની તપાસ અટકી જાય છે અને તેઓ 'વોશિંગ મશીન'માં ધોવાઈને સાફ થઈ જાય છે.

લોકશાહી જોખમમાં હોવાનો દાવો:

'પાક્કો ગુજરાત' સાથેની ખાસ વાતચીતમાં કન્હૈયાએ ઉમેર્યું કે આ લડાઈ હવે માત્ર સત્તાની નથી, પરંતુ દેશના બંધારણને બચાવવાની છે. તેમણે કહ્યું કે વિપક્ષના અવાજને ડરાવી-ધમકાવીને દબાવવો એ તંદુરસ્ત લોકશાહી માટે ખતરારૂપ છે. જનતા બધું જોઈ રહી છે અને યોગ્ય સમયે તેનો જવાબ આપશે.

ભાજપનો પલટવાર:

બીજી તરફ, ભાજપે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. ભાજપના નેતાઓએ વળતો પ્રહાર કરતા કહ્યું કે જેણે ચોરી કરી છે તેણે જેલ જવું જ પડશે, કાયદો પોતાનું કામ કરી રહ્યો છે અને તેમાં કોઈ પણ પ્રકારની રાજકીય દખલગીરી નથી.

# વાવ - થરાદમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું

• (અહેવાલ : રાજેશભાઈ જોષી થરાદ)

વાવ - થરાદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા આજે અત્યંત શાંતિપૂર્ણ અને ઉત્સાહજનક વાતાવરણમાં સંપન્ન થઈ છે. ઉનાળાની ગરમીની વચ્ચે વહેલી સવારથી જ જિલ્લાના વિવિધ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી, જેમાં યુવાનોથી લઈને વૃદ્ધોએ મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના આ પર્વને વધાવ્યો હતો.

ચૂંટણી પ્રક્રિયાને ન્યાયી અને પારદર્શી બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દરેક બૂથ પર પીવાના પાણી, છાંયડો અને વૃદ્ધો માટે વ્હીલચેર જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેથી મતદારોને કોઈ અગવડ ન પડે. ચૂંટણી ફરજ પરના કર્મચારીઓએ પણ ખંતપૂર્વક પોતાની જવાબદારી નિભાવી મતદાન પ્રક્રિયાને સુગમ બનાવી હતી.

**ખાખી દેવદૂત**

### પતિએ વીડિયો કોલ કરીને પણ મનાવવાનો પ્રયાસ કર્યો

# રાયપુર કેનાલમાં ત્રણ સંતાનો સાથે કૂદવા જતા પિતા માટે ખાખી દેવદૂત બની, ડભોડા પોલીસે ચાર જીવ ઉગાર્યા

### ગાંધીનગરના રાયપુર કેનાલ નજીક ગત મોડી રાત્રે એક કાળજું કંપાવનારી ઘટના બનતા અટકી હતી

ગાંધીનગર : ગાંધીનગરના રાયપુર કેનાલ નજીક ગત મોડી રાત્રે એક કાળજું કંપાવનારી ઘટના બનતા અટકી હતી. પત્ની સાથેના કૌટુંબિક ઝઘડા બાદ હતાશામાં આવી પોતાના ત્રણ નિર્દોષ ભૂલકાંઓ સાથે મોતને વહાલું કરવા પહોંચેલા એક પિતાને ડભોડા પોલીસની સતર્કતાએ બચાવી લીધા હતા. પોલીસે સમયસૂચકતા વાપરીને દેવદૂતની ભૂમિકા ભજવી ચાર જીવ ઉગારી લઈ એક હસતા-રમતા પરિવારને વિખેરાતા બચાવી લીધો હતો.




પત્નીને મનાવવા છતાં ઘરે પરત આવવા તૈયાર નહોતી દહેગામના એક ગામમાં રહેતા 29 વર્ષીય યુવકને ઘરકંકાસને કારણે માઠું લાગી આવ્યું હતું. સામાન્ય બોલાચાલી બાદ પત્ની રિસાઈને નારોલ સ્થિત પિયર ચાલી ગઈ હતી. યુવકે અને તેના પિતાએ પત્નીને મનાવવા માટે રાત-દિવસ એક કર્યા હોવા છતાં પત્ની પરત ફરવા તૈયાર નહોતી. આ જીદને કારણે યુવક માનસિક રીતે ભાંગી પડ્યો હતો અને અંતે જિંદગી ટૂંકાવવાનો નિર્ણય લઈ ત્રણ સંતાનો સાથે ઘરેથી નીકળી ગયો હતો.

ગત રાત્રે અઢી વાગ્યે જ્યારે સમગ્ર પંથક ઘોર નિદ્રામાં હતો ત્યારે યુવક પોતાના 11, 9 અને 5 વર્ષના ત્રણ સંતાનોને લઈને રાયપુર વિરાતલવાડી કેનાલ પર પહોંચી ગયો હતો. જોકે, કેનાલમાં કૂદતા પહેલા તેણે પત્નીને છેલ્લીવાર વીડિયો કોલ કરીને મનાવવાનો આખરી પ્રયાસ કર્યો હતો. વીડિયો કોલ ચાલુ રાખી યુવક પોતાની પત્નીને આજીજી કરી રહ્યો હતો કે, જો તે પાછી નહીં આવે તો તે બાળકો સાથે પાણીમાં ગરકાવ થઈ જશે.

એક પિતા તેના ત્રણ ડરેલા બાળકો સાથે મોતને ભેટવાની તૈયારીમાં હતો જોકે, પતિ સંતાનો સાથે અડધી રાતે કેનાલ જઈને વીડિયો કોલ કરીને આજીજી કરી રહ્યા છતાં માસુમ બાળકોને જોઈને પણ પત્ની ટસની મસ થઈ ન હતી. બરાબર એ જ સમયે ડભોડા પોલીસ મથકના પીઆઈ અનિલ ચૌહાણની સૂચના મુજબ PCR વાનમાં કોન્સ્ટેબલ અજીતસિંહ અને હેડ કોન્સ્ટેબલ ભાવિકકુમાર કેનાલ વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રાત્રિના અંધારામાં કેનાલ કિનારે મોબાઈલની લાઈટનું અજવાળું જોઈને પબંને ચોંકી ઉઠ્યા હતા. કોઈ ગડબડ હોવાનો અંદાજો આવી જતા કોન્સ્ટેબલ અજીતસિંહ અને હેડ કોન્સ્ટેબલ ભાવિકકુમારે તાત્કાલિક ગાડી ઊભી રાખી તપાસ કરી તો ત્યાંનો નજારો જોઈને તેઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. એક પિતા તેના ત્રણ ડરેલા બાળકો સાથે મોતને ભેટવાની તૈયારીમાં હતો.બંને પક્ષે પારિવારિક સમાધાન કરાવી હેમખેમ ઘરે મોકલી આપ્યા એ જ ઘડીએ પોલીસે સમયસૂચકતા વાપરી તુરંત જ યુવકને વિશ્વાસમાં લીધો અને તેને પગલું ભરતા અટકાવ્યો હતો. ચારેય જીવ બચાવી લીધા બાદ પોલીસે જાણ્યું કે, આ બાળકો આખી રાતથી ભૂખ્યા હતા. મધરાતે કોઈ સુવિધા ન હોવા છતાં પોલીસે માનવતા દાખવી રાયપુર સ્ટેન્ડ પાસે એક દુકાનદારને જગાડ્યો હતો અને ત્રણેય બાળકો તેમજ પિતાને નાસ્તો કરાવીને તેમનામાં હિંમત જગાડી હતી. બાદમાં પોલીસે યુવકની પત્ની સાથે ટેલીફોનીક વાતચીત કરીને કેનાલે બોલાવી લીધી હતી. એ દરમિયાન યુવકના પિતા પણ ત્યાં પહોંચી ગયા હતા. બાદમાં બંને પક્ષે પારિવારિક સમાધાન કરાવી યુવક અને ત્રણેય સંતાનોને હેમખેમ ઘરે મોકલી આપ્યા હતા. આમ ખાખી વર્દી પાછળ રહેલી આ માનવતાની સુવાસ આજે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ફેલાઈ છે.

### પીઠીના રંગે રંગાયેલા વરરાજાએ પાડ્યો મત

# લગ્નના માંડવે જતાં પહેલાં લોકશાહીની ફરજ: ડભોઈમાં પીઠી ચોળેલી હાલતમાં વરરાજા પહોંચ્યા મતદાન મથકે!

**લોકશાહીની ફરજ** ડભોઇના વોર્ડ નંબર 9 ના રહેવાસી રવિ કુમાર વિજયભાઈ ભાટીયાના આજે લગ્ન છે

• ડભોઇ | પ્રતિનિધિ

ડભોઈ નગરપાલિકાની ચૂંટણીમાં આજે લોકશાહીનો એક અનોખો રંગ જોવા મળ્યો હતો. ડભોઈના વોર્ડ નંબર 9 માં એક એવો નજારો જોવા મળ્યો કે ત્યાં હાજર ચૂંટણી કર્મચારીઓથી લઈને મતદારો પણ અભિભૂત થઈ ગયા હતા. લગ્નની વિધિઓ અને પીઠીના રંગો વચ્ચે એક યુવાને સાબિત કરી દીધું કે તેના માટે અંગત ખુશીઓ કરતાં દેશની અને લોકશાહીની ફરજ સર્વોપરી છે.



ડભોઈના વોર્ડ નંબર 9 ના રહેવાસી રવિ કુમાર વિજયભાઈ ભાટીયાના આજે લગ્ન છે. ઘરમાં મંગળ ગીતો ગવાઈ રહ્યા હતા, પીઠી ચોળવાની વિધિ પૂર્ણ થઈ હતી અને જાન જોડવાની તૈયારીઓ ચાલી રહી હતી. પરંતુ રવિના મનમાં કંઈક અલગ જ ચાલી રહ્યું હતું. લગ્ન મંડપમાં પગ મૂકતા પહેલાં તેણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું.

તે પીઠી ચોળેલી હાલતમાં જ સીધો ડભોઈની આદર્શ માધ્યમિક શાળા-પટેલ વાડી ખાતેના મતદાન મથક પર પહોંચ્યો હતો. લગ્નના વસ્ત્રો અને પીઠીના નિશાન સાથે વરરાજાને મતદાન મથકે જોઈને લાઈનમાં ઉભેલા અન્ય મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

'પહેલા મતદાન, પછી કન્યાદાન': રવિ ભાટીયાનો સંદેશ

મતદાન કર્યા બાદ રવિએ સોશિયલ મીડિયા અને મીડિયા માધ્યમો દ્વારા યુવાનોને એક મજબૂત સંદેશ આપ્યો હતો.'મતદાન કરવું એ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે. લગ્ન એ જીવનનો સૌથી મહત્વનો પ્રસંગ છે, પણ લોકશાહી પ્રત્યેની જવાબદારી પણ એટલી જ મોટી છે. મેં નક્કી કર્યું હતું કે પહેલાં મતદાન કરીશ અને પછી જ લગ્નના ફેરા ફરીશ.'

મતદાન મથક પર હાજર અધિકારીઓએ પણ રવિની આ દેશભક્તિ અને જાગૃતિને વધાવી લીધી હતી. સામાન્ય રીતે લોકો રજાના દિવસે કે ઘરના પ્રસંગોમાં મતદાન કરવાનું ટાળતા હોય છે, ત્યારે રવિ ભાટીયાએ એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. જાગૃત નાગરિક તરીકે તેણે સાબિત કર્યું કે "પહેલા મતદાન, પછી અન્ય કામ" એ માત્ર સૂત્ર નથી, પણ પાળવા જેવી જવાબદારી છે.

યુવા પેઢી માટે પ્રેરણા સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં રવિની આ પહેલ ડભોઈ પંથકમાં ચર્ચાનો વિષય બની છે. તેની આ જાગૃતિને લીધે અન્ય યુવાનો પણ મોટી સંખ્યામાં મતદાન કરવા પ્રેરાયા હતા. આ ઘટના સાબિત કરે છે કે જો યુવા પેઢી આટલી જાગૃત હશે, તો ભારતનું ભવિષ્ય અને લોકશાહી બંને સુરક્ષિત છે.

# એરપોર્ટ 6.82 કિલો હેરોઈન દાણચોરી કેસ તમિલનાડુથી પનીરસેલ્વમ સિંગારાવેલુની ધરપકડ

### દાણચોરી સિન્ડિકેટ સાથે વધુ વ્યક્તિઓની સંડોવણીનો ઘટસ્ફોટ

અમદાવાદ : અમદાવાદ કસ્ટમ્સ અને ડીઆરઆઈ (DRI) એ એક સંયુક્ત કાર્યવાહીમાં, 10 ફેબ્રુઆરીના રોજ અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયેલા 6.82 કિલો હેરોઈન કેસના મુખ્ય કાવતરાખોર પનીરસેલ્વમ સિંગારાવેલુની 24 એપ્રિલે તમિલનાડુના કુડ્ડલોરથી ધરપકડ કરી છે. 'ઓપરેશન ઈગલ ટ્રેપ' હેઠળ હાથ ધરાયેલી આ તપાસનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દાણચોરી સિન્ડિકેટના મૂળ સુધી પહોંચવાનો છે.



અમદાવાદ એરપોર્ટ પર અગાઉ જપ્ત કરાયેલા હેરોઈન અને ગાંજાના જથ્થાના સંદર્ભમાં કસ્ટમ્સ વિભાગ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન ગુપ્ત બાતમી મળી હતી કે દાણચોરી રેકેટનો મુખ્ય આરોપી તમિલનાડુમાં છુપાયેલો છે. આ માહિતીના આધારે અમદાવાદ કસ્ટમ્સ, ડીઆરઆઈ અને કુડ્ડલોર કસ્ટમ્સ ડિવિઝનના અધિકારીઓએ સંયુક્ત રીતે 'ઓપરેશન ઈગલ ટ્રેપ' હાથ ધર્યું હતું. આ ઓપરેશન દ્વારા 24મી એપ્રિલે 46 વર્ષીય પનીરસેલ્વમ સિંગારાવેલુને કુડ્ડલોર જિલ્લામાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો.ધરપકડ બાદ આરોપીને સ્થાનિક કુડ્ડલોર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે તેના ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કર્યા હતા.ત્યારબાદ, 25 એપ્રિલે કસ્ટમ્સની ટીમ આરોપીને વધુ તપાસ માટે અમદાવાદ લઈ આવી હતી. અમદાવાદમાં થયેલી સઘન પૂછપરછ દરમિયાન આરોપીએ આ સિન્ડિકેટમાં સામેલ અન્ય વ્યક્તિઓના નામ અને તેમની ભૂમિકા અંગે મહત્વના ખુલાસા કર્યા છે.અમદાવાદની કોર્ટે આરોપીને ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો છે. કસ્ટમ્સ વિભાગ હાલ આ રેકેટમાં સામેલ અન્ય તમામ કાવતરાખોરોને ઓળખવા અને આ આખા નેટવર્કને તોડી પાડવા માટે વધુ તપાસ ચલાવી રહ્યું છે.

# અસહ્ય ગરમી પણ મતદારોનો ઉત્સાહ ન ઓગાળી શકી નર્મદામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારે મતદાન

### સવારના પ્રથમ ચાર કલાકમાં જિલ્લા પંચાયતમાં 29.98% અને નગરપાલિકામાં 26.18% મતદાન નોંધાયું હતું

• રાજપીપલા | દીપક જગતાપ

નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પરંપરાગત રીતે આ વખતે પણ મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જિલ્લા પંચાયતની 22, તાલુકા પંચાયતની 102 અને રાજપીપલા નગરપાલિકાની 26 બેઠકો માટે સવારથી જ મતદાન મથકો પર લાંબી કતારો લાગી હતી.સવારના પ્રથમ ચાર કલાકમાં જિલ્લા પંચાયતમાં 29.98% અને નગરપાલિકામાં 26.18% મતદાન નોંધાયું હતું. બપોરે ગરમી વધતા પ્રક્રિયા ધીમી પડી હતી, પરંતુ 4 વાગ્યા પછી ફરી વેગ પકડ્યો હતો. ખાસ કરીને ગામડાઓમાં ગરમીની પરવા કર્યા વગર આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ બોગજ ગામે અને નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે ટેકરા ફળીયા ખાતે પરિવાર સાથે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.



તંત્રની બેદરકારી સામે રોષ: રાજપીપલાના વોર્ડ નં. 6 માં દિવ્યાંગો માટે વ્યવસ્થાના અભાવે એક યુવકને ખુરશી સાથે ઊંચકીને મતદાન કરાવવું પડ્યું હતું, જે બાબતે તંત્ર સામે રોષ જોવા મળ્યો હતો. બીજી તરફ, હેતવી ધોળિયા જેવા ફર્સ્ટ ટાઈમ વોટર્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્ષ 2021માં પણ નર્મદામાં રેકોર્ડબ્રેક 79.02% મતદાન થયું હતું. હવે તમામની નજર 28મી તારીખે થનારી મતગણતરી પર છે, જેના પરિણામ સાંજ સુધીમાં સ્પષ્ટ થશે.

# ડેડીયાપાડાના દુથર ગામના ગ્રામજનોએ મતદાનનો કર્યો બહિષ્કાર



• રાજપીપલા, તા 26

નર્મદા જિલ્લાના ડેડીયાપાડાના દુથર ગામના ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો.ગ્રામજનોની માંગ હતી કે ફુલસર-દુથર રોડ બનાવવો.અભયારણ્ય વિસ્તાર હેઠળ વિસ્તાર હોય વાઈલ્ડલાઈફ ક્લિયરન્સ ન હોવાના કારણે વન વિભાગે કામ અટકાવ્યું હતું.એ માટે દુથર ગામના 157 મતદારોએ બહિષ્કારનું શસ્ત્ર ઉગામ્યુ હતું. આ બહિષ્કાર ને કારણે દુથર ગ્રામવાસીઓ સમજાવટ માટે RFO અને નાયબ કાર્યપાલક ઈજનેર ગામમાં પહોંચ્યા હતાં અંતે, ધારાસભ્ય ચૈતર વસાવાએ સમજાવટ કરી અને અધિકારીઓએ લેખિત માં બાંહેધરી આપતા બપોરે 12.30 પછી મતદાન શરૂ થયું હતું

તસવીર :દીપક જગતાપ, રાજપીપલા

### ઉનાળાની ઋતુને ધ્યાને રાખીને દરેક મતદાન મથકે મતદારો માટે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી

# વાવ-થરાદ જિલ્લામાં મતદાન મથકો પર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી

• અહેવાલ : રાજેશભાઈ જોષી - થરાદ

વાવ-થરાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ગતરોજ યોજાયેલ ચૂંટણી પ્રક્રિયાને અનુલક્ષીને મતદારોને સુરક્ષિત, સુવિધાસભર અને આરોગ્યલક્ષી વાતાવરણ ઉપલબ્ધ થાય તે હેતુસર વ્યાપક આયોજન કરવામાં આવ્યું હતું.

CDHO ડો. ઘનશ્યામ ગઢવી, RCHO, QAMO ના માર્ગદર્શન હેઠળ તેમજ જિલ્લાના તમામ THO ઓ ના સંકલન અને દેખરેખમાં જિલ્લાના તમામ મતદાન મથકો પર જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી હતી.



ઉનાળાની ઋતુને ધ્યાને રાખીને દરેક મતદાન મથકે મતદારો માટે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, તડકાથી રક્ષણ માટે મંડપ તથા છાંયડાની સુવિધા ઉભી કરવામાં આવી હતી. ખાસ કરીને દિવ્યાંગ મતદારોને સરળતાથી મતદાન કરી શકે તે માટે સમગ્ર જિલ્લામાં વ્હીલચેરની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આરોગ્યની દૃષ્ટિએ પણ વિશેષ તકેદારી રાખી જિલ્લા નોડલ અધિકારી(આરોગ્ય) ડો. ભરત મનવર દ્વારા ચૂંટણી દરમિયાન ઈમરજન્સી આરોગ્ય સેવાઓ સમયસર મળી રહે તે માટે સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં કુલ 864 મતદાન મથકો માટે 864 મેડિકલ ટીમો જરૂરી દવાઓ સાથે તૈનાત રાખવામાં આવી હતી. ઉપરાંત તમામ બૂથો પર કુલ 40,000 ORS પેકેટો ની વ્યવસ્થા કરવામાં આવી હતી. જિલ્લામાં 108 સેવા ઉપરાંત 41 એમ્બ્યુલન્સો પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી.

આ ઉપરાંત તમામ તાલુકાના રિસીવિંગ તથા ડિસ્પેચિંગ સેન્ટરો પર પણ મેડિકલ ટીમોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આરોગ્ય સેવાઓ ઉપર CDHO ડો. ઘનશ્યામ ગઢવી દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી હતી.

વાવ-થરાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ચૂંટણી કામગીરીમાં જોડાયેલા તમામ અધિકારીઓ, કર્મચારીઓ તથા મેડિકલ ટીમોના સમર્પિત પ્રયાસોથી સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

# નર્મદા જિલ્લાનો મલાજો અડીખમ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં નોંધાયું 'બમ્પર' વોટિંગ

### સાગબારા તાલુકા પંચાયત 87.14% સાથે મોખરે; સમગ્ર રાજ્યમાં નર્મદા જિલ્લા પંચાયતે ફરી જાળવ્યો સૌથી વધુ મતદાનનો રેકોર્ડ

• [રાજપીપલા: દીપક જગતાપ]

લોકશાહીના મહાપર્વમાં નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તારોએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જાગૃતિ કોને કહેવાય! આજે સવારે 7 થી સાંજે 6 વાગ્યા સુધી ચાલેલી મતદાન પ્રક્રિયામાં નર્મદા જિલ્લામાં 'બમ્પર' વોટિંગ નોંધાયું છે. રાજ્યમાં અન્ય સ્થળોએ ગરમીની અસર જોવા મળી, પરંતુ નર્મદા જિલ્લામાં મતદારોનો ઉત્સાહ આસમાને હતો.

સાગબારામાં સૌથી વધુ, રાજપીપલામાં ધીમી ગતિ:

જિલ્લાની વિવિધ પંચાયતો અને નગરપાલિકાના આંકડા જોઈએ તો, સાગબારા તાલુકા પંચાયતમાં સૌથી વધુ 87.14% મતદાન નોંધાયું છે. જ્યારે તેની સામે રાજપીપલા નગરપાલિકામાં સૌથી ઓછું 75.62% મતદાન થયું છે. નર્મદા જિલ્લા પંચાયતમાં સરેરાશ 84.49% જેટલું ઊંચું મતદાન નોંધાયું છે, જે રાજ્યમાં અત્યાર સુધીના આંકડામાં સર્વોચ્ચ છે.

તાલુકા પંચાયતવાર મતદાનની સ્થિતિ:

* નાંદોદ: 80.23%
* તિલકવાડા: 83.40%
* ગરુડેશ્વર: 84.84%
* ડેડીયાપાડા: 85.52%
* ચીકદા: 85.93%

પરંપરાગત રીતે મતદાનમાં અવ્વલ:

નર્મદા જિલ્લો હંમેશાથી મતદાનમાં અગ્રેસર રહ્યો છે. વર્ષ 2021માં પણ 79.02% સાથે આ જિલ્લો રાજ્યમાં પ્રથમ ક્રમે હતો. વિધાનસભા હોય કે લોકસભા, નર્મદાની જનતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરવામાં ક્યારેય પાછીપાની કરતી નથી. આદિવાસી પટ્ટામાં થયેલા આ ભારે મતદાનથી રાજકીય પક્ષોના સમીકરણો પણ ગરમાયા છે.

પાક્કો ગુજરાત રિપોર્ટ: જાગૃત નર્મદા, મજબૂત લોકશાહી!

# ડભોઈમાં લોકશાહીનું પર્વ અને તંત્રની બેદરકારી: ૭૬.૧૮% મતદાન છતાં મતદારોમાં રોષ

• [ડભોઈ]

ડભોઈ નગરપાલિકાની ચૂંટણીમાં આજે ભારે રસાકસી અને અનેક ફરિયાદો વચ્ચે મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ છે. ૯ વોર્ડની કુલ ૩૬ બેઠકોમાંથી ૫ બેઠકો બિનહરીફ જાહેર થયા બાદ, બાકીની ૩૧ બેઠકો માટે આજે સવારથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે ૭ વાગ્યાથી શરૂ થયેલા મતદાનમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં અંદાજે ૭૬.૧૮% જેટલું તોતિંગ મતદાન નોંધાયું છે.

તંત્રની નિષ્કાળજી: ગંદકી અને ગરમીથી જનતા ત્રસ્ત

ભારે મતદાન છતાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. અનેક મતદાન મથકો પર પીવાના પાણીની સુવિધા નહોતી, તો કેટલાક બુથ પર પંખાની વ્યવસ્થા પણ જોવા મળી નહોતી. હદ તો ત્યારે થઈ જ્યારે કેટલાક બુથ પેશાબખાનાની એકદમ નજીક હોવાથી અસહ્ય દુર્ગંધને કારણે મતદારો અને ફરજ પરના અધિકારીઓ તોબા પોકારી ઉઠ્યા હતા. આ મામલે જનતામાં તંત્ર વિરુદ્ધ ભારે રોષ જોવા મળ્યો હતો.

**રામકથા**

### દોષથી મુક્ત થઈ શકાય દુ:ખથી નહીં: મોરારિબાપુ

# પાલીતાણાની 'માનસ શિવ સંકલ્પ' રામકથા સફળ આયોજન સાથે વિરામ

### કથાના ક્રમમાં આજે બાપુએ બાલકાંડ પછીના છ સોપાનોની કથા સંક્ષિપ્તમાં વર્ણવી હતી

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

તીર્થભૂમિ પાલીતાણાની નજીકના ગામ સગાપરાની કૈલાશ ટેકરી આશ્રમમાં બ્રહ્મલીન પૂજ્ય વિજયગીરી બાપુના પરમ આશીર્વાદ અને પૂ. લાલગીરી બાપુના સંકલ્પથી પૂજ્ય મોરારિબાપુના શ્રી મુખેથી તારીખ 18 થી 26 એપ્રિલ સુધીની 'માનસ શિવ સંકલ્પ' રામકથાનું સુંદર રીતે આયોજન થયું. તેના અંતિમ પડાવમાં આજે તારીખ 26 ના રોજ હનુમાનજીની વિદાય સાથે કથાને વિરામ આપવામાં આવ્યો.

પૂ. મોરારિબાપુએ આજના કથા સંવાદમાં કહ્યું કે રામ ભરતજી હનુમાનજી ત્રણેયની યાત્રાને આપણે સમજીએ તો સમગ્ર રામાયણનો સાર સમજાઈ જાય છે. રામ અયન એટલે રામાયણ, રામની યાત્રા અયોધ્યાથી જનકપુર ભરતની અયોધ્યાથી ચિત્રકૂટ અને હનુમાનજીની સંપાતીથી લંકા સુધીની યાત્રા અનેક વિઘ્નો વચ્ચે પણ પુર્ણ થઈ. જો આપણે શરણાગત હોઈએ તો તે સફળ થાય છે. તાડકા એ યાત્રાને રોકી પરંતુ તેને નિર્માણ પદ આપવામાં આવ્યું. મારીચ અને સુબાહુએ પણ તેને રોકવાનો પ્રયત્ન કર્યો. મારીચ એ દુ:ખ છે અને સૂબાહું એ દોષ છે.



દોષથી મુક્ત થઈ શકાય અને તેથી સુબાહુને રામે માર્યો અને તેનાથી મુક્ત થયા. પરંતુ મારીચ એ દુ:ખ છે તેને મારી ન શકાય અને તેને ભોગવવું જ રહ્યું. એટલે મારીચને લંકા સુધી ફેંક્યો એટલે કે દુ:ખ એ દૂર કરી શકાય અને તે રીતે રામ અયનની યાત્રા અનેક વિઘ્નો સાથે આગળ વધતી રહી અને વિરામ પામી. કથાના ક્રમમાં આજે બાપુએ બાલકાંડ પછીના છ સોપાનોની કથા સંક્ષિપ્તમાં વર્ણવી હતી. જેમાં ભગવાન રામજીનું સીતા સ્વયંવરથી શરૂ કરીને રાવણના નિર્વાણ પછી રામજીનું અયોધ્યામાં આગમન અને અવધપુરીમાં રામ રાજ્યના ઉત્સવ સુધીનો કથાક્રમ લેવામાં આવ્યો હતો. આ કથા અહીં થઈ શકી તેની પ્રસન્નતા અને રાજીપો બાપુએ વ્યક્ત કર્યો હતો. કથામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કોઈ સ્વયંસેવકો તન મન ધન જે પણ રીતે સેવા કરતા રહ્યા તેમને સાધુવાદ અર્પણ થયાં હતા. આજની કથામાં જીએસટીના અધિકારી શ્રી લાલ સ્વામી, આરએસએસ ના પ્રચારક શ્રી, મુખ્ય યજમાન અને જેમની નિશ્રામાં સમગ્ર આયોજન થયું તેવા પૂજ્ય લાલગીરી બાપુ અને સૌ કોઈએ આ કથાને સફળ કરવામાં જે પ્રયત્ન કર્યો છે તે માટે સૌને ધન્યવાદ આપ્યા હતા. કથા દરમિયાન સંચાલન સુરતના શ્રી દિપકભાઈ રાજ્યગુરુનું હતું. સુરેશભાઈ ગોટી સહિતના આગેવાનો આ કથા ને સફળ બનાવવા માટે ખૂબ જહેમત ઉઠાવી રહ્યા હતા. પ્રાથમિક શિક્ષક સંઘની એક ટીમ શ્રી હઠીસિંહ ચૌહાણના નેતૃત્વ હેઠળ સેવામાં જોતરાઈ હતી. વ્યાસપીઠ સાથે સમર્પિત ભાવથી જોડાયેલા મહુવાના શ્રી ચીમનભાઈ વાઘેલાએ સતત કથા અંગેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મંચ વ્યવસ્થાપનમાં શ્રી નિલેશભાઈ વાવડીયાની સેવા નોંધપાત્ર હતી. માધ્યમો સાથે જોડાયેલા અનેક લોકોએ પણ આ કથાને વિશેષ રૂપે સૌ સુધી પહોંચતી કરવા ઉમદા પ્રયત્નો કર્યા હતા.

### ઢાઢર નદીમાં ઉપરવાસના ગામો કે અન્ય વિસ્તારો દ્વારા ગટરના પાણીના જોડાણો કરી દેવામાં આવ્યા

# ડભોઈ તાલુકાના ભીલાપુરમાં ઢાઢર નદી બની ગટર' પ્રદૂષિત પાણીથી અબોલ પશુઓની હાલત કફોડી

**હાલત કફોડી**

### ડભોઈ તાલુકાના ભીલાપુર ગામ પાસેથી પસાર થતી પવિત્ર ઢાઢર નદી હાલમાં પ્રદૂષણનો ભોગ બની છે

• ફકીરા ખત્રી ડભોઇ

ડભોઈ તાલુકાના ભીલાપુરમાં ઢાઢર નદી બની ગટર' પ્રદૂષિત પાણીથી અબોલ પશુઓની હાલત કફોડી ડભોઈ તાલુકાના ભીલાપુર ગામ પાસેથી પસાર થતી પવિત્ર ઢાઢર નદી હાલમાં પ્રદૂષણનો ભોગ બની છે. નદીમાં ગટરનું ગંદુ પાણી ભળતા આખી નદી લીલથી છવાઈ ગઈ છે, જેના કારણે ભર ઉનાળે પશુ-પક્ષીઓ પાણી માટે વલખા મારી રહ્યા છે ગટરના જોડાણોએ નદીનું સ્વરૂપ બગાડ્યું

ભીલાપુર ગામના ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ઢાઢર નદીમાં ઉપરવાસના ગામો કે અન્ય વિસ્તારો દ્વારા ગટરના પાણીના જોડાણો કરી દેવામાં આવ્યા છે.



આ ગેરકાયદેસર જોડાણોને કારણે નદીમાં ચોખ્ખા પાણીને બદલે કાળું અને દુર્ગંધ મારતું ગંદુ પાણી વહી રહ્યું છે. આ ગંદકીને કારણે નદીના પટમાં ચારેતરફ લીલ જામી ગઈ છે, જે પાણીને પીવાલાયક રહેવા દેતી નથી.

ઉનાળાની શરૂઆતમાં જ જળ સંકટ

હાલમાં કાળઝાળ ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે. આ કાળઝાળ ગરમીમાં પશુ-પક્ષીઓને પાણીની વધુ જ રૂરિયાત હોય છે. પરંતુ નદીનું પાણી ઝેરી અને ગંદુ હોવાથી પશુઓ તે પી શકતા નથી. કિનારાના ગામડાઓના પશુપાલકો માટે પણ આ ચિંતાનો વિષય બન્યો છે કારણ કે પશુઓને પાણી પીવડાવવા માટે દૂર-દૂર સુધી ભટકવું પડે છે ગેરકાયદે જોડાણ: નદીમાં ગટરના પાણી છોડવામાં આવતા જળ સ્ત્રોત પ્રદૂષિત થયો લીલનું સામ્રાજ્ય: ગંદા પાણીને લીધે નદી પર લીલની ચાદર પથરાઈ ગઈ છે જીવસૃષ્ટિ જોખમમાં: પ્રદૂષિત પાણી પીવાથી પશુઓમાં રોગચાળો ફેલાવાની ભીતિ તંત્રની ઉદાસીનતા: ગ્રામજનોની માંગ છે કે નદીમાં ભળતા ગંદા પાણીને અટકાવવા કડક કાર્યવાહી કરવામાં આવે એક તરફ સરકાર નદીઓને બચાવવાની વાતો કરે છે બીજી તરફ ભીલાપુરની ઢાઢર નદી ગટરમાં ફેરવાઈ રહી છે જો વહેલી તકે આ ગંદા પાણીનું જોડાણ બંધ નહીં કરવામાં આવે તો પશુધન માટે જીવવું મુશ્કેલ બની જશે.

# દિલ્હી એરપોર્ટ પર મોતનું તાંડવ ટળ્યું: ટેકઓફ વખતે સ્વિસ ફ્લાઈટના એન્જિનમાં ભીષણ આગ

### ૨૩૨ મુસાફરોનો ચમત્કારિક બચાવ: એન્જિન ફેઈલ થતા પાયલોટે લગાવી ઈમરજન્સી બ્રેક, ૬ મુસાફરો ઘાયલ

• [નવી દિલ્હી]

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગઈ મોડી રાત્રે એક મોટી વિમાની દુર્ઘટના ટળી હતી. ઝુરિચ જઈ રહેલી સ્વિસ એરલાઈન્સની ફ્લાઈટ LX147 જ્યારે રનવે પર પૂરી ઝડપે દોડી રહી હતી, બરાબર તે જ સમયે તેના લેન્ડિંગ ગિયર અને એન્જિનમાં ટેકનિકલ ખામીને કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. વિમાનમાં ૪ બાળકો સહિત કુલ ૨૩૨ મુસાફરો સવાર હતા, જેમના જીવ અધ્ધર થઈ ગયા હતા.




ઘટનાની વિગત: મોડી રાત્રે ૧:૦૮ વાગ્યે જ્યારે ફ્લાઈટ ઉડાન ભરવાની તૈયારીમાં હતી, ત્યારે અચાનક એક એન્જિન ફેઈલ થઈ ગયું હતું. પાયલોટની સતર્કતાને કારણે તેણે તરત જ ઈમરજન્સી બ્રેક લગાવી વિમાનને રનવે પર જ રોકી દીધું હતું. જોકે, આ દરમિયાન થયેલા જોરદાર ઘર્ષણ અને આગને કારણે વિમાનમાં અફરાતફરી મચી ગઈ હતી. પાયલોટની સમયસૂચકતાથી સેંકડો લોકોના જીવ બચ્યા છે, પરંતુ અચાનક લાગેલી બ્રેક અને ધુમાડાને કારણે ૬ મુસાફરોને ઈજાઓ પહોંચી હોવાના અહેવાલ છે.

એરપોર્ટ પર હાઈ એલર્ટ: ઘટના બાદ તરત જ દિલ્હી એરપોર્ટ પર 'ફુલ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી હતી. ફાયર ફાઈટરોની ટીમે મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો અને તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, જો વિમાને ટેકઓફ કરી લીધું હોત તો મોટી જાનહાનિ થઈ શકી હોત. તપાસના આદેશ: સ્વિસ એરલાઈન્સ અને DGCA દ્વારા આ ગંભીર બેદરકારી અથવા ટેકનિકલ ખામી અંગે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. હાલમાં તમામ મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે અને ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.

# ચૂંટણી પંચની ઘોર બેદરકારી: વેબસાઈટ ઠપ અને બુથ બદલાતા હજારો મતદારો રઝળી પડ્યા!

• [અમદાવાદ]

લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણીના દિવસે જ રાજ્ય ચૂંટણી આયોગની ગંભીર અવ્યવસ્થા સામે આવી છે. એકતરફ આયોગ વધુમાં વધુ મતદાનની અપીલ કરે છે, તો બીજી તરફ અપૂરતી માહિતી અને ટેકનિકલ ખામીઓને કારણે હજારો મતદારોએ ધોમધગતા તાપમાં હેરાન થઈને મતાધિકાર વગર ઘરે પરત ફરવું પડ્યું છે. આ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોષીએ આયોગ પર આકરા પ્રહારો કર્યા છે.

વેબસાઈટ 'સ્લો' અને માહિતી ગાયબ: ડૉ. મનિષ દોષીએ આક્ષેપ કર્યો છે કે અમદાવાદ મહાનગરપાલિકા સહિતના મહાનગરોમાં મતદારો જ્યારે ઓનલાઈન પોતાનું મતદાન મથક શોધવા ગયા ત્યારે આયોગની વેબસાઈટ અત્યંત ધીમી ગતિએ ચાલતી હતી. વિગતો મળતી હતી પણ કયા કેન્દ્ર પર જવું તેની સ્પષ્ટતા નહોતી. રાતોરાત મતદાન મથકો બદલી નાખવામાં આવતા મતદારો એક કેન્દ્રથી બીજા કેન્દ્ર વચ્ચે ભટકતા રહ્યા હતા.

વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગોની કફોડી હાલત: ચૂંટણી પંચની અણઘડ વ્યવસ્થાનો સૌથી મોટો ભોગ વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો બન્યા છે. મતદાન કેન્દ્રો અતિ દૂર ફાળવવામાં આવ્યા અને છેલ્લા સમયે થયેલા ફેરફારોની કોઈ જાણકારી ન અપાતા અરાજકતાનો માહોલ સર્જાયો હતો. ડૉ. દોષીએ સવાલ ઉઠાવ્યો છે કે, શું આ બધું જાણીજોઈને મતદારોને રોકવા માટે કરવામાં આવ્યું છે? કડક પગલાંની માંગ: કોંગ્રેસ પ્રવક્તાએ આ મામલે ગંભીર તપાસની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે અધૂરી વિગતો મૂકીને મતદારોને છેતરનારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય પગલાં ભરવા જોઈએ. 'પાક્કો ગુજરાત' સાથેની વાતચીતમાં તેમણે ઉમેર્યું કે, ટેકનોલોજીના યુગમાં જો ચૂંટણી પંચ એક પ્રોપર વેબસાઈટ ન ચલાવી શકતું હોય તો તે લોકશાહી માટે શરમજનક બાબત છે.

## પ્રભુતાના પગલાં પાડતા પહેલા નવયુગલનો મતદાતાઓને સંદેશ- પહેલા મતદાન પછી જ લગ્ન



શિવાલિક સોસાયટીમાં મહારાષ્ટ્ર રાજ્યનો યુવક જય સંતોષભાઈ પાટીલ અને યુવતી લક્ષ્મી ગોપાલભાઈ સંભારેનો પરિવાર રહે છે. આજે સ્થાનિક સ્વરાજની સંસ્થાની ચૂંટણી મતદાનના રવિવારના દિને જય અને લક્ષ્મીના લગ્ન હતાં. વર-કન્યા બંન્નેના પરિવાર જનો લગ્ન પ્રસંગમાં અતિ વ્યસ્ત હતાં. પરંતુ વરરાજા જય અને લક્ષ્મીએ પ્રભુતામાં પગલાં પાડતા પહેલા પરિવાર સમક્ષ જીદ પકડી પહેલા મતદાન કરવાનો નિર્ધાર કર્યો અને આખા પરિવારને મતદાન મથક બુથ સુધી લઈ ગયા. આ પરિવારજનોએ સૂર્યપ્રકોપની ભારે ગરમીમાં મતદાન કરવા માટે કિંમતી સમય ફાળવી જિ.પં.ની ઓલપાડ અને તા.પં.ની સીટના ઉમેદવારને મત આપ્યા હતાં. પરિવારના વરરાજા જય પાટીલ અને કન્યા લક્ષ્મી સંભારે મતદારોને અપીલ કરતા કહ્યું કે, અમો લગ્નગ્રંથીથી જોડાઈ તે પહેલા મતદાન કરી લોકશાહીના ચૂંટણી પર્વની ઉજવણી કરી છે. દરેક મતદારોએ લોકશાહીની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની બેઠકો ઉપર મતદારોએ લોભ-લાલચ વિના ઉમેદવારની પ્રમાણિકતા અને વિકાસના કામોને નિહાળી મતદાન કરવા અમો અપીલ કરીએ છીએ.

### આ મતદાન મથકમાં એક કરતાં વધારે લોકો પણ ભેગા થયેલા જોવા મળ્યા હતા

# તંત્ર મતદારોને સ્લીપો વહેંચવાનું જ ભૂલી ગયા તંત્રની બેદરકારી સામે આવી

રાજપીપલા : રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીમાં પબ્લિક ગાર્ડનના ટાઉન હોલના વોર્ડ નંબર 1ના બુથ 6ના મતદાન મથકના પ્રિસાઈડીંગ ઓફિસર ચાલુ મતદાને જાતે જ મતદારોને મતદાન કેવી રીતે કરવું તે સમજાવા બેસી જતા મતદારોએ આશ્ચર્ય અનુભવ્યું હતું. એટલું જ નહીં આ મતદાન કુટીરમાં એક કરતાં વધારે લોકો ભેગા થયેલા જોવા મળતા આશ્ચર્ય સર્જાયું હતું. સામાન્ય રીતે મતદારોને કેવી રીતે મતદાન કરવું એ માટે અગાઉથી તાલીમ આપવામાં આવે છે. તંત્ર દ્વારા એનું માર્ગદર્શન આપવાનું હોય છે પણ મતદાનને દિવસે આ કામગીરી તંત્ર દ્વારા કરવાની હોતી નથી છતાં આ મથકમાં પ્રસાઈડીંગ ઓફિસર મતદાન




કુટીરમાં અંદર આવીને બટન કેવી રીતે દબાવવું તે સમજાવતા હતા. ખરેખર ઓફિસર આ કૃત્ય કરી શકે નહીં. ચૂંટણી અધિકારી તેમની સામે કડક કાર્યવાહી કરે એવી પણ લોકોએ માંગ કરી હતી. જોકે મીડિયાએ આવી રજુઆત કરતાં એપ્રસાઈડીંગ ઓફિસર પછીથી ખુરશીમાં બેસી ગયા હતાં બીજુ આ મતદાન મથકમાં એક કરતાં વધારે લોકો પણ ભેગા થયેલા જોવા મળ્યા હતા. સામાન્ય રીતે એક મતદાર જ મતદાન કરે ત્યાં સુધી અંદર બીજો મતદાર જઈ ન શકે છતાં પ્રિસાડીંગ ઓફિસરની બેદરકારીને કારણે આ દ્રશ્ય જોવા મળ્યું હતું. વહીવટી તંત્રની બેદરકારીનો નમૂનો જોવા મળ્યો હતો ચૂંટણી અધિકારી આ પ્રિસાઈડિંગ ઓફિસર અને અન્ય સ્ટાફ સામે કાર્યવાહી કરે એવી મતદારોએ માંગ કરી હતી. બીજી તરફ દર વખતે સરકારી તંત્ર તરફથી કે પાર્ટી તરફથી. મતદાન પહેલા ઘરે ઘરે જઈને મતદાન મથક સ્થળ બુથ મતદાર ક્રમાંક સાથે ની સ્લીપ વહેચવામાં આવતી હતી પણ આ વખતે આશ્ચર્યની વચ્ચે તંત્ર કે પાર્ટી તરફથી આવી કોઈ સ્લીપ મતદારોને ઘરે પહોંચાડાઈ હતી. આ વખતે મતદાનં કેન્દ્રો પણ બદલાયા હોવાથી મતદારો પાસે સ્લીપ ન હોવાથી મતદારોને ભારે તકલીફ પડી હતી. આ વખતથી ચૂંટણીમાં વહીવટી તંત્રની અને પાર્ટીની અક્ષમ્ય બેદરકારી જોવા મળી હતી. તસવીર: દીપક જગતાપ, રાજપીપલા

# જામનગરમાં ચૂંટણી વચ્ચે શોકનું મોજું: AAP ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાનું હાર્ટ એટેકથી નિધન

### વોર્ડ નં. 3માં મતદાનની ગરમાહટ વચ્ચે દુ:ખદ ઘટના; ચાલુ ચૂંટણીએ ઉમેદવારે ફાની દુનિયા છોડી, પંથકમાં અરેરાટી

• [જામનગર]

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાનના દિવસે જ એક અત્યંત કરુણ અને આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. જામનગરના વોર્ડ નંબર ૩ના આમ આદમી પાર્ટી (AAP) ના લોકપ્રિય ઉમેદવાર નરેન્દ્રસિંહ મેઘુભા જાડેજાનું હાર્ટ એટેકને કારણે નિધન થતા સમગ્ર શહેરમાં અને રાજકીય આલમમાં શોકની લહેર પ્રસરી ગઈ છે.

ઘટનાની વિગત:જ્યારે શહેરમાં મતદાનની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી હતી અને કાર્યકરોમાં ઉત્સાહ હતો, ત્યારે જ ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાને પોતાના નિવાસસ્થાને અચાનક



હતો. હાલત ગંભીર જણાતા તેમને તાત્કાલિક સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.પરિવાર અને પાર્ટીમાં આઘાત:એક તરફ જ્યારે સાથે મતદાન કરી રહ્યા હતા, ત્યારે બીજી તરફ તેમના નિધનના સમાચાર મળતા જ આમ આદમી પાર્ટીના કાર્યકરો અને પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. જી.જી. હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં સમર્થકો ઉમટી પડ્યા હતા અને વાતાવરણ ગમગીન બની

## ફર્નિચર કામ કરવા આવેલા પિતાપુત્રએ જાળ બિછાવી:દીકરાને યુકેના વિઝા અપાવવાના નામે ઠગે સરગાસણના રિક્ષાચાલકના 8.14 લાખ પડાવ્યા

• ગાંધીનગર

ગાંધીનગરના સરગાસણ ગામમાં રહેતા અને રિક્ષા ચાલકના પુત્રને યુકેના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાની લોભામણી લાલચ આપી ઘરે ફર્નિચર નું કામ કરવા આવેલા પિતા-પુત્ર સહિત ત્રણ શખસોએ 8.14 લાખની ઠગાઈ આચરતા ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. 25 લાખના બદલે માત્ર 16 લાખમાં વર્ક પરમિટના વિઝા કરાવી આપશે એવો વાયદો કર્યો સરગાસણના રોહિતવાસમાં રહેતા ભરતકુમાર જેઠાભાઈ પરમારે નોંધાવેલી વિગતો મુજબ ત્રણ વર્ષ અગાઉ તેમણે પોતાના ઘરના ફર્નિચરનું કામ સેક્ટર-4/એમાં રહેતા મેહુલભાઈ રેવંતભાઈ પરમારને આપ્યું હતું. આ કામ દરમિયાન મેહુલભાઈ અને તેમના પુત્ર હર્ષિલને જાણ થઈ હતી કે, ભરતકુમારનો દીકરો ચિરાગ યુ.કે. જવા ઈચ્છે છે. આ તકનો લાભ ઉઠાવી મેહુલભાઈએ જણાવ્યું હતું કે, તેમના સાળા મૌલિક મહેન્દ્રભાઈ સોલંકી (રહે. ચાંદખેડા) યુ.કે.માં રહે છે અને વિઝાનું કામ કરે છે. જે અંગે મૌલિક સોલંકીએ ટેલિફોનિક વાતચીતમાં ભરતકુમારને વિશ્વાસમાં લીધા હતા અને ઓળખાણના નાતે 25 લાખના બદલે માત્ર 16 લાખમાં વર્ક પરમિટના વિઝા કરાવી આપશે તેવો વાયદો કર્યો હતો.

**ફરાર** ક્રેડિટકાર્ડ આપવાના બહાને 2.37 લાખની છેતરપિંડી

# આંબાવાડીમાં ક્રેડિટકાર્ડ આપવાના બહાને 2.37 લાખની છેતરપિંડી નિકોલમાં ફોટોગ્રાફર પાસેથી શખ્સ એડવાન્સ રૂપિયા લઈ ફરાર થયો

### આંબાવાડી વિસ્તારમાં રહેતા નિવૃત જીવન ગુજારતા 59 વર્ષીય વ્યક્તિ સાથે સાયબર ઠગીયાઓએ છેતરપિંડી આચરી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં સાયબર ઠગો દિવસેને દિવસે વધુ સક્રિય બની રહ્યા છે. ત્યારે શહેરના આંબાવાડી વિસ્તારમાં રહેતા 59 વર્ષીય નિવૃત્ત વ્યક્તિ સાથે ક્રેડિટકાર્ડ અપાવવાના બહાને 2.37 લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. ફરિયાદીએ એચ.એસ.બી.સી બેન્કનું ક્રેડિટ કાર્ડ મેળવવા ઓનલાઈન અરજી કર્યા બાદ અજાણ્યા શખ્સે બેંક અધિકારી બની સંપર્ક કર્યો હતો. ટેક્નિકલ ઈશ્યૂના બહાને દસ્તાવેજો મંગાવી અને પછી લિંક મોકલી વીડિયો કોલ દ્વારા ક્રેડિટ કાર્ડની વિગતો મેળવી બે અલગ ટ્રાન્ઝેક્શનમાં કુલ 2.37 લાખ ટ્રાન્સફર કરી લીધા હતાં. તો બીજી તરફ નિકોલ વિસ્તારમાં લગ્ન ફોટોગ્રાફીના ઓર્ડરના બહાને 33 વર્ષીય યુવક સાથે 10 હજાર રૂપિયાની ઠગાઈ થઈ છે. રાજકોટથી કનુભાઈ વાઘેલા તરીકે ઓળખ આપનાર શખ્સે સિનેમેટિક ફોટોગ્રાફી માટે એડવાન્સ રૂપિયા લઈ લીધા હતા. પરંતુ લગ્નના દિવસે ફોન બંધ કરી ગાયબ થઈ ગયો હતો. બંને ઘટનામાં પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

આંબાવાડી વિસ્તારમાં રહેતા નિવૃત જીવન ગુજારતા 59 વર્ષીય વ્યક્તિ સાથે સાયબર ઠગીયાઓએ છેતરપિંડી આચરી છે. 59 વર્ષીય ફરિયાદીએ એચ.એસ.બી.સી. બેંકનું ક્રેડિટ કાર્ડ મેળવવા ઓનલાઈન અરજી કરી હતી. ત્યારબાદ ડિસેમ્બરમાં અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને એચ.એસ.બી.સી બેન્કમાંથી બોલતો હોવાની ઓળખ આપી હતી. ક્રેડિટકાર્ડની એપ્લિકેશનમાં ટેક્નિકલ ઈશ્યૂમાં કારણે એરર આવતી હોવાનું જણાવ્યું હતું. ફરિયાદીને ઈમેઈલ પર પાનકાર્ડ, પે સ્લીપ મોકલવા કહ્યું હતું.લિંક પર ક્લિક કર્યું ત્યારે સીધો વીડિયોકોલ જનરેટ થઈ ગયો જે બાદ ફરિયાદીએ સ્નેહા પાઠક નામના ઈમેઈલ આઈડી પર ડોક્યુમનેટ મોકલી આપ્યા હતા. 5 ડિસેમ્બરના ફરી ફરિયાદીને ફોન કરીને ઈમેઈલ આઈડી પર લિંક મોકલવામાં આવી હતી. ફરિયાદીને લિંક પર ક્લિક કર્યું ત્યારે સીધો વીડિયોકોલ જનરેટ થઈ ગયો હતો. વીડિયોકોલમાં અજાણ્યા વ્યક્તિએ ફરિયાદી સાથે વાતો કરીને ક્રેડિટકાર્ડ નંબર લઈ લીધો હતો.

જે બાદ પરત જ ફરિયાદીના ક્રેડિટ




કાર્ડમાંથી 1,10,217 અને 1,27,980 રૂપિયા ટ્રાન્સફર થયા હોવાનો મેસેજ ફરિયાદીને મળ્યો હતો. જે બાદ ફ્રોડ થયું હોવાનું સામે આવતા ફરિયાદીએ એ.યુ બેંકના કસ્ટમર કેરમાં ફરિયાદ નોંધાવી હતી. પરંતુ 30 દિવસ સુધી રૂપિયા પરત ન મળતા ફરિયાદીએ અજાણ્યા શખ્સો સામે 2,37,197 રૂપિયાની છેતરપિંડીની સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નિકોલમાં ફોટોગ્રાફર પાસેથી શખ્સ એડવાન્સ રૂપિયા લઈ ફરાર થયો તો નિકોલમાં રહેતા 33 વર્ષીય રવિરાજ સાથે પણ અજાણ્યા શખ્સોએ છેતરપિંડી આચરી છે. રવિરાજ લગ્નમાં ફોટોગ્રાફીનું કામ કરે છે. 7 અને 8 ફેબ્રુઆરીના ફોટોગ્રાફીનો ઓર્ડર બુક કર્યો હતો. જેમાં સિનેમેટિક ફોટોગ્રાફી કરવાની હોવાથી અન્ય ફોટોગ્રાફરની જરૂર પડી હતી. જેથી ફરિયાદીએ ફોટોગ્રાફરના ગ્રુપમાં મેસેજ કરીને જાણ કરી હતી. જે બાદ ફોન્ટ કરીને એક વ્યક્તિએ પોતે કનુભાઈને વાઘેલા રાજકોટથી બોલતા હોવાની ઓળખ આપી હતી. પોતે સિનેમેટિક ફોટોગ્રાફર હોવાનું કહ્યું હતું.સરનામું ખોટું હોવાનું સામે આવ્યું ને ભાંડો ફૂટ્યો જેથી ફરિયાદીને તેનું કામ જોયા બાદ ફોટોગ્રાફી માટે કન્ફર્મ કરવા માટે એડવાન્સ 10,000 રૂપિયા આપ્યા હતા. જે બાદ ફરિયાદીએ લગ્નના દિવસે ફોન કરતા ફોન નંબર બંધ આવી રહ્યો હતો. તેમજ લગ્ન પૂરા થયા છતાં એડવાન્સ રૂપિયા લીધા બાદ ફોટોગ્રાફી આવ્યો નહીં.

ઓર્ડર લેતા સમયે સરનામું આપ્યું હતું ત્યાં જઈને તાપસ કરતા સરનામું ખોટું હોવાનું સામે આવ્યું હતું. જેથી છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવતા ફરિયાદીએ નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### ટીમ દ્વારા ખીરસરા ગામથી પડવલા જવાના રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી

# રાજકોટ રૂરલ LCBએ ખીરસરા ગામની દિવસની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો: પિતા-પુત્રની જોડી મુદ્દામાલ સાથે ઝડપાઈ

**૨.૧૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત** ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ચોરીના ગુનામાં બે આરોપીઓની ધરપકડ

• રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં વણશોધાયેલા મિલકત વિરોધી ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા આપવામાં આવેલી કડક સૂચનાઓને પગલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ને મોટી સફળતા મળી છે. ભાયાવદર પોલીસ સ્ટેશન હેઠળના ખીરસરા ગામે ભરદિવસે થયેલી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસે બે શખ્સોને મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. રાજકોટ રેન્જ આઈ.જી. અશોક કુમાર યાદવ અને એસ.પી. વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ એલસીબી પી.આઈ. વી.વી. ઓડેદરાની ટીમ આ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા કાર્યરત હતી.



એલસીબી સ્ટાફ દ્વારા હ્યુમન સોર્સ, ટેકનિકલ સોર્સ અને ડોગ સ્કોડની મદદથી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખાનગી રાહે મળેલી ચોક્કસ બાતમીના આધારે, ટીમ દ્વારા ખીરસરા ગામથી પડવલા જવાના રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી. જ્યાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલા બે શખ્સોની પૂછપરછ કરતા તેઓએ ખીરસરા ગામે થયેલી દિવસની ઘરફોડ ચોરીની કબૂલાત કરી હતી.

પોલીસે આ ગુનામાં પિતા-પુત્રની જોડીની ધરપકડ કરી છે, જેમના નામ જકશીભાઈ ઉર્ફે જગો બાઘુભાઈ (બાબુભાઈ) વાઘેલા તથા તેમનો પુત્ર કીશનભાઈ જકશીભાઈ વાઘેલા (રહે. બંને ખીરસરા ગામ, પડવલા રોડ, તા. ઉપલેટા) ની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલી રોકડ રકમ અને અન્ય ચીજવસ્તુઓ જપ્ત કરી છે જેમાં રોકડ રકમ: ૨,૦૧,૦૦૦/-

મોબાઈલ ફોન: ૨ નંગ (કિંમત ૧૦,૦૦૦/-) ગોંડલ માર્કેટ યાર્ડનું જય દ્વારકાધીશ ટ્રેડિંગ કંપનીનું બિલ.

કુલ કિંમત: ૨,૧૧,૦૦૦/- કબજે કરવામાં આવ્યું હતું

આ કામગીરીમાં એલ.સી.બી.ના પી.આઈ. વી.વી.ઓડેદરા, પી.એસ.આઈ. એચ.સી.ગોહીલ, આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા તથા એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ચાવડા, અનિલભાઈ બળકોદીયા, તથા હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા, મનીષભાઈ વરૂ, રમણીકભાઈ મણવર, અર્જુનભાઈ ડવેરા, મનદીપસિંહ જાડેજા, ધર્મેન્દ્રભાઈ, શક્તિસિંહ જાડેજા, નીંકુજભાઈ સુતરીયા, ઈશીતભાઈ માણાવદરીયા, શક્તિસિંહ ઝાલા, ભરતભાઈ ગમારા અને અબ્દુલભાઈ શેખ સહિતની ટેકનિકલ અને ડોગ સ્કોડની ટીમો જોડાઈ હતી.

# આર્થિક મંદી પર આસ્થાનો વિજય: ગુજરાતના ત્રણ મહાતીર્થોમાં 5 વર્ષમાં ઠલવાયું 719 કરોડનું દાન!

### મોંઘવારી અને મંદી પણ ભક્તોની શ્રદ્ધા સામે નતમસ્ત; અંબાજી, સોમનાથ અને દ્વારકામાં સોના-ચાંદીના દાનનો અવિરત પ્રવાહ

• [અમદાવાદ/યાત્રાધામ]

વર્તમાન સમયમાં જ્યારે વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને ભારતીય બજારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે ગુજરાતના પવિત્ર યાત્રાધામોમાં કંઈક અલગ જ ચિત્ર ઉપસી રહ્યું છે. સામાન્ય રીતે મંદીમાં લોકો મોજશોખ અને વધારાના ખર્ચ પર કાપ મૂકતા હોય છે, પરંતુ ભક્તિના માર્ગે મંદીને કોઈ સ્થાન નથી. અંબાજી, સોમનાથ અને દ્વારકાધીશના ચરણોમાં છેલ્લા પાંચ વર્ષમાં ભક્તોએ રૂ. 718 કરોડથી વધુનું માતબર દાન અર્પણ કરીને આસ્થાની શક્તિનો પરિચય આપ્યો છે.

શક્તિપીઠ અંબાજીમાં સુવર્ણ વર્ષા:

યાત્રાધામ અંબાજીમાં સોનાના વધતા ભાવ પણ ભક્તોના ઉત્સાહને રોકી શક્યા નથી. છેલ્લા પાંચ વર્ષમાં અંબાજી મંદિરમાં કુલ 48.992 કિલો સોનાનું દાન મળ્યું છે. જોકે, વર્ષ 2022-23 અને 2024-25 દરમિયાન સોનાના દાનમાં લગભગ એક કિલો જેટલો સામાન્ય ઘટાડો નોંધાયો હતો,



તેમ છતાં માઈભક્તોની અતૂટ શ્રદ્ધાને કારણે સોનાના દાનનો પ્રવાહ સતત ચાલુ રહ્યો છે.

સોમનાથ અને દ્વારકામાં અઢળક આવક:પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ અને જગત મંદિર દ્વારકામાં પણ દાનની સરવાણી વહી છે. પાંચ વર્ષમાં આ ત્રણેય મંદિરોની કુલ રોકડ આવક રૂ. 718.91 કરોડ પર પહોંચી છે. રસપ્રદ વાત એ છે કે, સોમનાથ અને દ્વારકા મંદિરમાં સોના-ચાંદીના દાનનો તો એટલો વિશાળ જથ્થો છે કે તેની ચોક્કસ વિગતો પણ જાહેર કરી શકાય તેમ નથી.

આસ્થાનો વિજય:

આ આંકડા સ્પષ્ટ કરે છે કે ભલે ખિસ્સા પર મોંઘવારીનો ભાર હોય, પણ જ્યારે વાત ઈશ્વર પ્રત્યેની કૃતજ્ઞતાની આવે ત્યારે ભક્તો દિલ ખોલીને સમર્પણ કરે છે. આર્થિક અસ્થિરતા વચ્ચે ભક્તિનો આ પ્રવાહ સાબિત કરે છે કે ગુજરાતની ધરતી પર આજે પણ આસ્થા આર્થિક ગણિત કરતા ઘણી ઉપર છે.

# ઓલપાડ તાલુકામાં સાંજે પાંચ વાગ્યાં સુધી થયેલ મતદાનમાં ભાજપ તરફી પ્રવાહ

### તા.પં.ની ૧૧ સીટ ઉપર ૬૫.૫૧ ટકા અને જિ.પં.ની ૦૨ સીટ ઉપર ૬૧.૦૯ ટકા મતદાન નોંધાયું

• ઓલપાડ,તા.૨૬

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની સામાન્ય ચૂંટણી પર્વે ઓલપાડ તા.પં.ની બાકી રહેલ કુલ ૧૧ સીટ ઉપર સાંજે પાંચ વાગ્યાં સુધીમાં ૨૧,૨૮૪ પુરૂષો તથા ૨૦,૨૧૮ મળી કુલ ૪૧,૫૦૩ મતદારોએ સરેરાશ ૬૫.૫૧ ટકા અને તાલુકામાં સમાવિષ્ટ પાંચ પૈકી ઓલપાડ અને પિંજરત સીટ ઉપર કુલ ૧૫,૮૭૨ મતદારોએ ૬૨.૩૭ ટકા મતદાન કર્યું હતું.જયારે પિંજરત સીટ ઉપર કુલ ૧૮,૦૮૭ મતદારોએ ૬૧.૦૧ ટકા મતદાન કર્યું હતું. જયારે તાલુકામાં સામાન્ય બોલાચાલી સિવાય શાંતિપૂર્ણ રીતે લોકશાહીની ચૂંટણીના પર્વની ઉજવણી થતા રાજકીય નેતાઓ અને પોલીસ તંત્રએ રાહતના દમ લીધો હતો.જો કે મરી પરવારેલ કોંગ્રેસના ઉમેદવારો,કાર્યકરો અને નેતાઓની સ્થિતિ સાથે ઓલપાડ તાલુકામાં ચૂંટણીનો માહોલ નિહાળી ધારાસભ્ય મુકેશભાઈ પટેલે દાવો કર્યો હતો કે, તાલુકામાં બીજી ટર્મ માટે પણ કોંગ્રેસ મુક્તનું મારૂ સ્વપ્ન સાકાર થશે જેનો મને મતદારો ઉપર પુરો વિશ્વાસ છે.જયારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કેટલાક ઉમેદવારોએ દમ માર્યો હતો કે, મતદારોએ અમારી તરફેણમાં મતદાન કર્યું હોવાથી અમોને જીતનો વિશ્વાસ છે. ઓલપાડ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તા.પં.ની કુલ ૨૪ પૈકી ૧૩ સીટ બિનહરીફ થતા મતદાન થાય તે પહેલા જ ભાજપે તા.પં.માં સત્તા હાંસલ કરી ભગવો લહેરવ્યો હતો.જયારે રવિવારે બાકીની ૧૧ સીટ ઉપર થયેલ મતદાનના આંકડા મુજબ ઓલપાડ-૧ માં ૫૨.૩૯ ટકા,ઓલપાડ-૨ માં ૬૩.૬૬ ટકા, મોર-૭૧.૭૨ ટકા, સાંધીએર-૬૭.૭૨ ટકા,સિવાણ-૬૦. ૦૮ ટકા,કીમ-૨ સીટ ઉપર ૪૧.૪૪ ટકા,મુળદ-૫૮.૦૯ ટકા,કરંજ-૬૧.૦૭ ટકા,સરસ-૬૦.૮૩ ટકા,દાંડી-૫૬.૭૭ ટકા અને ટકારમા સીટ ઉપર ૬૩.૯૭ ટકા મતદાન નોંધાયું છે.

## ડભોઇ: ચાણોદમાં જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીનું શાંતિપૂર્ણ મતદાન, ૫૨.૬૩ ટકા વોટિંગ નોંધાયું




ચાણોદ: ડભોઈ તાલુકાના ઐતિહાસિક તીર્થધામ ચાણોદ ખાતે આજે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો માટે ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ હતી. સમગ્ર દિવસ દરમિયાન ચાણોદમાં સરેરાશ ૫૨.૬૩ ટકા મતદાન નોંધાયું છે.

મતદાનના આંકડાકીય વિગતો:ચાણોદમાં કુલ ૧૯૧૭ મતદારો નોંધાયેલા છે, જેમાંથી ૧૦૦૯ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

* ચાણોદ-૧: ૯૫૭ મતદારો સામે ૫૫૯ મતદાન.
* ચાણોદ-૨: ૯૬૦ મતદારો સામે ૪૫૦ મતદાન.

સવારના સમયે મતદાનની ગતિ ધીમી જોવા મળી હતી, પરંતુ બપોર બાદ મતદારોમાં ઉત્સાહ વધતા મતદાનના ટકામાં ઉછાળો આવ્યો હતો. આ બેઠક પર મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષના મહિલા ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો છે.

### લોકશાહીના મહાપર્વે ધાની મીડિયાના ગ્રુપ એડિટર પવન માકનનો હુંકાર:

# 'જવાબદારીથી ભાગવું એ વિકલ્પ નથી, રાષ્ટ્રસેવા માટે પક્ષોની એકતા અનિવાર્ય'

• અમદાવાદ:

ભારતીય લોકશાહીના સૌથી મોટા ઉત્સવ સમાન મતદાન પ્રક્રિયામાં આજે ધાની મીડિયા ગ્રુપના સ્થાપક અને ગ્રુપ એડિટર પવન માકને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી નાગરિક ધર્મ નિભાવ્યો હતો. અમદાવાદ ખાતે મતદાન કર્યા બાદ તેમણે દેશની વર્તમાન રાજકીય સ્થિતિ અને લોકશાહીની ગરિમા અંગે અત્યંત મજબૂત અને પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કર્યા હતા.

દેશસેવા માટે એકતાનો મંત્ર:

મતદાન મથક બહાર પત્રકારો સાથે વાતચીત કરતા પવન માકને જણાવ્યું હતું કે, 'લોકશાહીમાં માત્ર વિરોધ પૂરતી રાજનીતિ ન હોવી જોઈએ. તમામ રાજકીય પક્ષોએ પોતાના અંગત હિતો અને મતભેદોને બાજુ પર મૂકીને એકજૂથ થઈ દેશની સેવા કરવી જોઈએ. જ્યારે પક્ષો રાષ્ટ્રહિત માટે એકમંચ પર આવશે, ત્યારે જ લોકશાહી ખરા અર્થમાં સાર્થક થશે.'



જવાબદારીમાંથી મુક્તિ નથી:

લોકશાહીમાં દરેક વ્યક્તિની ભૂમિકા અંગે ભાર મૂકતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'લોકશાહીમાં કોઈ પણ વ્યક્તિ કે પક્ષ પોતાની જવાબદારીમાંથી ભાગી શકે નહીં. આ વ્યવસ્થામાં જવાબદારી સ્વીકારવી એ પાયાની શરત છે. આપણે સૌએ સાથે મળીને લોકશાહી માટે એક એવી નવી દિશા નક્કી કરવી પડશે જ્યાં માત્ર સત્તા નહીં, પણ સામાન્ય માણસની સુખાકારી કેન્દ્રમાં હોય.'

નવી દિશાનો સંકલ્પ:

પવન માકને વધુમાં ઉમેર્યું કે લોકશાહીનું આ મહાપર્વ આપણને તક આપે છે કે આપણે એક એવા ભારતનું નિર્માણ કરીએ જ્યાં પારદર્શિતા અને જવાબદેહી સર્વોપરી હોય. તેમના આ નિવેદનને રાજકીય વિશ્લેષકો એક ગંભીર અને સકારાત્મક ટકોર તરીકે જોઈ રહ્યા છે.

'પાક્કો ગુજરાત' વિશેષ: ગ્રુપ એડિટર પવન માકનનો આ સંદેશ માત્ર રાજનેતાઓ માટે જ નહીં, પણ દરેક મતદાર માટે એક જાગૃતિની મશાલ સમાન છે. લોકશાહીમાં ભાગીદારી એ જ સાચી દેશભક્તિ છે.

**તંત્રીની કલમે**

# અહેસાસઃ પ્રેમની એ અવિરત 'તડપ', જે જીવવાની નવી આશા આપે છે

અમદાવાદ | પાક્કો ગુજરાત વિશેષ

કહેવાય છે કે પ્રેમ એ દુનિયાનો સૌથી સુંદર અહેસાસ છે, પણ એ અહેસાસની પાછળ રહેલી 'તડપ' એ પ્રેમને જીવંત રાખવાનું કામ કરે છે. આજે આપણે વાત કરવી છે એક એવી તડપ વિશે, જે માત્ર બે વ્યક્તિઓને જ નહીં, પણ બે આત્માઓને જોડે છે. આજના ભાગદોડ ભર્યા યુગમાં જ્યાં સંબંધો ક્યારેક સોશિયલ મીડિયાના નોટિફિકેશન પૂરતા મર્યાદિત રહી જાય છે, ત્યાં કોઈને મળવાની અને નિસ્વાર્થ ભાવે ચાહવાની તડપ કંઈક અલગ જ મહત્વ ધરાવે છે.



વાત કરવાની બેચેની અને મૌનનો સાથ

પ્રેમની શરૂઆત ભલે શબ્દોથી થાય, પણ તેની ચરમસીમા તો એ તડપમાં છે જ્યારે તમને તમારી દરેક ખુશી અને દરેક નાનું દુઃખ સૌથી પહેલા એ વ્યક્તિને કહેવાનું મન થાય. રાત-રાતભર જાગીને થતી વાતોમાં ક્યારે સવાર પડી જાય તેની ખબર પણ નથી રહેતી. અને જેવી એ વ્યક્તિ નજર સામેથી દૂર થાય કે તરત જ મનમાં એક સવાલ જાગે છે - 'ફરી પાછા ક્યારે મળીશું?'

સાનિધ્યની એ પવિત્ર ક્ષણો

તડપ માત્ર સાથે હોવાની જ નથી હોતી, પણ સાથે હોવા છતાં તેને ધરાઈને જોવાની હોય છે. પ્રિયપાત્રની બાજુમાં બેસીને શાંતિથી તેને નિહાળવું, તેના હાથ પકડીને એ અહેસાસ કરવો કે આ સાથ ક્યારેય ન છૂટે - આ એ લાગણી છે જે શબ્દોમાં વર્ણવી અશક્ય છે. માત્ર એ વ્યક્તિના નામનો ઉલ્લેખ થતા જ ચહેરા પર જે સ્માઈલ આવી જાય છે, તે દુનિયાના કોઈ પણ મોંઘા ઘરેણાં કરતાં વધુ કિંમતી હોય છે.

સમર્પણ: આખી જિંદગીનો સંગાથ



લેખના કેન્દ્રમાં રહેલી આ તડપ અંતે એક જ લક્ષ્ય પર આવીને અટકે છે: 'આખી જિંદગી તારા સાથે જ જીવવાની જિદ'. પ્રેમમાં જ્યારે એકબીજા વગર રહેવું અસહ્ય બની જાય અને સાથે જીવવા-મરવાના કોલ અપાય, ત્યારે એ તડપ ઈશ્વરીય ભક્તિ સમાન બની જાય છે.

'જેના નામ માત્રથી હોઠો પર સ્મિત અને આંખોમાં ચમક આવી જાય, એ જ વ્યક્તિ માટેની તડપ જીવનને સાચા અર્થમાં સાર્થક બનાવે છે.'

જો તમારી પાસે પણ કોઈ એવી વ્યક્તિ છે જેના માટે તમે આવી તડપ અનુભવો છો, તો તમે ખરેખર નસીબદાર છો. કારણ કે આ તડપ જ માનવીને અંદરથી જીવંત રાખે છે.

**પવન માકન**

---

**વિરોધ કેમ?** પોલીસની ત્વરિત કાર્યવાહી છતાં આટલો વિરોધ કેમ?

# સુરતમાં સગીરાની છેડતી મામલે ક્રેડિટ લેવાનો ખેલ થયો હોવાની આશંકા....!

## CCTVમાં કેદ મેહુલ પોલીસ સ્ટેશનમાં શું કરતો હતો?, ભાજપ કાર્યાલય પર હુમલાનું હતું કાવતરું

સુરત

24 એપ્રિલના રોજ અલથાણ પોલીસ સ્ટેશનની હદમાં બનેલી સગીર બાળકીની છેડતીની ઘટનાએ હવે રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. આ સંવેદનશીલ મામલામાં પોલીસની ત્વરિત કામગીરી છતાં ફાટી નીકળેલા જનઆક્રોશ પાછળ કોઈ પૂર્વ આયોજિત કાવતરું હોવાની શંકા દ્દઢ બની છે. ઘટનાના CCTV ફૂટેજમાં આમ આદમી પાર્ટી (AAP) સાથે જોડાયેલા કાર્યકરની હાજરી અને વોર્ડ નંબર 29ના ઉમેદવારના સાગરીતો વાઈરલ થયેલી ઓડિયો ક્લિપે સુરત પોલીસને ચોંકાવી દીધી છે. એસીપી ઝેડ. આર. દેસાઈના જણાવ્યા અનુસાર, આ માત્ર આક્રોશ નહીં પણ ક્રેડિટ લેવાની રાજનીતિ અને હિંસા ભડકાવવાનું આયોજન હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.ACP ઝેડ. આર. દેસાઈએ જણાવ્યું હતું કે, ગત 24 એપ્રિલ 2026ના રોજ અઠવા પોલીસ સ્ટેશનની હદમાં એક સગીર બાળકીની છેડતીનો બનાવ બન્યો હતો. આ ઘટનામાં પોલીસે તુરંત ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીની ધરપકડ કરી પંચનામું પણ કરવામાં આવ્યું હતું. જોકે, ગુનો નોંધાયા બાદ પણ લોકોમાં જે આક્રોશ જોવા મળ્યો હતો, તે વિશે અમને પણ આશ્ચર્ય થયું હતું કે પોલીસની ત્વરિત કાર્યવાહી છતાં આટલો વિરોધ કેમ? જોકે, દીકરી સાથે જોડાયેલી આ સંવેદનશીલ બાબત હોવાથી શરૂઆતમાં અમને આ આક્રોશ



સ્વાભાવિક લાગ્યો હતો.પરંતુ, ગઈકાલે એક ઓડિયો ક્લિપ વાઈરલ થઈ છે, જેમાં ખાસ કરીને 'આમ આદમી પાર્ટી'ના એક ઉમેદવારે કોઈને આ અંગે બ્રીફિંગ આપતા સાંભળી શકાય છે. તેમાં તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે 'આપણે ઢીલા નથી પડવાનું, ક્રેડિટ બીજા કોઈને ન મળવી જોઈએ, આપણને જ મળવી જોઈએ. આપણે એગ્રેસિવ થયા એટલે જ પોલીસે ન્યાય આપ્યો છે.' પરંતુ આ વાતો વાસ્તવિકતાથી તદ્દન અલગ છે.આ ઉપરાંત, એક વીડિયો પણ વાઈરલ થયો છે જેમાં મેહુલ ઉર્ફે રાવણ નામના એક વ્યક્તિ, જે AAP સાથે જોડાયેલો હોવાનું મનાય છે, તે પોલીસ સ્ટેશનમાં જોવા મળે છે. પોલીસ સ્ટેશનના CCTV ફૂટેજમાં પણ તે કેદ થયો છે.

આ ઓડિયો વાઈરલ થતાં જ સુરત પોલીસ કમિશનર સાહેબે આ અંગે ત્વરિત તપાસના આદેશ આપ્યા છે.સાયબર સેલ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ પણ આમાં કાર્યરત છે. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે તેઓ પોલીસ સ્ટેશન અને ભાજપ કાર્યાલય પર હુમલો કરવાનું પૂર્વ આયોજિત કાવતરું ઘડી રહ્યા હતા, જે પોલીસે સમયસર રોકી દીધું છે. આ ઉમેદવાર વોર્ડ નંબર 29ના જીવાકાકા છે, જેઓ આમ આદમી પાર્ટીના છે અને તેમની વાતચીત પરથી લાગે છે કે તેઓ SPG ગ્રુપ સાથે પણ સંકળાયેલા હોઈ શકે છે.આ ઘટના પાટીદાર બહુલ વિસ્તારમાં બની હોવાથી ભાવનાઓ ખૂબ જ તીવ્ર હતી. અલથાણ પોલીસ સ્ટેશનનો ઘેરાવ અને રિકન્સ્ટ્રક્શન વખતે થયેલો જનઆક્રોશ જે રીતે મેનેજ કરવામાં આવ્યો, તેનાથી અનેક પ્રશ્નો ઉભા થયા છે. પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરનાર ટોળામાં ખરેખર પીડિત પરિવારના હિતેચ્છુઓ હતા કે પછી રાજકીય પક્ષના મોકલેલા માણસો? તે તપાસનો વિષય છે. પોલીસે જણાવ્યું કે દીકરી સાથેની છેડતી એ સંવેદનશીલ બાબત છે, પરંતુ તેના નામે કાયદો અને વ્યવસ્થા હાથમાં લેવાનો પ્રયાસ સાંખી લેવામાં આવશે નહીં.આ સમગ્ર વિવાદ વચ્ચે AAPના નેતા ગોપાલ ઈટાલિયાએ તમામ આરોપોને નકારી દીધા છે. તેમણે મીડિયા સમક્ષ નિવેદન આપ્યું છે કે, 'આ વિરોધ પ્રદર્શનમાં આમ આદમી પાર્ટીના કોઈ પણ કાર્યકર્તા કે નેતા સામેલ નથી. ભાજપ પોતાની નિષ્ફળતા છુપાવવા અને AAPની વધતી જતી લોકપ્રિયતાથી ડરીને અમને બદનામ કરી રહી છે.' જોકે, એક બાજુ ઈટાલિયાનો ઈનકાર છે અને બીજી બાજુ પોલીસ પાસે રહેલા ઓડિયો-વીડિયો પુરાવા છે, જે આગામી દિવસોમાં AAP માટે મુશ્કેલીઓ વધારી શકે છે.સુરત પોલીસ કમિશનરે સ્પષ્ટ કર્યું છે કે પુરાવાઓ સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. વાઈરલ ઓડિયો ક્લિપની સત્યતા તપાસવા માટે તેને એફએસએલ (FSL) માં મોકલવામાં આવી શકે છે. સાયબર સેલ એ તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર નજર રાખી રહ્યું છે જેના દ્વારા ઉશ્કેરણીજનક મેસેજ ફેલાવવામાં આવ્યા હતા.

---

# સો.મીડિયા પર અશ્લીલ પોસ્ટ મૂકી ભાજપ નેતા પાસે ખંડણીની માગ

## અગાઉ AI વીડિયો અને હવે 1 લાખ માગી નેતાની છબી ખરડવાનો પ્રયાસ, બે શખસો સામે ગુનો દાખલ

સુરત

આગામી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના માહોલ વચ્ચે ગોડાદરા વિસ્તારમાં સક્રિય અને ભાજપના પૂર્વ કોર્પોરેટર અમિતસિંહ રાજપૂતને સોશિયલ મીડિયાના માધ્યમથી ટાર્ગેટ કરવામાં આવ્યા છે. તેમની છબી ખરડવા માટે બિભત્સ પોસ્ટ મૂકીને 1 લાખ રૂપિયાની ખંડણી માંગનારા બે શખ્સો સામે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.



ગોડાદરા પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપી અરુણ પાઠક અને તેના સાગરીત મોહન કનોજિયાએ પૂર્વ આયોજિત કાવતરું રચીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર અમિતસિંહ રાજપૂતના ફોટાનો દુરુપયોગ કર્યો હતો. આરોપીઓએ તેમના નામે વાંધાજનક લખાણ અને બિભત્સ તસવીરો પોસ્ટ કરી હતી. આ પોસ્ટ દ્વારા સમાજમાં તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ પોસ્ટ હટાવવા માટે સોદાબાજી કરતા આરોપીઓએ અમિત રાજપૂત પાસે 1 લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. ફરિયાદમાં ઉલ્લેખ છે કે, જો પૈસા આપવામાં નહીં આવે તો વધુ ગંભીર પ્રકારના ફોટા અને લખાણ વાયરલ કરી તેમને ચૂંટણી લડવા માટે અયોગ્ય સાબિત કરવાની ધમકી આપવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, અમિત રાજપૂતને ડિજિટલ માધ્યમથી હેરાન કરવાનો આ પ્રથમ કિસ્સો નથી. થોડા સમય પહેલા જ તેમણે આમ આદમી પાર્ટી (AAP) ના ઉમેદવાર શ્રવણ જોશી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તે સમયે આરોપ હતો કે શ્રવણ જોશીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો ઉપયોગ કરીને અમિત રાજપૂતનો ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે જોડાયેલો ખોટો વીડિયો બનાવ્યો હતો. પોતાની પ્રતિષ્ઠા પર થયેલા આ હુમલા બાદ અમિત રાજપૂતે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે ખંડણી અને આઈટી એક્ટ (IT Act)ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

---

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસની 27 મુદ્દાઓને લઈને ચૂંટણી પંચને ફરિયાદ

## મતદાન વધતા પરિવર્તન આવશે એવો પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ વિશ્વાસ વ્યક્ત કર્યો

અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાન થયું હતું. જો કે ઉમેદવારી ફોર્મ ભરવાથી લઈને મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ ત્યાં સુધી ભાજપ દ્વારા પોલીસ અને તંત્રનો ખૂબ દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. ઉમેદવારોને ધાક ધમકી આપવાથી લઈને ગુંડાગર્દી કરવામાં આવી હોવાનો ભાજપ પર અને પોલીસ પર કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. જોકે, અલગ-અલગ 27 મુદ્દાને લઈને કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચને ફરિયાદ કરવામાં આવી છે તેમજ ચૂંટણી પંચ કડક કાર્યવાહી કરે એવી માંગ પણ કરવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉત્સાહભેર મતદારોએ ભાગ લીધો હતો. ભાજપના તમામ કાવાદાવા, ધામ ધમકી અને ગેરબંધારણીય રીતે જે પ્રક્રિયા કરવામાં આવી તેની સામે યોદ્ધા તરીકે લડવા માટે કોંગ્રેસના ઉમેદવારોને અભિનંદન આપું છું. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાથી શરૂઆતથી જ ઉમેદવારોની ફોર્મ ના ભરવા દેવા માટે અને અપક્ષ ફોર્મ ભરાવા માટે પોલીસનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રચાર પ્રસાર કરતા સમયે પણ પોલીસ તંત્ર અને ચૂંટણી પંચ એક તરફી રહ્યું હતું. ભાજપના ઉમેદવારો દારૂ પૈસાની વિતરણ કરતું હોય તો રોકવા જતા કોંગ્રેસમાં ઉમેદવારો પર હુમલો કરવામાં આવતો હતો. ગઈકાલે અને આજે પણ ગુંડાગર્દી જોવા મળી હતી. કેટલીક જગ્યાએ રાતોરાત મતદાર મથક બદલી દેવામાં આવ્યા છે. અનેક જગ્યાએ મતદારોનો મતનો અધિકાર છીનવી લેવામાં આવ્યો હતો. વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં અમિત શાહના મતવિસ્તાર સરખેજમાં ભાજપના નેતાઓ દ્વારા કોંગ્રેસના ઉમેદવારો પર હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે ભાજપનો ખેસ પહેર્યો હોય તેવું જોવા મળ્યું હતું. ગરમી હોવા છતાં પણ ગ્રામ્ય વિસ્તારમાં લગભગ એવરેજ 60 ટકાથી વધારે મતદાન થયું છે. શહેરમાં પણ 50 ટકાથી વધારે મતદાન થયું છે. કપરા સમયમાં સરકારની જોહુકની તાનાશાહી સામે મક્કમતાથી ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા.

---

## રાશીફળ (તા.27-04-2026)

**મેષ (અ.લ.ઈ)** ઉર્જાથી ભરપૂર રહેશો. વ્યવસાયિક બાબતોમાં સાનુકૂળતા રહેશે. પરિવાર સાથે સમય વિતાવવાની તક મળશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**વૃષભ (બ.વ.ઉ)** આર્થિક દૃષ્ટિએ દિવસ મિશ્ર ફળદાયી રહેશે. અટકેલા કામો પૂરા કરવા માટે વધુ મહેનત કરવી પડશે. મિત્રો તરફથી સહયોગ મળી શકે છે.

**મિથુન (ક.છ.ઘ)** તમારા મધુર વ્યવહારથી લોકો પ્રભાવિત થશે. નોકરીમાં પ્રગતિના યોગ છે. જીવનસાથી સાથે વૈચારિક મતભેદ ટાળવા.

**કર્ક (ડ.હ)** કાલે માનસિક શાંતિ જાળવી રાખવી જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. અચાનક મુસાફરીનો યોગ બની શકે છે જે ફાયદાકારક રહેશે.

**સિંહ (મ.ટ)** આત્મવિશ્વાસમાં વધારો થશે. સામાજિક પ્રતિષ્ઠા વધશે. સંતાન પક્ષ તરફથી સારા સમાચાર મળી શકે છે. નવું રોકાણ ટાળવું.

**કન્યા (પ.ઠ.ણ)** નોકરી અને ધંધામાં સહકર્મીઓનો સાથ મળશે. આયોજનબદ્ધ રીતે કામ કરશો તો સફળતા ચોક્કસ મળશે. ઘરના વડીલોના આશીર્વાદ લેવા.

**તુલા (ર.ત)** ભાગ્યનો સાથ મળશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યાઓનો અંત આવશે. વિદેશથી જોડાયેલા સમાચાર મળી શકે છે.

**વૃશ્ચિક (ન.ય.)** કાલે વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. વાણી પર સંયમ રાખવો જરૂરી છે, નહીંતર વિવાદ થઈ શકે છે. યોગ અને પ્રાણાયામ કરવાથી ફાયદો થશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** વ્યવસાયમાં નવી ભાગીદારી માટે સારો સમય છે. દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે. સરકારી કામકાજમાં ગતિ આવશે.

**મકર (ખ.જ)** શત્રુઓ પર વિજય પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં સફળતા મળી શકે છે. જૂના દેવામાંથી મુક્તિ મળવાની શક્યતા છે.

**કુંભ (ગ.શ.સ.ષ)** વિદ્યાર્થીઓ માટે દિવસ ઉત્તમ છે. રચનાત્મક કાર્યોમાં મન પરોવાશે. પ્રેમ સંબંધોમાં મજબૂતી આવશે. આર્થિક લાભ થવાની શક્યતા છે.

**મીન (દ.ચ.ઝ.થ)** જમીન કે મકાનને લગતા કામમાં પ્રગતિ થશે. કામના ભારણને કારણે થાક અનુભવાય. માતાના સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું.

---

# અમદાવાદ મનપાની 48 વોર્ડની 190 બેઠક પર મતદાન પૂર્ણ

## કુબેરનગરમાં કોંગ્રેસના કાર્યકરે ભાજપના કાર્યકરને ફડાકો માર્યો; દાણીલીમડાના ભાજપના ઉમેદવાર ઘર્ષણ સમયે બેભાન

અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકાના 48 વોર્ડની 192માંથી 2 બેઠકો બિનહરીફ થતાં બાકીની 190 બેઠકો પર આજે 26 એપ્રિલે મતદાન યોજાયું હતું. શહેરમાં રાજકીય ગરમીની સાથે-સાથે કુદરતી ગરમી પણ જોવા મળી હતી. આજે ગરમીનો પારો 44.8 ડિગ્રીએ પહોંચી જતાં મતદાન પર તેની અસર જોવા મળી હતી.કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે પરિવાર સાથે નારણપુરા સબ ઝોનલ ઓફિસ ખાતે મતદાન કર્યું હતું. તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પરિવાર સાથે શીલજ પ્રાથમિક શાળામાં મતદાન કર્યું હતું. બાદમાં કાર્યકર્તાઓ અને ભાજપના ઉમેદવારો સાથે ભૂપેન્દ્ર પટેલે ઝાડના છાંયડામાં બેસીને ચા પીતા-પિતા ગપસપ કરી હતી. મતદાન દરમિયાન હોબાળા અને મારામારીની ઘટના પણ સામે આવી હતી. છેલ્લી ઘડીએ એલિસબ્રિજ ગુજરાતી શાળા નંબર 14માં મતદારો અને હોમગાર્ડ વચ્ચે ઘર્ષણ થયું હતું. તો કુબેરનગર વોર્ડમાં વી.વી. તોમર સ્કૂલમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે મારામારી થઈ હતી, જેમાં કોંગ્રેસના કાર્યકરે કુબેરનગર વોર્ડના ભાજપના ઉમેદવાર ઉમેશસિંહ યાદવના પિતરાઈ ભાઈ સુરેશસિંહ યાદવને ફડાકો મારતા વાત ફરિયાદ સુધી પહોંચી હતી. કુબેરનગર વોર્ડમાં વી. વી. તોમર સ્કૂલમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે મારામારી.ભાજપના ઉમેદવારને માર મારતા દાખલદાણીલીમડા



વોર્ડના ભાજપના ઉમેદવાર વિનોદ પરમારને માર મારવામાં આવતા મણિનગરની એલજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દાણીલીમડા MS સ્કૂલમાં બોગસ મતદાન થતું હોવા અંગેની તેમને ફરિયાદ મળી હતી, જેના પગલે તેઓ ત્યાં પહોંચ્યા હતા અને ઘર્ષણ થયું હતું. સુત્રો મુજબ પોલીસ સાથે ઘર્ષણ થયું અને પોલીસ દ્વારા ધક્કો મારવામાં આવતા તેઓ નીચે પડતા બેભાન થઈ ગયા હતાં. હાલમાં તેમને સારવાર માટે એલજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.દાણીલીમડા વોર્ડના ભાજપના ઉમેદવાર હર્ષદ વાઘેલા જણાવ્યું હતું કે, એમ. એસ. પબ્લિક સ્કૂલ ખાતે મતદાન મથકમાં રાઉન્ડમાં આવ્યા હતા, ત્યારે મતદાન મથકમાં ગેરરીતી ચાલી રહી છે અને તપાસ કરતાં કોંગ્રેસ પક્ષની સ્લીપ સાથે મત આપવા ઈવીએમ સુધી ગયા હતા. આ બાબતે પ્રિસાઈડિંગ ઓફિસરનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, પરંતુ તેમણે કોઈ સહકાર આપ્યો નહોતો.પ્રિસાઈડિંગ ઓફિસરના ટેબલ પર પત્રિકા જોવા મળી હતી. કોંગ્રેસ પક્ષની પત્રિકા પણ જાહેરાતમાં જોવા મળી હતી. કોંગ્રેસની પત્રિકા બતાવી અને મતદાન કરવા માટે જણાવી રહ્યા હતા, જેથી આ બાબતે પ્રિસાઈડિંગ ઓફિસરને પણ અમે જણાવ્યું હતું, પરંતુ તેમણે કોઈ ધ્યાન આપ્યું નહોતું અને જવાબ આપ્યો નહીં. RO રાવલ સાહેબને બોલાવી અને જાણ કરી હતી, જેથી ખરેખર સ્કૂલમાં કોંગ્રેસની પત્રિકા ફરી રહી હતી.

---

# કંડલા એરપોર્ટ 45.2 ડિગ્રી સાથે સૌથી ગરમ વિસ્તાર



અમદાવાદ

હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે દિવસ માટે આકરી ગરમી અને હીટવેવની ચેતવણી જાહેર કરી છે, જેમાં તાપમાનનો પારો 45 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે, ત્યારે રાજ્યમાં 45.2 ડિગ્રી સાથે કંડલા એરપોર્ટ રાજ્યમાં સૌથી ગરમ વિસ્તાર બન્યો છે, જ્યારે પાંચ શહેરમાં તાપમાનનો પારો 44 ડિગ્રીને પાર કરી ગયો છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, અમરેલી અને સુરેન્દ્રનગરનો સમાવેશ થયા છેહવામાન વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, મતદાનના દિવસે જ અમદાવાદમાં 44 ડિગ્રી તાપમાન નોંધાયું છે, જેના કારણે નાગરિકોને બપોરના સમયે બહાર ન નીકળવા અને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, પાટણ અને સુરત જિલ્લામાં હીટવેવની અસર જોવા મળશે. જ્યારે આવતીકાલે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, પાટણ ઉપરાંત બોટાદ અને અમદાવાદ જિલ્લામાં પણ કાળઝાળ ગરમી પડવાની શક્યતા છે.

આજે રાજ્યમાં મતદાનનો ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ ગરમીના પ્રકોપને જોતા મતદારોએ વહેલી સવારથી જ મતદાન મથકો પર પહોંચવાનું પસંદ કર્યું હતું. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન 44C નોંધાયું છે. હવામાન વિભાગના અંદાજ મુજબ, આગામી સમયગાળા દરમિયાન તાપમાન 41C થી 45C ની વચ્ચે રહેવાની સંભાવના છે.

# વૃદ્ધા સાથે રેપ વિથ લૂંટના ગુનામાં આરોપીને 10 વર્ષની કેદ

## બાઈક ચાલકે અવાવરુ જગ્યાએ બાઈક ઊભું રાખી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું

• ગાંધીનગર

અમદાવાદ સુધી લિફ્ટ આપવાના બહાને 72 વર્ષીય વૃદ્ધાની અજ્ઞાનતાનો લાભ ઉઠાવી બાઈક પર બેસાડી ગાંધીનગરના દહેગામ તાલુકાના કડજોદરા ગામની સીમમાં રાતના અંધકારમાં રેપ વિથ લૂંટનાં ગુનાને અંજામ આપનાર 50 વર્ષીય સેક્સ મેનીયાકને ગાંધીનગર બીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એસ.વી. શર્માએ 10 વર્ષની સખત કેદ અને ભોગ બનનારને 2 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતી પાંચ સંતાનોની 72 વર્ષીય વિધવા માતા તા. 14મી સપ્ટેમ્બર, 2023ના રોજ ખેડા ખાતે મોટા દીકરાના ઘરે રહેવા માટે ગયા હતા અને 21મીએ એકલા પરત અમદાવાદ જવા માટે નીકળ્યા હતા. જેઓ ઈકો ગાડીમાં બેસી કઠલાલ ચોકડી બપોરના સમયે ઉતર્યા હતા. એ વખતે આશરે 50 વર્ષની ઉંમરનો અજાણ્યો શખસ બાઈક લઈને તેમની પાસે ગયો હતો અને વૃદ્ધાને નામથી બોલાવી કયા જવાનું પુછ્યું હતું. પોતાને બાઈક ચાલક ઓળખતો હોવાનું માનીને વૃદ્ધા બાઈક પર બેસી ગયા

આથી વૃદ્ધાએ અમદાવાદ નાના દીકરાને ઘરે જવાનું કહેતા શખસે અમદાવાદ ઉતારી દેવાનું કહ્યું હતું. આમ પોતાને બાઈક ચાલક ઓળખતો હોવાનું માનીને વૃદ્ધા બાઈક પર બેસી ગયા હતા. પરંતુ બાઈક ચાલક વૃદ્ધાને અજાણ્યા ગામમાં લઈ ગયો હતો. જેથી વૃદ્ધાએ બૂમાબૂમ કરી હતી. આ સાંભળીને ગામનો એક વ્યક્તિ દોડી આવતાં વૃદ્ધાએ તેમને પોતાના દીકરાનો મોબાઈલ નંબર જણાવ્યો હતો. જેથી બાઈક ચાલકે વૃદ્ધાના દીકરા સાથે વાત કરીને પોતે આ વૃદ્ધાને સારી રીતે ઓળખતો હોવાનું જણાવીને ઘરે મૂકી જવાની ખાતરી આપી હતી.બાદમાં રાતના આઠ વાગ્યાના અરસામાં બાઈક ચાલકે અવાવરુ જગ્યાએ બાઈક ઊભું રાખી વૃદ્ધાને ખેંચીને ઝાડીમાં લઈ જઈ ધમકીઓ આપી બળાત્કાર ગુજાર્યો હતો. રાત્રિ દરમ્યાન અવાર-નવાર બળાત્કાર ગુજારીને સવારે સોના-ચાંદીના દાગીના લૂંટી બાઈક લઈને ભાગી ગયો હતો.

# ધંધુકાનું વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ બંધ રહેશે :1 માર્ચથી 15 જૂન સુધી રિપેરિંગ માટે પાણી બંધ કરાશે; સિંચાઈ-પીવા પર અસર

• અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધંધુકા ખાતેની વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ આગામી 1 માર્ચથી 15 જૂન સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. કેનાલમાં તાત્કાલિક રિપેરિંગ કામની જરૂરિયાત હોવાથી તંત્ર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. આ અંગેનો પત્ર પણ જાહેર કરવામાં આવ્યો છે. આ કેનાલ બંધ થવાથી ધંધુકા પંથક સહિતના વિસ્તારોમાં તેની સીધી અસર જોવા મળશે. ખાસ કરીને ખેડૂતોને સિંચાઈના પાણીની અછતનો સામનો કરવો પડી શકે છે, જેના કારણે આગામી દિવસોમાં ખેતી પર અસર થવાની શક્યતા છે. વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ ધંધુકા શહેરને પીવાના પાણીનો પુરવઠો પણ પૂરો પાડે છે.

**યશવી ફાઉન્ડેશન** 14 માર્ચે યશવી ફાઉન્ડેશન દ્વારા યોજાનારાં સમૂહલગ્નમાં બંને હિન્દુ લગ્નવિધિથી લગ્નગ્રંથીએ બંધાશે

# સુરતમાં મુસ્લિમ યુવતીના હિન્દુ યુવક સાથે હિન્દુ વિધિથી લગ્ન થશે

## એક જ કંપનીમાં કામ કરતાં સંપર્કમાં આવ્યાં બાદ પરિવારની સંમતિથી પ્રભુતામાં પગલાં પાડશે

• સુરત

કહેવાય છે કે પ્રેમની કોઈ સીમા કે ધર્મ હોતો નથી. આ વાત સુરતમાં સાચી સાબિત થઈ છે. શહેરના 'યશવી ફાઉન્ડેશન' દ્વારા આયોજિત આગામી સમૂહલગ્નમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે, જે કોમી એકતા અને સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ સમૂહલગ્નમાં એક પિતાવિહોણી મુસ્લિમ યુવતી હિન્દુ યુવક સાથે હિન્દુ ધર્મની શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્નગ્રંથિથી જોડાશે.

બાળપણમાં પિતા ગુમાવનાર ફરહા વડગામા (મુસ્લિમ યુવતીના જે હિન્દુ યુવક સાથે હિન્દુ વિધિથી લગ્ન કરવા જઈ રહી છે) પાલનપુર જકાતનાકા વિસ્તારમાં પરિવાર સાથે રહે છે. તેને માતાએ જ ઘરકામ કરીને મોટી કરી છે. ફરહા પરિવારની એકની એક દીકરી છે. એ ખાનગી કંપનીમાં છેલ્લાં સાત વર્ષથી કામ કરી રહી છે. દરમિયાન તે ભાઠા ગામ ખાતે રહેતા મોહિતના સંપર્કમાં આવી હતી. મુસ્લિમ યુવતી ફરહા વડગામા અને હિન્દુ યુવક મોહિત છેલ્લાં સાત વર્ષથી એકબીજાને જાણે છે. બંને એક જ જગ્યાએ નોકરી કરતાં હતાં અને ત્યાંથી જ તેમની મિત્રતા પ્રેમમાં બદલાઈ હતી. ફરહાના પિતાનું અવસાન થઈ ચૂક્યું છે, પરંતુ તેની માતાએ દીકરીની ખુશી માટે આ સંબંધને મંજૂરી આપી છે. ફરહાએ જણાવ્યું હતું કે અમે બંને એકસાથે નોકરી કરતાં હતાં. ત્યાર પછી અમને પ્રેમ થયો અને પછી અમે અમારા ઘરે વાત કરી હતી. હવે અમારાં લગ્ન થવા જઈ રહ્યાં છે, તો આ અમારા બંને માટે ખૂબ જ ખુશીની વાત છે. અમે પરિવારજનોને મનાવ્યાં હતાં. અમે બંનેએ અમારા દિલની વાત કરી હતી કે અમે લગ્ન કરવા માગીએ છીએ. પછી બંને પરિવારજનોએ અંદરોઅંદર વાત કરી અને તેઓ માની ગયાં.અમે 7 વર્ષ સુધી સાથે નોકરી કરી છે. પહેલાં તો ઘરમાં જણાવવામાં ડર લાગતો હતો કે અમારો ધર્મ અલગ છે એટલે મુશ્કેલી થશે, પણ પછી મેં મારી મમ્મી સાથે વાત કરી અને તે માની ગઈ. સમાજનો પણ કોઈ ડર નથી. બધું બરાબર છે. અમે આ બધું પરિવારની સહમતીથી કરી રહ્યાં છીએ. મારા માટે બધું જ મારી મમ્મી છે. જો તેઓ માની ગયાં હોય, તો પછી મને કોઈની ચિંતા નથી. ફરહાની માતા અલ્લા રખીએ જણાવ્યું હતું કે પહેલાં તો ઘણાં વર્ષો સુધી ના પાડી હતી, અમારા બંને વચ્ચે ઘણા ઝઘડા પણ થયા હતા, પણ પછી તેની ખુશી માટે હું માની ગઈ. દીકરીની પસંદ છે, એટલે હવે મને પણ પસંદ જ છે.

મુસ્લિમ યુવતી સાથે લગ્ન કરવા જઈ રહેલા મોહિતે જણાવ્યું હતું કે પહેલાં તો થોડી મુશ્કેલીઓ આવી હતી, પણ પછી બધા માની ગયા. ધર્મને કારણે જ થોડી મુશ્કેલીઓ આવી હતી, પણ 7-8 વર્ષથી અમે સાથે હતાં એટલે ધીરે-ધીરે બધા માની ગયા.



આ કિસ્સાની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે ફરહા સ્વેચ્છાએ મોહિત સાથે હિન્દુ વિધિથી લગ્ન કરવા તૈયાર થઈ છે. યશવી ફાઉન્ડેશન દ્વારા જે પિતાવિહોણી દીકરીઓ માટે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે, એમાં આ બંને પણ જોડાશે. આ અંગે ફરહાની માતાએ જણાવ્યું હતું કે શરૂઆતમાં ધર્મ અલગ હોવાથી થોડો વિરોધ હતો, પણ દીકરીની ખુશી અને મોહિતના સારા સ્વભાવને જોઈને અમે હા પાડી છે. અમને કોઈ સામાજિક ડર નથી, માત્ર દીકરીનું સુખ જોઈએ છે.યશવી ફાઉન્ડેશનના આયોજકો દ્વારા આ આંતરધર્મીય લગ્નને આવકારવામાં આવ્યું છે. ફાઉન્ડેશન વર્ષોથી પિતા વિનાની દીકરીઓના લગ્ન કરાવી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવે છે. આ વખતે ફરહા અને મોહિતનાં લગ્ન આકર્ષણનું કેન્દ્ર બનશે, જે દર્શાવે છે કે માનવતા અને પ્રેમ કોઈપણ ધાર્મિક વાડાઓથી પર છે.સમાજમાં સકારાત્મકતાનું વાતાવરણ ઊભું કરવા વિવિધ સેવાયજ્ઞો થકી યશવી ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ કાર્યરત છે, જેના ભાગરૂપે સતત બે વર્ષથી યશવી ફાઉન્ડેશન પિતાવિહોણી અને જરૂરિયાતમંદ દીકરીઓનાં સમૂહલગ્નનું આયોજન કરતું આવ્યું છે અને આ વર્ષે પણ આ જ સત્કાર્યને આગળ ધપાવતા તારીખ 14 માર્ચ, 2026ના રોજ તૃતીય સર્વજ્ઞાતિ સમૂહલગ્ન માટે યશવી પરિવાર ખૂબ જ ઉત્સાહિત છે. સેવાના આ યજ્ઞની શરૂઆત 2024થી થઈ હતી, જ્યાં પ્રથમ વર્ષે 21 અને 2025માં બીજા વર્ષે 51 દીકરીનાં લગ્ન કરાવ્યાં બાદ આ વર્ષે 2026માં ત્રીજા વર્ષે 101 દીકરી પ્રભુતામાં પગલાં પાડશે.જ્યારે ઘરની દીકરી ઊંબરો ઓળંગીને નવા જીવનની શરૂઆત કરવા જતી હોય ત્યારે પરિવારમાં જે ઉમંગ અને લાગણી હોય છે એવી જ લાગણી યશવી પરિવારને આ દીકરીઓ માટે છે. દીકરીઓનાં પાનેતર અને મહેંદી પ્રસંગથી માંડીને કરિયાવર સહિતની લગ્નપ્રસંગની તમામ વિધિઓ સંપૂર્ણ જવાબદારી સાથે સંપન્ન કરવી એ અમારો ઉદ્દેશ છે. આ વર્ષે સમૂહલગ્નના વિવિધ પ્રસંગોમાં પાનેતર વિધિ 25 ફેબ્રુઆરીએ, મહેંદી પ્રસંગ 11 માર્ચે યોજાશે, જ્યારે તૃતીય સમૂહલગ્ન તારીખ 14 માર્ચ, 2026ના રોજ રાખવામાં આવ્યાં છે.

### વઢવાણા પોતાની ઈકો-ટુરિઝમ અને રામસર સાઈટ' તરીકેની પ્રતિષ્ઠા ગુમાવી દેશે

# ઐતિહાસિક વઢવાણા વેટલેન્ડ ગંદકીના ગરકાવ ગાયકવાડી શાસનનું ધરોહર સમાન તળાવ તંત્રની ઘોર બેદરકારીનો ભોગ બન્યું

**ઐતિહાસિક વઢવાણા તળાવ** શાસનની યાદ અપાવતું ઐતિહાસિક વઢવાણા તળાવ આજે વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે પોતાની ઓળખ ગુમાવી

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલું અને ગાયકવાડી શાસનની યાદ અપાવતું ઐતિહાસિક વઢવાણા તળાવ આજે વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે પોતાની ઓળખ ગુમાવી રહ્યું છે. આશરે 16 કિલોમીટરના ઘેરાવામાં ફેલાયેલું આ વિશાળ તળાવ, જે ક્યારેક પક્ષીઓ માટે સ્વર્ગ ગણાતું હતું, તે આજે ગંદકી, લીલ અને ઝાડી-ઝાખરાનું સામ્રાજ્ય બની ગયું છેગંદકી અને ઝાડી-ઝાખરાનું સામ્રાજ્ય સમગ્ર મધ્ય ગુજરાતમાં જેની ગણના મહત્વના વેટલેન્ડ તરીકે થાય છે, તે વઢવાણા તળાવના કિનારાઓ હાલ કચરાના ઢગલાથી ઉભરાઈ રહ્યા છે. તળાવના પાણીમાં અસંખ્ય પ્રમાણમાં લીલ જામી ગઈ છે અને કિનારાની આસપાસ જંગલી



વનસ્પતિઓ તેમજ કાંટાળા ઝાડી-ઝાખરા ઉગી નીકળ્યા છે. સફાઈના અભાવે તળાવનું કુદરતી સૌંદર્ય હણાઈ રહ્યું છે.વિદેશી મહેમાનોની સંખ્યામાં ચિંતાજનક ઘટાડો

વઢવાણા તળાવ દર વર્ષે હજારો કિલોમીટર દૂરથી આવતા દેશ-વિદેશના યાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન છે. જોકે, આ વર્ષે ગંદકી અને યોગ્ય જાળવણીના અભાવે પક્ષીઓની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. પક્ષી પ્રેમીઓમાં પણ આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે પ્રદૂષિત વાતાવરણ પક્ષીઓના વસવાટ માટે જોખમી સાબિત થઈ રહ્યું છેતંત્રની બેદરકારી: વોચમેન અને પગીઓ છતાં દશા ઠેરની ઠેર તળાવની દેખરેખ અને સુરક્ષા માટે તંત્ર દ્વારા વોચમેન તેમજ પગીઓની નિમણૂક કરવામાં આવી છે તેમ છતાં, જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે સફાઈનો અભાવ: પગીઓ અને સ્ટાફ હાજર હોવા છતાં નિયમિત સફાઈ કરવામાં આવતી નથી જાળવણીમાં ઉદાસીનતા: જાડી-ઝાખરાના કારણે પ્રવાસીઓને પક્ષી દર્શનમાં પણ મુશ્કેલી પડી રહી છે નજરઅંદાજ થતી ફરિયાદો: સ્થાનિકો અને પર્યટકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર હજુ પણ ઘસઘસાટ ઊંઘી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

નિષ્કર્ષ: ગાયકવાડી રાજાઓએ પ્રજા અને પ્રકૃતિ માટે બનાવેલું આ અમૂલ્ય નજરાણું જો આવી જ રીતે અવગણવામાં આવશે, તો વઢવાણા પોતાની ઈકો-ટુરિઝમ અને રામસર સાઈટ' તરીકેની પ્રતિષ્ઠા ગુમાવી દેશે.

# સેન્ચુરિયન બ્લડ ડોનર ક્લબ દ્વારા સમાજ પ્રત્યે સમર્પિત અને ઉમદા સેવા બદલ અમદાવાદ રેડ ક્રોસ સ્ટાફનું સન્માન

## સામાન્ય રીતે અમદાવાદીઓ ખર્ચ કરવાની બાબતમાં કંજુસ ગણાય છે

કરવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે અમદાવાદીઓ ખર્ચ કરવાની બાબતમાં કંજુસ ગણાય છે. પરંતુ બીજી બાજુ જોઈએ તો અમદાવાદ રક્તદાનમાં ખૂબ જ ઉદાર છે. આ ઉમદા કાર્યને કારણે જ અમદાવાદને રક્તદાનની રાજધાની કહેવામાં આવે છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ જિલ્લા શાખાએ ભૂતકાળમાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. અમદાવાદ સમગ્ર વિશ્વમાં એકજ એવું શહેર છે જેમાં અત્યારે ૧૪૩ શતકવીર રક્તદાતાઓ છે. ગત વર્ષે 2025 માં અમદાવાદ જિલ્લા શાખાએ અત્યાર સુધીનું સૌથી વધુ 72000 બોટલ રક્તદાન એકત્રિત કરેલ. આ સિધ્ધિ એક કે બે વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત કરી શકાતી નથી, પરંતુ આખી ટીમના પ્રયત્નને કારણેજ મળે છે.અમદાવાદ રેડ ક્રોસના તમામ સભ્યોએ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પ્રશંસાનો વિચાર કર્યા વિના અથાક મહેનત કરી હતી. રેડ ક્રોસના તમામ સભ્યોના આ અથાગ પ્રયત્નને બિરદાવવા માટે સેન્ચ્યુરિયન બ્લડ ડોનર્સ ક્લબ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી. તેમના દ્વારા પડદા પાછળ કામ કરી રહેલા આ નાયકોનું સન્માન કરવાનું




આયોજન કરવામાં આવ્યું હતું. 26 ફેબ્રુઆરી ને અમદાવાદના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે અમદાવાદ રેડ ક્રોસ સેન્ચ્યુરિયન બ્લડ ડોનર્સ ક્લબ ના સભ્યો દ્વારા અમદાવાદ રેડ ક્રોસ દરેક સ્ટાફને સમાજ પ્રત્યે સમર્પિત સેવા બદલ સન્માનિત કરવા માટે સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ, અમદાવાદ રેડ ક્રોસના ચેરમેન અમિત દોશી , મુકેશભાઈ પટેલ અને સેક્રેટરી ડો. વિશ્વાસ અમીને સર્વે શતકવીર રક્તદાતાઓનો આભાર માન્યો અને તેમનું આ અભિવાદન સ્ટાફના સભ્યો માટે અત્યંત પ્રેરણાદાયક થશે તેવી ભાવના વ્યક્ત કરી. શતકવીર રક્તદાતાઓ દ્વારા રેડ ક્રોસના દરેક કમિટી મેમ્બરને પણ સ્મૃતી ચિન્હ આપી સન્માનિત કરાયા અને રેડ ક્રોસને યાદગીરીના ભાગ રૂપે એક સુંદર ટ્રોફી આપવામાં આવી.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં 28 લાખ ગ્રાહકોના વીજ કનેક્શન કપાશે 2,700 ટીમ તહેનાત, 12 સર્કલમાં 650 કરોડનું લેણું બાકી

• રાજકોટ

રાજકોટ સ્થિત PGVCL દ્વારા આજે(25 ફેબ્રુઆરી) સૌરાષ્ટ્ર-કચ્છમાં બાકીદારો પર તવાઈ બોલાવતા મેગા ડ્રાઈવ કરવામાં આવી છે. જેમાં છેલ્લા છ માસથી વીજ બિલ ન ભરતા 28.68 લાખ ગ્રાહકોના ઘરનું વિજ કનેક્શન કાપી નાખવામાં આવશે. પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ દ્વારા આ દિવસને ડીસકનેક્શન ડે તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. માર્ચ માસ નજીક આવતા જ PGVCL દ્વારા રેસીડેન્સીયલ, ઈન્ડસ્ટ્રીયલ અને ખેતીવાડી વિસ્તારમાં જેઓને વીજ કનેક્શન આપવામાં આવ્યું છે અને વીજ બિલ ભર્યુ નથી તેમનું લિસ્ટ બનાવવામાં આવ્યુ છે. જેઓની પાસેથી રૂ.652.99 કરોડની વસૂલાત બાકી હોવાનું સામે આવ્યું છે.

પશ્ચિમ ગુજરાત વિજ લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના 12 સર્કલમાં રૂ.650 કરોડ જેટલું લેણું બાકી છે. જેમાં 28.68 લાખ વીજ ગ્રાહકો છે. જેમનું 2થી 6 માસ સુધીનું વિજ બિલ બાકી છે. માર્ચ માસ નજીક આવતા મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. પાલિકાઓનું ઘણા સમયથી વીજ બિલ બાકી છે, પરંતુ તે આવશ્યક સેવાઓમાં આવતી હોવાથી આ ડ્રાઈવમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો નથી. રાજકોટના મોરબી રોડ સબ ડિવિઝનના ડેપ્યુટી એન્જિનિયર ડી.એન.પટેલે જણાવ્યુ હતું કે, 25મી ફેબ્રુઆરીએ PGVCL ડીસકનેક્શન ડે ઉજવી રહ્યું છે. જેનો મતલબ એ થયો કે આ દિવસે જે લોકોએ વીજ બિલ ભર્યુ નથી તેમની પાસેથી પૈસા નથી લેવાના, પરંતુ વીજ કનેક્શન કાપીને જ આવવાનું રહેશે. રેસીડેન્સીયલ, ઈન્ડસ્ટ્રીયલ અને ખેતીવાડીના વીજ ગ્રાહકો કે જેઓએ વીજ બિલ ભર્યા નથી તેમનું વીજ કનેક્શન કાપવામાં આવશે.તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, અહીં ટોપ 3000 ગ્રાહકોનું લિસ્ટ બનાવવામાં આવ્યુ છે. જેઓને ત્યાં દરોડા પાડી વીજ કનેક્શન કાપવામાં આવશે. જે બાદ તેઓ નાણાં ભરશે પછી જ ફરી વીજ કનેક્શન આપવામાં આવશે. સામાન્ય રીતે વીજ બિલ ન ભર્યું હોય ત્યાં PGVCLની ટીમ જ્યારે વીજ કનેક્શન કાપવા માટે જાય ત્યારે સમજાવટ બાદ ગ્રાહકો દ્વારા નાણા ભરપાઈ કરવામાં આવે છે. જોકે તેનાથી ગ્રાહકોને એક ટેવ પડી ગઈ છે કે અમે જ્યારે તેમની પાસે વીજબિલના નાણા માગવા જાય ત્યારે જ ભરે છે જેથી તેમાં સુધારો આવે તે માટે ડીસકનેક્શન ડ્રાઈવ યોજવામાં આવી છે. PGVCLની 2700 જેટલી ટીમ અલગ-અલગ વિસ્તારોમાં ત્રાટકી છે અને વીજ બિલ ભરવાનું બાકી હોય તે ગ્રાહકોના વીજ કનેક્શન કાપી રહ્યું છે. જેમાં જરૂર પડશે તો PGVCL દ્વારા પોલીસની મદદ પણ લેવામાં આવશે.

# ગૂંગળામણથી માતા-પુત્રનાં મોત:ઘરે હાજર ન હોવાથી પૌત્રનો બચાવ

• રાજકોટ

રાજકોટ શહેરના પેલેસ રોડ પર આવેલા મનમંદિર એપાર્ટમેન્ટમાં ચોથા માળે આગ લાગવાની ઘટના સામે આવી છે. જેના કારણે ફ્લેટની અંદર હોલ તેમજ કિચનમાં સંપૂર્ણ ઘરવખરી બળીને ખાખ થઈ જવા પામી છે જયારે ઘરની અંદર રૂમમાં સુતેલા વૃદ્ધ માતા-પુત્રને ગૂંગળામણના કારણે બેભાન હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવતા તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગેની જાણ થતા ફાયરબ્રિગેડ સ્ટાફે તાત્કાલિક સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો અને પોલીસે આગનું ચોક્કસ કારણ જાણવા FSLની મદદ મેળવી માતા-પુત્રના મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.વી.બોરીસાગરે જણાવ્યું હતું કે, રાજકોટ શહેરના પેલેસ રોડ પર આવેલા વર્ધમાનનગર શેરી નંબર 8માં આવેલા મનમંદિર એપાર્ટમેન્ટમાં ચોથા માળે બ્લોક નંબર સી-402માં ગઈકાલે(25 ફેબ્રુઆરી) રાત્રિના 12 વાગ્યા આસપાસ ભીષણ આગ લાગી હતી. જેના કારણે ફ્લેટમાં હોલ તેમજ કિચનની અંદર સામગ્રી બળીને ખાખ થઈ ગઈ છે.આગ લાગી ત્યારે ઘરની અંદર રૂમમાં વૃદ્ધ માતા પ્રભાબેન ભગવાનજીભાઈ પુજારા (ઉ.વ.92) અને પુત્ર નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજારા જેમની ઉંમર આશરે 62 વર્ષ છે જેમને કોઈ બર્ન ઈન્જરી થવા પામી નથી, પરંતુ ગુંગળામણ થવાના કારણે બેભાન હાલતમાં બન્નેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેનું મોત નીપજ્યું હતું.

### સાણંદમાં આંબેડકર ભવન નિર્માણમાં વિલંબ

# અનુસૂચિત જાતિ સમાજે નગરપાલિકા પ્રમુખને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ

• અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સાણંદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના નિર્માણમાં છેલ્લા સાત વર્ષથી થઈ રહેલા વિલંબને લઈને અનુસૂચિત જાતિ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે સમાજ દ્વારા નગરપાલિકાપ્રમુખને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સાણંદ શહેરના ઠક્કરબાપા છાત્રાલયની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં સને ૨૦૧૯માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના નિર્માણ માટે સાણંદ નગરપાલિકા દ્વારા ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. તે સમયે ભવનના નિર્માણ માટે ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. જોકે, ખાતમુહૂર્ત



થયાના લગભગ સાત વર્ષ વીતી ગયા હોવા છતાં, આજદિન સુધી ભવનનું કોઈપણ પ્રકારનું નિર્માણ કાર્ય શરૂ થયું નથી. આના કારણે સ્થાનિક અનુસૂચિત જાતિ સમાજમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.અનુસૂચિત જાતિ સમાજના લોકોના જણાવ્યા અનુસાર, સાણંદ શહેર અને આસપાસના તાલુકાના ગામડાઓમાં અંદાજે 15000 થી વધુ અનુસૂચિત જાતિના લોકો વસવાટ કરે છે. તેમના માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામે ભવનનું નિર્માણ માત્ર એક ઈમારત નહીં, પરંતુ સમાજના આત્મસન્માન, ગૌરવ અને સામાજિક એકતાનું પ્રતીક છે. સમાજના આગેવાનોનો આક્ષેપ છે કે, વર્ષ 2019માં ગ્રાન્ટ મંજૂર થયા બાદ પણ ભવનનું કામ શરૂ ન થવું એ પ્રશાસનની ગંભીર બેદરકારી દર્શાવે છે. હાલ આ જગ્યા હજુ પણ ખુલ્લા પ્લોટ તરીકે પડી રહી છે, જેના કારણે સમગ્ર અનુસૂચિત જાતિ સમાજની લાગણીઓને ઠેસ પહોંચી રહી છે.સમસ્ત અનુસૂચિત જાતિ સમાજ દ્વારા નગરપાલિકા અને સંબંધિત પ્રશાસનને અપીલ કરવામાં આવી છે કે, અગાઉ મંજૂર થયેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનનું નિર્માણ કાર્ય તાત્કાલિક શરૂ કરી તેને ઝડપથી પૂર્ણ કરવામાં આવે. જો સમયસર યોગ્ય કાર્યવાહી નહીં થાય તો સમાજ દ્વારા લોકશાહી રીતની ચળવળ હાથ ધરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

મતદાન

યુવતીનું વ્હાઇટ થીમ સાથે ફર્સ્ટ ટાઇમ વોટિંગ; જાણો વોર્ડ વાઇઝ વોટિંગ

# હર્ષ સંઘવીએ પત્ની સાથે મતદાન કર્યું, સુરત મનપાનું 53.13% મતદાન

## 2021માં સુરત મહાનગરપાલિકની ચૂંટણીમાં 47.14 % મતદાન થયું હતું, જેમાં 9,00,785 પુરુષો અને 6,49,250 મહિલા મતદારો મળી કુલ 15,50,035 મતદારોએ મતદાન કર્યું હતું

• સુરત

સુરત મહાનગરપાલિકાના 30 વોર્ડની 120 બેઠકો માટે આજે રવિવાર, 26 એપ્રિલ 2026ના રોજ મતદાન યોજાયું હતું. જેમાં 483 ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ થયા છે. છેલ્લા ત્રણ દાયકાથી ભાજપના શાસન ધરાવતા આ ગઢમાં આ વખતે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો છે, જેમાં સાંજે 6 વાગ્યા સુધીમાં અંદાજે 53.13% જેટલું મતદાન નોંધાયું છે. આકરી ગરમી અને 40 ડિગ્રી તાપમાન પણ સુરતીઓના મનોબળને તોડી શક્યું નથી.

2026ની સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ગત વર્ષ કરતાં વધુ મતદાન થયું છે, છ વાગ્યા સુધીમાં 53.13% મતદાન નોંધાયું છે. 7,38,697 પુરુષ અને 5,76,896 મહિલા મતદારો મળી કુલ 13,15,593 મતદારોએ મતદાન કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 2021માં સુરત મહાનગરપાલિકની ચૂંટણીમાં 47.14 % મતદાન થયું હતું, જેમાં 9,00,785 પુરુષો અને 6,49,250 મહિલા મતદારો મળી કુલ 15,50,035 મતદારોએ મતદાન કર્યું હતું. સૌથી વધુ મતદાન પાટીદાર અને પરપ્રાંતીય બહુલ વિસ્તારો જેવા કે વરાછા, સરથાણા અને સીમાડા (વોર્ડ નં. 3) માં જોવા મળ્યું હતું. બીજી તરફ, સૌથી ઓછું મતદાન વોર્ડ નંબર 14 (ઉમરવાડા-માતાવાડી) માં નોંધાયું હતું. વહીવટી દ્રષ્ટિએ કેટલીક જગ્યાએ EVM ખોટકાયા હોવાની ફરિયાદો ઉઠી હતી, જેમાં વોર્ડ નં. 21 ના બૂથ નં. 88 પર મશીન બંધ પડતા પ્રક્રિયા થોડી ધીમી પડી હતી.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા અને ધારાસભ્ય કુમાર કાનાણી, અલ્પેશ કથરિયાસહિતના નેતાઓએ સપરિવાર મતદાન કરી લોકોને લોકશાહીના પર્વમાં જોડાવા અપીલ કરી હતી. સ્વામિનારાયણ ગુરુકુળના સંતોએ પણ 'વોટમાં જ વટ છે' ના સૂત્ર સાથે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

26 એપ્રિલે સાંજે 6 વાગ્યા સુધીમાં સુરત મનપાનું 53.13% મતદાન નોંધાયું છે. હોસ્પિટલમાંથી મતદારો મતદાનમથકે પહોંચીને મતદાન કર્યુ મતદાન મથકો પર અનેક પ્રેરણાદાયી દ્રશ્યો જોવા મળ્યા હતાં. જેમાં બીમારી અને 100% મનોદિવ્યાંગ યુવતી શિરીન, કેન્સરની પીડા ભોગવતા રતિભાઈ માંગરોળીયા અને સર્જરીના માત્ર ચાર દિવસ બાદ વોકરના સહારે આવેલા રેખાબેને મતદાન કરી મિશાલ રજૂ કરી હતી. 91 વર્ષીય જગદીશચંદ્ર પંડ્યા અને એમ્બ્યુલન્સમાં આવેલા 84 વર્ષીય અવલબેન ડોબરીયાએ દાયકાઓથી



ચાલતી તેમની મતદાનની પરંપરા જાળવી રાખી હતી.જ્યારે વાંઝ ગામમાં વરરાજા જીગરભાઈ વાંઝવાલાએ લગ્નની જાન પ્રસ્થાન કરતા પહેલા અને અડાજણમાં યશ પટેલે પીઠીની વિધિ વચ્ચે મતદાન કરી નાગરિક ધર્મને પ્રાધાન્ય આપ્યું હતું.

પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોમાં વિકાસ અને રોજગાર મુદ્દે સ્પષ્ટ દ્રષ્ટિકોણ જોવા મળ્યો હતો. સોફ્ટવેર એન્જિનિયર દિશા દુગ્ગડ જેવા યુવા મતદારોએ આઈટી સેક્ટરના વિકાસ અને 'ફાઈવ ડે વર્કિંગ' કલ્ચર જેવી પોલિસીઓની અપેક્ષા સાથે વોટ આપ્યો હતો. સુરત મનપાની આ ચૂંટણીમાં ગરમીના પ્રકોપ છતાં લોકોએ અત્યારે ચાલી રહેલી ચૂંટણીના માહોલ વચ્ચે સુરતના ઘોડદોડ રોડ પરથી લોકશાહીના પર્વની એક પ્રેરણાદાયી તસવીર સામે આવી છે. અહીં સવારથી જ ઉત્સાહપૂર્વક મતદાન થઈ રહ્યું છે, જેમાં 100 ટકા મનોદિવ્યાંગ યુવતી શિરીન આકર્ષણનું કેન્દ્ર બની હતી. શિરીનને જન્મજાત રીતે માનસિક મર્યાદાઓ હોવા છતાં તેને રાજકારણમાં ઊંડો રસ છે અને તે દેશની ગતિવિધિઓથી માહિતગાર રહે છે. પોતાની દીકરીના આ રસ અને ઉત્સાહને જાળવી રાખવા માટે તેની માતા ખાસ તેને મતદાન કેન્દ્ર પર લાવ્યા હતા અને શિરીને મતાધિકારનો ઉપયોગ કરીને અન્ય નાગરિકો માટે એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પરિવર્તનના મુદ્દે મક્કમ રહીને મતદાન કર્યું હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયેલા આ મતદાન બાદ હવે સૌની નજર પરિણામો પર ટકેલી છે, જે 28 એપ્રિલે સુરત મનપાની રાજકીય દિશા નક્કી કરશે. વર્ષ 2021ની મનપાની ચૂંટણીમાં કુલ 47% મતદાન થયું હતું, જેની સરખામણીએ વર્ષ 2026ની મનપા ચૂંટણીમાં સાંજે 5:00 વાગ્યા સુધીમાં જ સુરતમાં 50% મતદાન નોંધાઈ ચૂક્યું છે. હાલ અંતિમ મિનિટો બાકી હોવા છતાં પણ લોકો મોટી સંખ્યામાં મતદાન કરવા માટે આવી રહ્યા છે. ધાનાણી નેન્સીએ વોર્ડ નંબર સાતમા પોતાનું પહેલું મતદાન નોંધાવ્યું જેને લઈને તેને ગર્વની લાગણી અનુભવી અને તેણે જણાવ્યું કે અમે જે સરકારને મત આપશો તેની પાસે આશા રાખું કે રોડ રસ્તા અને વિકાસના કાર્યો કરતા રહે. ગૌરીબેન ઘોઘારીએ જણાવ્યું હતું કે, તેઓ મોંઘવારીથી થાકી ગયા છે અને હવે પરિવર્તન લાવવા માંગે છે અને તેથી પરિવર્તન માટે મતદાન કર્યું છે.

કિન્નર સમાજના લોકો એ ઉત્સાહ સાથે મતદાન કર્યું મેં મારી ફરજ નિભાવી શુ તમે? મતદાન કર્યું. કિન્નર સમાજે પણ મતદાન કરી લોકોને મતદાન કરવા અપીલ કરી છે. કિન્નર સમાજના લોકો એ ઉત્સાહ સાથે મતદાન કર્યું છે. દરેક નાગરિક ની ફરજ છે મતદાન થી બાકી છે તેઓ વહેલી તકે મતદાન કરો. કિન્નર સમાજ પણ દેશનો અહેમ ભાગ છે. કિન્નર સમાજે મતદાન કરી સેલ્ફી લઈ લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. મહાનગરપાલિકામાં જે જીતીને આવે તે સ્થાનિક સમસ્યાઓ નો ઉકેલ લાવશે તેવી આશા છે.

ચૂંટણી ટાણે જ સુરતના પૂર્વ કોર્પોરેટર પાસે ખંડણી માંગવામાં આવી:ફેસબુક પર બિભત્સ ફોટા મુકી 1 લાખની માંગણી, ગોડાદરામાં ગુનો નોંધાયો

સુરતઃ ભાજપના પૂર્વ કોર્પોરેટર અને SMC ચૂંટણીના ઉમેદવાર અમિતસિંહ રાજપૂતને સોશિયલ મીડિયા પર બદનામ કરી તેમની પાસે લાખોની ખંડણી માંગવામાં આવી હોવાની ફરિયાદ ગોડાદરા પોલીસ મથકે નોંધાઈ છે.

ગુમ થયાની સ્ટોરી ઘડી પોલીસને ચકરાવે ચડાવી; દીકરાએ ખોલ્યું મર્ડરનું રહસ્ય

# પત્નીનું મર્ડર કરી 5 દિવસ લાશ સાથે રહ્યો પતિ લાકડાની પેટીમાં બોડી છૂપાવી સિમેન્ટનું લેયર કર્યું

મર્ડરનું રહસ્ય

સુરતના સલાબતપુરા વિસ્તારમાં માનવતાને શર્મસાર કરી દેતી એક અત્યંત કરુણ અને ક્રૂર હત્યાની ઘટના સામે આવી છે

• સુરત

સુરતના સલાબતપુરા વિસ્તારમાં માનવતાને શર્મસાર કરી દેતી એક અત્યંત કરુણ અને ક્રૂર હત્યાની ઘટના સામે આવી છે, જેમાં એક પાષાણ હૃદયના પતિએ પોતાની પત્નીની હત્યા કરી પુરાવા મિટાવવા માટે લાશને લાકડાની પેટીમાં પેક કરી તેના પર સિમેન્ટનું પ્લાસ્ટર લગાવી દીધું હતું. હત્યારો પતિ વિશાલ સાલવી પાંચ દિવસ સુધી પત્નીની લાશ સાથે જ ઘરમાં રહ્યો અને બહાર પત્ની ગુમ હોવાનું જૂઠું નાટક રચી પોલીસ તથા પરિવારને છેતરતો રહ્યો હતો. અંતે, 13 વર્ષના પુત્રને મળેલી કબૂલાતની ચિટ્ઠીએ આ ઘૃણાસ્પદ ગુનાના ભયાનક રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો છે.મૂળ આરોપી વિશાલ સાલવીએ પોતાની પત્ની શિલ્પાની હત્યા કર્યા બાદ તેની લાશને સહારા દરવાજા



પાસે આવેલી કાગજીની ચાલમાં આવેલા પોતાના જૂના મકાનમાં છુપાવી દીધી હતી. હત્યાના પુરાવા મિટાવવા માટે તેણે લાશને લાકડાની પેટીમાં મૂકી તેના પર સિમેન્ટનું પડ ચડાવી દીધું હતું, જેથી લાશ સડવા લાગે તો પણ દુર્ગંધ બહાર ન આવે.હત્યાની આ ઘટના ગત 20 એપ્રિલે બની હતી. વિશાલ સાલવીએ પાંચ દિવસ સુધી પોલીસ અને પરિવારને અંધારામાં રાખ્યા હતા. શિલ્પાના પિતા પ્રદિપભાઈ કોસ્ટાએ જ્યારે ફોન કર્યો ત્યારે વિશાલે બનાવટી વાર્તા ઘડી કાઢી હતી કે, 'મેં શિલ્પાને હોસ્પિટલ પાસે ઉતારી હતી અને ત્યારથી તે ગુમ છે.' પિતા જ્યારે સુરત આવ્યા ત્યારે વિશાલ પોતે તેમની સાથે પોલીસ સ્ટેશન જઈને પત્ની ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવીને તપાસમાં મદદ કરવાનો દેખાવ પણ કરતો હતો.

આ રહસ્યનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે 25 એપ્રિલની રાત્રે શિલ્પાના 13 વર્ષના પુત્ર આરવે પોતાના સંબંધીને એક ચિટ્ઠીનો ફોટો વોટ્સએપ પર મોકલ્યો. આ ચિટ્ઠી તેના પિતા વિશાલે તેને આપી હતી અને ત્યારબાદ તે ઘર છોડીને ફરાર થઈ ગયો હતો. ચિટ્ઠીમાં વિશાલે કબૂલાત કરતા લખ્યું હતું કે, 'મેં ગુનો કર્યો છે અને આ માટે હું પોતે જ જવાબદાર છું.' આ સાથે જ તેણે હત્યાની તારીખ 20 એપ્રિલ અને લાશ ક્યાં છુપાવી છે, તેનું ચોક્કસ સરનામું પણ લખ્યું હતુંજ્યારે પોલીસ અને પરિવારજનો ચિટ્ઠીમાં દર્શાવેલા કાગજીની ચાલના મકાને પહોંચ્યા ત્યારે ત્યાંથી સિમેન્ટના પ્લાસ્ટર નીચે દબાયેલી શિલ્પાની કોહવાયેલી લાશ મળી આવી હતી.પોલીસને મળેલી ચિટ્ઠીમાં વિશાલ સાલવીએ લખ્યું હતું: 'હું વિશાલ રણછોડભાઈ સાલવી, આથી જણાવું છું કે લગ્નના ત્રણ વર્ષ પછી મારી પત્નીના વર્તનમાં બદલાવ આવવા લાગ્યો અને અમારા સંબંધોમાં અણબનાવ શરૂ થયો. આ બધું હું લાંબા સમય સુધી સહન કરતો રહ્યો, પરંતુ આખરે કંટાળીને અને મજબૂર થઈને મેં આ ગુનો કર્યો છે. આ બાબતમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ નથી, તમામ ગતિવિધિ મેં જાતે જ કરી છે.'મૃતક શિલ્પાના પિતાના જણાવ્યા મુજબ, વિશાલ કોઈ કામધંધો કરતો ન હતો, જેને લઈને દંપતી વચ્ચે સતત ઝઘડા થતા હતા.

15 વર્ષીય કિશોર સામે પોક્સો હેઠળ ગુનો નોંધાયો, માનવતાને શર્મસાર કરતી ઘટના

# સુરતમાં મસ્જિદના બાથરૂમમાં 5 વર્ષના માસૂમ પર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

• સુરત

સુરત શહેરના લાલગેટ વિસ્તારમાં માનવતા શર્મસાર થાય તેવી ઘટના સામે આવી છે. મસ્જિદના બાથરૂમમાં એક 15 વર્ષીય કિશોરે 5 વર્ષના માસૂમ બાળકને પૈસાની લાલચ આપી તેની સાથે અડપલાં કરી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. બાળકે આ અંગે તેના નાનાને જાણ કરતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે આરોપી કિશોર વિરુદ્ધ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી પ્રમાણે, બે દિવસ પહેલા શુક્રવાર હોવાથી ફરિયાદી મહિલાએ તેના 5 વર્ષના પુત્રને તેના પિતા (બાળકના નાના) પાસે નમાઝ પઢવા માટે મોકલ્યો હતો. બપોરના આશરે 2 વાગ્યાના અરસામાં બાળકને પેશાબ લાગતા તે મસ્જિદના બાથરૂમમાં ગયો હતો. આ દરમિયાન ત્યાં હાજર 15 વર્ષીય કિશોરે માસૂમને પૈસા બતાવવાની લાલચ આપી બાથરૂમની અંદર લઈ ગયો હતો.

બાથરૂમમાં લઈ જઈ કિશોરે બાળકના કપડાં ઉતારી તેની સાથે અડપલાં કર્યા હતા અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. જ્યારે માસૂમ બાળકે ગભરાઈને બૂમ પાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીએ તેનું મોઢું જોરથી દબાવી દીધું હતું અને પગ વડે દરવાજો બંધ રાખવાનો પ્રયાસ કર્યો હતો. આ શરમજનક કૃત્ય બાદ આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

બાળકે આ ઘટનાની જાણ તરત જ તેના નાનાને કરી હતી. ત્યારબાદ તેને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ માટે લઈ જવામાં આવ્યો હતો. લાલગેટ પોલીસ સ્ટેશનમાં આરોપી 15 વર્ષના કિશોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# નર્મદા જિલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓમાં ૨૪ કેન્દ્રો ખાતે ૫૨૨ બ્લોકમાં કુલ-૧૪૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

• રાજપીપલા,

સમગ્ર રાજ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી લેવાનારી ધોરણ- ૧૦ (SSC) અને ૧૨ (HSC) સામાન્ય -વિજ્ઞાન પ્રવાહની નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ શરૂ થનાર છે. ત્યારે નર્મદા જિલ્લામાં પરીક્ષા સંપૂર્ણ સુચારૂ રીતે યોજાય અને વિદ્યાર્થીઓ નિર્ભયપણે મુક્ત વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષામાં ભાગ લે અને આ પરીક્ષાઓ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તેવા ઉમદા હેતુસર નિવાસી અધિક કલેકટરશ્રી સી.કે.ઉંધાડની અધ્યક્ષતામાં પરીક્ષાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ઓબ્ઝર્વરઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી ડો.કિરણબેન પટેલે બોર્ડ પરીક્ષા સંદર્ભે થયેલી તૈયારીઓ તેમજ પરીક્ષા દરમિયાન ઓબ્ઝર્વર તરીએ રાખવાની સાવચેતીની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૬ માં ધોરણ ૧૦ એસ.એસ.સી અને ધોરણ ૧૨ એચ.એસ.સી વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના નિયમિત/ રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા. ૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન સવારે ૧૦.૩૦ થી ૦૧.૩૦ અને બપોરે ૦૩.૦૦ થી ૦૬.૩૦ કલાકે એમ બે સેશનમાં યોજાનાર છે. જેમાં કેન્દ્ર સંચાલક અને ઓબ્ઝર્વરે રાખવાની કાળજી, બોર્ડ દ્વારા નક્કી કરાયેલી સૂચનાઓ અંગે વિગતવાર જાણકારી આપી હતી. નર્મદા જિલ્લામાં ધોરણ ૧૦(એસ. એસ.સી) બોર્ડની પરીક્ષામાં જિલ્લાના ૧૬ પરીક્ષા કેન્દ્રો ખાતે ૮૭૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# પુત્રને મળેલા જીવનદાનના બદલે અમરાવતીથી વૈષ્ણોદેવી સુધી 1700 કિલોમીટર સુધી 'આળોટતા ' જતા દેવીદાસની અતૂટ ભક્તિ'

• શહેરા,

મહારાષ્ટ્ર રાજ્યના અમરાવતી શહેરના રહેતા દેવીદાસ થોરાટના પુત્રને કરંટ લાગતા તેને દવાખાનામા દાખલ કરાયો. પણ પરિસ્થીતી જોતા તબીબોએ કહ્યુ કે તેના જીવનની આશા ટુંકી છે. તે વખતે જાણે માથા દેવીદાસને આભ તુટી પડ્યુ,પણ દેવીદાસ હતા માતા વૈષ્ણોદેવી ના ભક્,તેમણે દવાખાનામા માનતા લીધી કે હે માતા તુ મારા દિકરાને મોતના મુખમાંથી ઉગારી લેશે તો હુ તારા દ્વારા દંડવત રીતે આળોટતો આળોટતો આવીશ.સાચા દિલથી કરેલી પ્રાર્થના જાણે માતાજીએ સાંભળી લીધી અને ચમત્કાર થયો,દિકરોનો જીવ બચી ગયો. તબીબો પણ અવાક પામ્યા, કે જીવ બચશે નહી તેવુ તેમણે પણ લાગતુ હતુ, પણ રામ રાખે તેણે કોણ ચાખે, માનતા પુરી કરવા માટે દેવીદાસે લીધેલા સંકલ્પને પુરો કર્યો છે. તેઓ આ રીતે પાંચ વખત આળોટતા આળોટતા વૈષ્ણોદેવી જવાના છે. તેઓ અગાઉ બે વખત આ રીતે વૈષ્ણોદેવીજઈ આવ્યા છે.આ ત્રીજીવાર જઈ રહ્યા છે. આ ખરેખર શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસની એક અદભૂત કહાની છે. અમરાવતીના દેવીદાસજી આ યાત્રા માત્ર શારીરિક કષ્ટ નથી, પણ એક પિતાનો પોતાની શ્રદ્ધા પ્રત્યેનો સમર્પણ ભાવ છે. દેવીદાસ જણાવે છે તેઓને રસ્તામા ઘણા લોકો મદદ કરે છે. જમવાની સાથે રહેવાની પણ વ્યવસ્થા કરી દે છે. મંદિરમાં અમને આસરો મળી રહે છે. આ પહેલા બે વખત યાત્રા કરી ચુકયો હોવાથી ઘણા લોકો મને ઓળખે છે. તેમની સાથે હાલમા એક સાધુ પણ જોડાયેલા છે. સાયકલ પર જરુરીયાત સામાન લઈને સાથે માતાજીના ગીતો વગાડતા તેઓ જઈ રહ્યા છે.તેઓ બે મહિના પહેલા નીકળ્યા હતા.

સુરતમાં બેફામ ટ્રક અડફેટે આધેડનું કમકમાટીભર્યું મોત

# સુમુલ ડેરીના ટ્રકની ટક્કરે બાઈક સવાર બંને ભાઈઓ રોડ પર ઘસડાયા, ઘરના મોભીના મોતથી પરિવાર શોકમાં ગરકાવ

• સુરત

સુરતના કતારગામ વિસ્તારમાં અલ્કાપુરી બ્રિજ નીચે પુરઝડપે આવી રહેલા સુમુલ ડેરીના ટ્રકે એક મોટરસાયકલને ટક્કર મારતા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં 54 વર્ષીય કાંતિભાઈ ગેવરીયાનું મોત નીપજ્યું છે. આ ઘટનામાં તેમના નાના ભાઈ વજુભાઈ ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને હાલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.નાના વરાછાના રહેવાસી વજુભાઈ ગેવરીયા (ઉ.વ.52)અને તેમના મોટા ભાઈ કાંતિભાઈ પોતાની મોટરસાયકલ (GJ-05-KC-1111) પર જૂના કતારગામથી બેડ લેવા માટે નીકળ્યા હતા. અલ્કાપુરી બ્રિજ



નીચે સર્કલ પાસે વણાંક લેતી વખતે પાછળથી આવી રહેલા સુમુલ ડેરીના ટ્રકે (GJ-21-Y-6900) તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરને કારણે બંને ભાઈઓ રોડ પર પટકાયા બાદ ટ્રકની નીચે અમુક અંતર સુધી ઘસડાયા હતા. દુર્ઘટના બાદ સ્થાનિકોએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત વજુભાઈને વિનસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે ગંભીર ઈજાઓ પામેલા કાંતિભાઈને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ટેક્સટાઈલ વ્યવસાય સાથે સંકળાયેલા અને સરથાણામાં રહેતા કાંતિભાઈના અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.કતારગામ પોલીસે આ મામલે ટ્રક ચાલક પ્રિન્સ સંજયભાઈ પાલ (ઉ.વ. 18, રહે. મહિધરપુરા) વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડની તજવીજ હાથ ધરી છે.ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમો 281, 106(1), 125(a), 125(b) અને મોટર વાહન અધિનિયમ હેઠળ બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## સાતેય વહાણ ડૂબ્યા

પંજાબ વિધાનસભાની ચૂંટણી માત્ર દસ મહિનાના અંતરે છે. ત્યારે આમ આદમી પાર્ટી નવા આંતરિક વિચ્છેદનથી પીડાવા લાગી છે. તેજસ્વી પ્રતિભા રાજકારણમાં ઘણીવાર નડે છે. રાઘવ ચઢ્ઢાની રજૂઆતની પ્રભાવક શૈલી, સ્વતંત્ર ઈનોવેટિવ વિઝન અને નેતૃત્વ ક્ષમતાની સંભાવનાઓ તથા સંસદમાં એમના વધતા જતા મિત્રોને કારણે તેઓ પોતે પક્ષના મોભી અરવિંદ કેજરીવાલની આંખમાં કાચના કણની જેમ ખટકવા લાગ્યા હતા. ભાજપની જેમ હવે બધા પક્ષોને મૂર્ખ આજ્ઞાંકિતો અને ઠોઠ યસમેનો જ વ્હાલા લાગે છે. આ એવા લોકો છે જેઓ પક્ષની વિચારધારાને ખતમ કરીને પક્ષને જ કાળની ગહન ગર્તામાં વિલીન કરી દે છે. કોંગ્રેસમાં યસમેનો બહુ વધી ગયા ત્યારે ઈન્દિરા ગાંધીનું પતન થયું. મનમોહનસિંહની સરકાર ધન્ય ધન્ય ચાલતી હતી એમાં સોનિયા ગાંધીને કારણે ઠોઠ યસમેનો એટલા વધી ગયા કે એક સારી સરકારનું પતન થયું. સારી એટલે એટલી સારી કે એના કેટલાક મીઠા ફળ હજુ પણ એના પછીની સરકાર પ્રજાના હાથમાંથી આંચકી શકી નથી.કેજરીવાલને પણ હવે પંજાબમાં અને બહાર બધે યસમેનો જોઈએ છે. રાજ્યસભાના સાત સાંસદોના રાજીનામા સાથે આમ આદમી પાર્ટીનું સંકટ વધુ ઘેરું બનતું દેખાય છે. રાજ્યસભાના ત્રણ બળવાખોર સભ્યો, રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલે પાર્ટીમાં ભાગલા પાડવાની જાહેરાત કરી અને કહ્યું કે ઉપલા ગૃહમાં AAPના બે તૃતીયાંશ સાંસદો, અથવા દસમાંથી સાત, એ ભારતીય જનતા પાર્ટીમાં એક જૂથ તરીકે ભળી જવાનો નિર્ણય લીધો છે. તાજેતરના મહિનાઓમાં ખાસ કરીને અવાજ ઉઠાવનારા રાઘવ ચઢ્ઢાએ રાજ્યસભામાં AAPના ઉપનેતા પદેથી દૂર કર્યા પછી ટોચના નેતૃત્વ સામે મોરચો શરૂ કર્યા પછી ભાગલાના સંકેતો દેખાવા લાગ્યા હતા. રાજ્યસભામાં આપના ઉપનેતા તરીકે રાઘવની જગ્યાએ આવનારા અશોક મિત્તલ પણ તેમની સાથે જોડાયા છે. ગયા વર્ષે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સામે કારમી હાર બાદ આમ આદમી પાર્ટી માટે આ સૌથી મોટો ફટકો છે.એક સમયે, રાઘવને આમ આદમી પાર્ટીમાં નવી પેઢીનું ઉર્જાવાન પ્રતીક માનવામાં આવતું હતું. હવે, તેઓ AAP નેતૃત્વ પર પાર્ટીના મુખ્ય મૂલ્યોથી પીછેહઠ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. રાઘવ અને અન્ય બળવાખોર સાંસદોએ કહ્યું કે આમ આદમી પાર્ટી જાહેર ચિંતાઓ કરતાં વ્યક્તિગત લાભને પ્રાથમિકતા આપી રહી છે. તેમનું નિશાન AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ છે, જેમને દિલ્હીથી પંજાબમાં માન સરકારને નિયંત્રિત કરનાર માનવામાં આવે છે. અપેક્ષા મુજબ, મુશ્કેલ એક્સાઈઝ નીતિના મુદ્દામાં ફસાયેલા અને હાલમાં કોર્ટની લડાઈ લડી રહેલા કેજરીવાલે આ સાંસદો પર પંજાબના લોકો સાથે દગો કરવાનો આરોપ લગાવ્યો છે. કેજરીવાલે આપથી અલગ થયેલા સાંસદો પર પંજાબના લોકો સાથે દગો કરવાનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ, કેજરીવાલ ભાજપ પર પણ નિશાન સાધી રહ્યા છે, જેના પર તેઓ આમ આદમી પાર્ટીને નબળા પાડવાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવે છે. ખરેખર, ભાજપ વિધાનસભા ચૂંટણી માટે સરહદી રાજ્ય પંજાબમાં પોતાનો પગ મજબૂત કરવા માટે સક્રિયપણે પ્રયાસ કરી રહ્યો છે.આ સંદર્ભમાં, ભગવો પક્ષ તાજેતરના વર્ષોમાં પંજાબના ઘણા કોંગ્રેસ નેતાઓને પણ આકર્ષવામાં સફળ રહ્યો છે. આમ પણ ભાજપનો તો નિયમ જ છે કે જીતે એવા ઉમેદવારોનું એડવાન્સ શોપિંગ કરવું. AAPના રાજ્યસભાના બે તૃતીયાંશ સાંસદોનું ભાજપમાં વિભાજન આમ આદમી પાર્ટી માટે એક આકસ્મિક પડકાર ઉભો થયો છે. પરિણામે, પાર્ટીને પંજાબમાં ખોવાયેલી ભૂમિ પાછી મેળવવા અને આગળ વધવામાં હવે ઘણા ગંભીર પડકારનો સામનો કરવો પડશે. આવનારા દિવસોમાં આપના કેટલાક વધુ નેતાઓ ભાજપમાં જોડાઈ શકે છે તે વાત નકારી શકાય નહીં. ઘટના પ્રગટ થયા પછી કેજરીવાલે પોતાના અંગત દૂત દ્વારા સાતેય ડૂબતા વહાણને બચાવવા પ્રયત્ન કર્યો પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. ડેમના દરવાજા તૂટયા પછી કેટલું પાણી વહી જશે તે નક્કી નથી. જો કે, AAP સુપ્રીમોની નિર્ણય લેવાની ક્ષમતા પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. શું તેમણે આ નેતાઓને રાજ્યસભાની ટિકિટ આપતી વખતે પાર્ટીની નીતિઓ અને પ્રક્રિયાઓને ધ્યાનમાં લીધી હતી?અથવા તો શું પાર્ટીની આર્થિક પ્રાથમિકતાઓ ફક્ત તેમની લાયકાત હતી. સ્પષ્ટપણે, આ વ્યક્તિઓ જાહેર જીવનમાં અગ્રણી વ્યક્તિઓ કરતાં આર્થિક રીતે છલકછાલક સમૃદ્ધ હતા.

# હોર્મુઝ ખુલશે તો પણ સપ્લાય નોર્મલ થવામાં 2-3 વર્ષ લાગશે

### હોર્મુઝની ખાડીમાં અમેરિકી યુદ્ધ જહાજો અને ઈરાની સૈન્યની હાજરી બાદ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે, વૈકલ્પિક રસ્તાની શોધ કરાઈ રહી છે




**હોર્મુઝની ખાડીથી દુનિયાભરનું 20 ટકા ક્રૂડ સપ્લાય થાય છે. બીજી તરફ કતાર દુનિયાભરમાં જે એલએનજી સપ્લાય કરે છે તેમાંથી 93 ટકા સપ્લાય આ રસ્તે થાય છે. યુએઈનો 96 ટકા ક્ડ અને ગેસ સપ્લાય આ રસ્તે જ થાય છે. આ સિવાય ખાડી દેશો પાસે પોતાના ક્રૂડ અને ગેસ એશિયા તથા અન્ય પશ્ચિમી દેશોમાં મોકલવાનો કોઈ રસ્તો નથી : કતારના ગેસ પ્લાન્ટને જે નુકસાન થયું છે તેને સામાન્ય થતાં ઓછામાં ઓછા પાંચ વર્ષ લાગશે. 18 માર્ચે ઈરાને આક્રમક રીતે કતારના રાસ લાફન ગેસ કોમ્પ્લેક્સ ઉપર હુમલા કર્યા હતા. તેના કારણે આ પ્લાન્ટને મોટું નુકસાન થયું હતું. અહેવાલો પ્રમાણે આ પ્લાન્ટના કુલ ઉત્પાદનમાંથી 17 ટકા ઉત્પાદન ઘટી ગયું છે.**

અમેરિકા અને ઈરાન વચ્ચે શરૂ થયેલા યુદ્ધનો અંત આવે તેવું હાલમાં તો દેખાઈ રહ્યું નથી. બંને વચ્ચે શાંતિ મંત્રણા પણ થવાની શક્યતાઓ હાલમાં તો પડી ભાંગી છે પણ આગળ ચર્ચા થશે કે નહીં અને તેનું પરિણામ શું આવશે તે કોઈને ખબર નથી. બીજી તરફ હવે હોર્મુઝની ખાડી યુદ્ધ મેદાન બની ગઈ છે. છેલ્લાં બે મહિનાથી બંધ રહેલી હોર્મુઝની ખાડીમાં હવે ઈરાની સૈન્ય અને અમેરિકી યુદ્ધ જહાજો સજ્જ થઈ ગયા છે. બંને દ્વારા ક્રૂડના જહાજો જપ્ત કરવામાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં ફરી દુનિયાભરમાં ક્ડ અને ગેસનો સપ્લાય વિખરાવાની શક્યતાઓ જોવાઈ રહી છે. આઈઈએના અહેવાલ પ્રમાણે હવે યુદ્ધ અટકે અને કદાચ શાંતિ મંત્રણાનો ઉકેલ આવે તેમ છતાં દુનિયાભરમાં ક્રૂડ અને ગેસનો સપ્લાય સામાન્ય થતાં બેથી ત્રણ વર્ષનો સમય લાગશે. હોર્મુઝની વાત કરવામાં આવે તો એક સાંકડો સમુદ્રમાર્ગ છે જ્યાંથી દુનિયાભરનું ૨૦ ટકા ક્રૂડ સપ્લાય થાય છે. બીજી તરફ કતાર દુનિયાભરમાં જે એલએનજી સપ્લાય કરે છે તેમાંથી ૯૩ ટકા સપ્લાય આ રસ્તે થાય છે. યુએઈનો ૯૬ ટકા ક્રૂડ અને ગેસ સપ્લાય આ રસ્તે જ થાય છે. આ સિવાય ખાડી દેશો પાસે પોતાના ક્રૂડ અને ગેસ એશિયા તથા અન્ય પશ્ચિમી દેશોમાં મોકલવાનો કોઈ રસ્તો નથી. સાઉદી અને યુએઈ પાસે પાઈપલાઈન છે પણ તે પૂરતી નથી. તેના દ્વારા ક્રૂડ સપ્લાય કરી શકાય પણ ગેસ માટે તો જહાજો ઉપર જ આધાર રાખવો પડે. હવે આ રસ્તો બંધ થતા જ દુનિયાભરના સપ્લાયમાં ૨૦ ટકાનો ઘટાડો થઈ ગયો છે.

દર અઠવાડિયે ૨૦૦ કરોડ ઘન મીટર ગેસ સપ્લાય અટકી ગયો છે. સાદી ભાષામાં કહીએ તો આધુનિક ઈતિહાસની સૌથી મોટી ક્રૂડ અને ગેસની સમસ્યા ઊભી થઈ છે. ઉલ્લેખનીય છે કે, માત્ર આ રસ્તો ખુલી જવાથી સમસ્યાનો ઉકેલ આવે તેમ નથી. કતારના ગેસ પ્લાન્ટને જે નુકસાન થયું છે તેને સામાન્ય થતાં ઓછામાં ઓછા પાંચ વર્ષ લાગશે. ૧૮ માર્ચે ઈરાને આક્રમક રીતે કતારના રાસ લાફન ગેસ કોમ્પ્લેક્સ ઉપર હુમલા કર્યા હતા. તેના કારણે આ પ્લાન્ટને મોટું નુકસાન થયું હતું. અહેવાલો પ્રમાણે આ પ્લાન્ટના કુલ ઉત્પાદનમાંથી ૧૭ ટકા ઉત્પાદન ઘટી ગયું છે. કતારને જ પોતાનો ગેસ સપ્લાય પૂર્વવત કરવામાં ઘણો સમય લાગે તેમ છે. આ સિવાય એક અહેવાલ એવો પણ છે કે, કતારે જણાવ્યું છે કે, જ્યાં સુધી તેના જહાજો ઓપરેટ કરવા માટે સુરક્ષાની ખાતરી નહીં મળે ત્યાં સુધી તે ગેસનું ઉત્પાદન જ નહીં કરે. ધારો કે હોર્મુઝની ખાડી ખુલી જશે તો પણ તાત્કાલિક ક્રૂડ અને ગેસનો સપ્લાય બજારમાં આવી જશે અને અછત ઓછી થઈ જશે તેમ માનવું નહીં.

આ વિસ્તારમાં બીજી મોટી સમસયા વીમા કંપનીઓની છે. તેઓ હાલમાં જહાજો મોકલવા કે બોલાવવા ઉપર વીમો



આપવા માટે તૈયાર જ નથી. જ્યાં સુધી જહાજ માલિકો અને વીમા કંપનીઓને સુરક્ષાની ખાતરી નથી મળતી ત્યાં સુધી તેઓ આ રસ્તે જવાનું જોખમ લેવા માગતા નથી. યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં જવા કે આવવા માટે વીમાની રકમમાં અધધ વધારો કરી દેવાયો છે જે હાલમાં પોસાય તેમ જ નથી. તમામ વીમા કંપનીઓએ જણાવી દીધું છે કે જ્યાં સુધી આ રસ્તે બિઝનેસ ઓપરેટ કરવા માટે શાંતિ ન સ્થપાય, સુરક્ષાની સરકારી ગેરન્ટી ન મળે અને સુરક્ષિત રસ્તાની ખરાઈ ન કરવામાં આવે ત્યાં સુધી કોઈ કામગીરી કરવામાં આવશે નહીં.આઈઈએના અહેવાલો જણાવે છે કે, વર્ષ ૨૦૨૬માં જે સ્થિતિ સર્જાઈ છે અને ગેસ તથા ક્રૂડનો સપ્લાય ઘટયો છે તેની અસર ૨૦૩૦ સુધી જોવા મળશે. આ ચાર વર્ષમાં દુનિયાને અંદાજે ૧૨૦ અબજ ઘન મીટર ગેસ ઓછો મળશે. જાણકારોના મતે ભારત દ્વારા એક વર્ષમાં જેટલો ગેસ ઉપયોગમાં લેવામાં આવે છે તેનાથી અનેકગણો આ ગેસનો જથ્થો છે. ગેસનો સપ્લાય ઘટવાના બે મોટા કારણ છે. એક તેનો સપ્લાય અટકેલો છે અને બીજું નવા ગેસ બનાવવા માટે ઘણી કંપનીઓ તૈયાર નથી અને ઘણાને નુકસાન થયેલું છે. તેના કારણે આ કામગીરીમાં પણ ઓછામાં ઓછા બે વર્ષ લાગે તેમ છે. ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં જે ગેસનો સપ્લાય વધવાની આશા હતી તેના ઉપર યુદ્ધને પગલે પાણી ફરી વળ્યું છે તેથી હવે આ સપ્લાય વધવાની આશા પણ ૨૦૨૮ સુધી લંબાઈ ગઈ છે. આ સ્થિતિની અસર જોઈએ તો ભારત પોતાના ગેસ સપ્લાયનો ૬૦ ટકા ગેસ ખાડી દેશોમાંથી મંગાવે છે અને તે હોર્મુઝના રસ્તે જ આવે છે. માર્ચમાં જ ગેસની સ્થિતિ તંગ થઈ ગઈ હતી અને અછત સર્જાવા લાગી હતી. સરકારે બીજી તરફ ડીઝલ અને જેટ ફ્યૂઅલની નિકાસ ઉપર ભારે ટેક્સ લાગુ કરી દીધા જેથી દેશમાં સપ્લાય યથાવત રહે. બીજી તરફ રશિયાનો ગેસ બંધ થવાના કારણે યુરોપના દેશો પણ ખાડી દેશો ઉપર આધારિત થઈ ગયા હતા. કતારમાં ગેસ પુરવઠો અટક્યો તેની સાથે જ યુરોપમાં ગેસની ભયાનક તંગી સર્જાઈ અને સ્થિતિ ખરાબ થઈ ગઈ. જાપાન, સાઉથ કોરિયા, ચીન અને ભારત જેવા દેશો ક્રૂડ અને ગેસ સપ્લાય માટે સૌથી વધારે હોર્મુઝ ઉપર જ આધારિત હોય છે. તેના કારણે આ દેશોને વધારે સહન કરવાનું આવ્યું છે. હોર્મુઝનો રસ્તો હાલ ખુલે એમ લાગતું નથી. જો તે રસ્તો ખુલશે તો પણ સ્થિતિ સામાન્ય થવામાં સમય લાગશે. યુદ્ધ વિરામ લંબાશે કે યુદ્ધ અટકશે તો પણ જે નવેસરથી નિર્માણ કરવાનું છે અને તુટેલું રિપેર કરીને ફરી શરૂ કરવાનું છે તે રાતોરાત થવાનું જ નથી. ઉલ્લેખનીય છે કે, હોર્મુઝની ખાડીમાંથી તો હાલમાં જહાજો જઈ શકે તેમ નથી. આ સિવાય અન્ય કોઈ રસ્તે ક્રૂડ અને ગેસનો સપ્લાય પહોંચાડી શકાય તેના વિશે વિચાર કરવામાં આવી રહ્યો છે. તેમાં સૌથી પહેલાં સાઉદી અરબની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈનનો વિચાર કરવામાં આવી રહ્યો છે. સાઉદીની ૧૨૦૦ કિ.મી. લાંબી આ પાઈપલાઈન ખાડીથી રાતા સમુદ્ર સુધી દરરોજ ૭૦ લાખ બેરલ જેટલું ક્રૂડ પહોંચાડે છે. તેમ છતાં આ પાઈપલાઈનમાંથી માત્ર ૪૫ લાખ બેરલ જેટલું જ ક્રૂડ કાઢી શકાય છે. જો કે આ ક્રૂડ લઈ જનારા જહાજોને બાબ અલ મંદેબના રસ્તે જવાનું આવે છે.

# આપના સાત સાંસદો ભાજપમાં જોડાવાની અંદરની વાત

નવીદિલ્હી : આમ આદમી પાર્ટીના ૧૦માંથી ૭ રાજ્યસભા સાંસદો પક્ષ છોડીને ભાજપમાં ગયા એનાથી ઘણાને આંચકો લાગ્યો છે. જોકે રાજકારણને સમજનાર ઘણા સમયથી જાણતા હતા કે આવુ કંઈક બનવાનું છે. સંસદના વિશેષ સત્ર દરમિયાન બળવાખોર સાંસદ સંદીપ પાઠક અને અરવિંદ કેજરીવાલ વચ્ચે અગત્યની બેઠક થઈ હતી. એ વખતે સંદીપ પાઠકે પોતાની નારાજગી જાહેર કરી હતી અને કહ્યું હતું કે, પંજાબમાં એમને પક્ષનો ટેકો મળતો નથી. સંદીપ પાઠકને કારણે જ પંજાબમાં આમ આદમી પાર્ટી મજબૂત થઈ હતી. રાઘવ ચઢ્ઢા અને સ્વાતી માલીવાલ તો આપથી નારાજ હતા એ વાત જાહેર હતી અને આ બંને નેતાઓ ભાજપના કેટલાક નેતાઓને મળ્યા હતા. ઈડીએ જ્યારે સાંસદ અશોક મિત્તલના ઘરે છાપો માર્યો હતો ત્યારે જ કેટલાક સમજી ગયા હતા કે હવે આપના સાંસદો મોટા પાયે ભાજપમાં જશે.




આમ આદમી પાર્ટીના છ ધારાસભ્યો સાથે રાઘવ ચઢ્ઢા ભાજપમાં જોડાવાથી વંચીત બહુજન અઘાડીના નેતા પ્રકાશ આંબેડકર ખુશ થયા નથી. એમના કહેવા પ્રમાણે પક્ષ પલટાના કાયદાનો દુરઉપયોગ ચઢ્ઢાએ કર્યો છે. કોઈપણ પક્ષના બે તૃત્યાંસ સંસદસભ્યો જો બીજા પક્ષમાં જોડાય તો એમની સામે પક્ષ બદલવા બદલ કાર્યવાહી થતી નથી. એમણે આ નિયમ બદલવાની વાત પણ કરી છે. સોશ્યલ મીડિયા એક્સ પર એમણે લખ્યું છે કે બે પક્ષોનો વિલય જ્યારે એકબીજામાં થઈ જાય ત્યારે આ નિયમ લાગુ કરવો જોઈએ. એ સિવાય આવા પક્ષ બદલનારાને સંસદસભ્ય તરીકે દુર કરવા જોઈએ. પ્રકાશ આંબેડકર બાબા સાહેબ આંબેડકરના પૌત્ર છે. એમનો પક્ષ રાજકીય રીતે કાઠુ કાઢી શક્યો નથી, પરંતુ દલીત વર્ગ પર એમની પકડ છે.

બાંગ્લાદેશ ડીપોર્ટ કરાયેલા કેટલાકને ભારત પરત લાવવા સંબંધે થયેલી એક અરજી પર સુપ્રિમ કોર્ટે વલણ સ્પષ્ટ કર્યું છે. સીજેઆઈ જસ્ટીસ સુર્યકાંતની આગેવાની હેઠળની સુપ્રિમ કોર્ટની બેન્ચે કેન્દ્ર સરકારને આ બાબતે કહ્યું છે કે, જો સરકાર કોર્ટના હુકમનું પાલન નહીં કરે તો બેન્ચ છેલ્લી સુનાવણી કરશે. સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્યા બાગચી અને જસ્ટીસ વીપુલ એમ પંચોલીની બેન્ચે કેન્દ્ર તરફથી હાજર થયેલા વકીલને આ બાબતે માહિતી મેળવીને સુપ્રિમ કોર્ટને જાણ કરવા કહ્યું છે. ભોદુ શેખની ગર્ભવતિ પુત્રીને બાંગ્લાદેશ મોકલી આપવામાં આવી હતી. શેખ તરફથી હાજર થયેલા વકીલો કપીલ સિબ્બલ અને સંજય હેંગડેએ કહ્યું હતું કે, આ બાબતે કેન્દ્ર સરકાર કોર્ટને પોતાના વિચારો નહીં જણાવે તો એ અનુચિત નથી. એ વખતે સીજેઆઈએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારને તેઓ છેલ્લો મોકો આપે છે. જો ત્યાર પછી પણ એમના હુકમનું પાલન નહીં થાય તો બેન્ચ છેવટની સુનાવણી કરશે.આસામના મુખ્યમંત્રીના પત્ની વિશે કોંગ્રેસના નેતા અને પ્રવક્તા પવન ખેડાએ કરેલા નિવેદન પછી એમની સામે આસામ પોલીસે કેસ દાખલ કર્યો છે. ખેડાની આગોતરા જામીન અરજી આસામ હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોંગ્રેસના વર્તુળોમાં એવી ચર્ચા થતી હતી કે હવે કોંગ્રેસના ટોચના નેતાઓ ખેડાને પડખે ઉભા રહે છે કે નહીં. જોકે ૪૮ કલાકના મૌન પછી કોંગ્રેસ પક્ષે પવન ખેડાને પોતાનો ટેકો જાહેર કર્યો છે. કોંગ્રેસે જાહેર કર્યું છે કે હાઈકોર્ટના ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં ચેલેન્જ કરવામાં આવશે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકીને પવન ખેડાને ટેકો જાહેર કર્યો છે. એમણે લખ્યું છે કે, આખી કોંગ્રેસ ખેડા સાથે છે. સુપ્રિમ કોર્ટમાં ચેલેન્જ કરવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. કોંગ્રેસને પુરી ખાતરી છે કે ધમકી કે ડરાવવાની રાજનીતિ સામે ન્યાયની જીત થશે.દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલની કાયદાકીય મુશ્કેલીઓ વધી રહી છે. એક તરફ લિકર સ્કેમ સાથે જોડાયેલા કેસમાં જસ્ટીસ સુવર્ણકાંતા શર્માની કોર્ટે રીક્યુઝલ અરજી ફગાવી દીધી છે. હવે કોર્ટની કામગીરીનો વીડિયો શેર કરવા બદલ કેજરીવાલ પર કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનો આરોપ કોર્ટે દાખલ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે જાહેર હીતની એક અરજીની સુનાવણી કરતા અરવિંદ કેજરીવાલ, આપના કેટલાક નેતાઓ, કોંગ્રેસના નેતા દિગ્વીજય સિંહ અને પત્રકાર રવીશકુમારને નોટીસ મોકલીને જવાબ માંગ્યો છે. કોર્ટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મને વીડિયો ડિલિટ કરવાનું પણ કહ્યું છે. કોર્ટના આદેશની જાણી જોઈને અવગણના કરવી કે કોર્ટની ગરીમા અને ન્યાયીક પ્રક્રિયામાં અવરોધ ઉભો કરવામાં આવે તો કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી થઈ શકે છે. જો કેસ પુરવાર થાય તો છ મહિનાની જેલ અને દંડ થઈ શકે છે.

## પવન ખેરાના આગોતરા રીજેક્ટ, હવે શું કરશે?

નવીદિલ્હી : આસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમાના પત્ની રીંકી ભૂયાન સરમા પર કરેલી ટીપ્પણીઓને કારણે કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરા પર કેસ થયો છે. પવન ખેરા રાહત માટે સુપ્રિમ કોર્ટ ગયા હતા અને સુપ્રિમ કોર્ટે એમને ગૌહટ્ટી હાઈકોર્ટ પાસે જવા કહ્યું હતું. ગૌહટ્ટી હાઈકોર્ટે હવે એમની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે. ગૌહટ્ટીની ક્રાઈમ બ્રાન્ચ પવન ખેરાને શોધી રહી છે. હવે પવન ખેરા શું કરશે એના પર બધાની નજર છે. અત્યાર સુધી તો કોંગ્રેસ હાઈકમાન્ડનો ટેકો પવન ખેરાને હતો. જોકે કોંગ્રેસના કેટલાક ટોચના નેતાઓ અંદરખાનેથી પવન ખેરાની વિરુદ્ધમાં છે. પવન ખેરા હમણા એકલા પડી ગયા છે. આસામ પોલીસ ગમે તે ઘડીએ એમની ધરપકડ કરી શકે એમ છે. ધરપકડથી બચવા માટે ખેરા દરરોજ એમના રહેઠાણ બદલી રહ્યા છે અને મોબાઈલ ફોન બંધ કરી દીધો છે. હવે પવન ખેરા સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી શકે અથવા તો પોલીસ સમક્ષ હાજર થઈ નિયમીત જામીન માંગી શકે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીનને નરકના દ્વાર કહ્યા છે. કોંગ્રેસે ટ્રમ્પના આ નિવેદન પછી ભારત સરકારની પ્રતિક્રિયાને ખૂબ જ નબળી કહી છે. કેટલાક વિશ્લેષકોએ ટ્રમ્પના નિવેદનને જાતિવાદી ગણાવ્યું છે. અમેરિકામાં પણ આ નિવેદનનો વિરોધ થઈ રહ્યો છે. ઈરાને આ બાબતે ભારતનું સમર્થન કરીને ભારતને શાનદાર દેશ ગણાવ્યો છે. ભારતના અમેરિકન એમ્બેસીના પ્રવક્તાએ બચાવમાં કહ્યું હતું કે, 'રાષ્ટ્રપતિએ કહ્યું છે કે ભારત એક મહાન દેશ છે જેના મુખ્ય નેતા મારા સારા મિત્ર છે.' જોકે આ બચાવ અર્થહિન છે. જો નરેન્દ્ર મોદીને ડોનાલ્ડ ટ્રમ્પ મિત્ર ગણતા હોય અને ભારત મહાન દેશ છે એમ માનતા હોય તો આવી બેહુદી ટીપ્પણી કરતે જ નહીં. ઈરાન એમ્બેસીના કોન્સ્યુલેટએ સોશ્યલ મીડિયા એક્સ પર એક વીડિયો મુક્યો છે જેમાં મુંબઈ શહેરના ગણેશ ઉત્સવ સાથે બીજા દ્રશ્યો પણ મૂકવામાં આવ્યા છે.સુપ્રિમ કોર્ટમાં કેન્દ્ર સરકારે મોટો ખુલાસો કરતા કહ્યું હતું કે, રશિયા ગયેલા ૧૦ ભારતીય નાગરીકોના મૃત્યુ રશિયા - યુક્રેન યુદ્ધને કારણે થયા છે. સરકારે એમ પણ કહ્યું હતું કે મોટા ભાગના લોકો રશિયન સંસ્થાઓ સાથે સ્વૈચ્છાથી જોડાયા હતા અને યુદ્ધમાં ભાગ લીધો હતો. જોકે કેટલાક કિસ્સાઓમાં એજન્ટો દ્વારા એમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોવાનો ઈન્કાર થઈ શકે નહીં. સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્યા બાગચી અને જસ્ટીસ વિપુલ પંચોલીની બેન્ચે ૨૬ ભારતીય નાગરીકોના કુટુંબીઓ દ્વારા કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતુ કે, નોકરીના નામે રશિયા ગયેલા લોકોને જબરજસ્તીથી રશિયા - યુક્રેનના યુદ્ધમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ પહેલા કોર્ટે કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો હતો. આતંકવાદી સંગઠન જૈસ-એ-મોહમદના પ્રમુખ મસુદ અઝહરને નજરકેદ કરવાને કારણે આતંકવાદી સંગઠનમાં બળવો થયો છે. મળતી માહિતી પ્રમાણે જૈસ-એ-મોહમદ લાંબો સમય ટકી શકશે નહીં. મસુદ અઝહરની સાચી સ્થિતિ એમના નેતાઓને જણાવવી પડશે. સંગઠન નવા નેતાની શોધ પણ કરી રહ્યું છે. આતંકવાદી મસુદ અઝહરને લઈને સસ્પેન્સ ગાઢ થઈ રહ્યું છે. સંગઠનમાં એવી અફવા ફેલાઈ છે કે મસુદ અઝહર ગંભીર રીતે બિમાર છે અને લાંબુ ખેંચી શકે એમ નથી. જોકે ભારતીય એજન્સીઓનું કહેવું છે કે મસુદ અઝહરની હાલત એટલી ગંભીર નથી. જોકે માનસીક રીતે અઝહર તૂટી પડયો હોવાનું મનાય છે.

# કૈલાશ યાત્રાને મંજૂરી : ભારતની ગરજ છે એટલે ચીન મહેરબાન

ભારત માટે કૈલાસ માનસરોવર યાત્રાને મંજૂરી એવા સમયે આવી છે કે જ્યારે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાનના સંબંધો તણાવભર્યા છે. ભારત પાકિસ્તાન સામે કોઈ પણ કાર્યવાહી કરશે તો ચીન પાકિસ્તાનની મદદ કરવા ઉભું રહી જશે એવો ડર વ્યક્ત કરાઈ રહ્યો છે. ભારતે સિંધુ જળ સંધિ રદ કરી તેના જવાબમાં ચીન બ્રહ્મપુત્રાનું પાણી રોકી દેશે એવો ભય વ્યક્ત કરાઈ રહ્યો છે. ચીનનું વલણ એ વાતનો સંકેત આપે છે કે, ચીન આપણે માનીએ છીએ એ રીતે પાકિસ્તાનની ખુલ્લી તરફેણ કરીને ભારત સાથેના સંબંધો બગાડવાનું પસંદ નહીં કરે. પાકિસ્તાન સાથેના સંબંધો કરતાં ચીન માટે પોતાનાં આર્થિક હિતો વધારે મહત્વનાં છે અને આ હિતો ભારત સાથે જોડાયેલાં છે. અલબત્ત ચીન કાયમ માટે ભરોસો રાખવા જેવો દેશ નથી. ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાભરના દેશોમાંથી અમેરિકામાં આવતા માલ પર ટેરિફ લાદ્યા પછી ચીન અમેરિકા સામે અકડાઈ બતાવી રહ્યું છે પણ બીજા દેશો સામે ઢીલું પડયું છે. અમેરિકાને કોરાણે મૂકીને તેણે બીજા દેશો સાથેના સંબંધો મજબૂત કરવાની મથામણ આદરી છે. તેના ભાગરૂપે ચીને ભારત તરફ દોસ્તીનો હાથ લંબાવીને ભારત પાસેથી વધારે માલ લઈને બંને દેશોના આર્થિક સંબંધો મજબૂત કરવાની તૈયારી બતાવી છે. ચીન સાથે સંબંધો ગાઢ કરવા જતાં અમેરિકા ખફા ના થઈ જાય એટલે આપણે હજુ અવઢવમાં છીએ ત્યાં ચીને થોડાક વધારે નમીને હિંદુ શ્રદ્ધાળુઓને માનસરોવર યાત્રાની મંજૂરી આપી દીધી. હિંદુઓ માટે અત્યંત શ્રદ્ધેય ભગવાન શંકરના નિવાસસ્થાન કૈલાશ પર્વતની પાસે આવેલું માનસરોવર હિમાલયની પર્વતમાળામાં છે પણ ભૌગૌલિક રીતે તિબેટમાં છે. તિબેટ પર ચીનનો કબજો છે તેથી ચીને દાંડાઈ કરીને માનસરોવર યાત્રા બંધ કરાવી દીધેલી. તેના કારણે છેલ્લાં પાંચ વર્ષમાં ભારતમાંથી એક પણ શ્રદ્ધાળુ માનસરોવર નહોતો ગયો. હવે અચાનક ચીન રીઝયું છે અને ભારતીયોને માનસરોવર જવા મંજૂરી આપી દીધી છે. ચીને આપેલી મંજૂરીના આધારે ભારતીય વિદેશ મંત્રાલયે જાહેર કરેલા કાર્યક્રમ પ્રમાણે, કૈલાશ માનસરોવર યાત્રા ૩૦ જૂનથી ૨૫ ઓગસ્ટ વચ્ચે થશે અને બધા મળીને ૭૫૦ શ્રધ્ધાળુ જશે. માનસરોવર જવાના ત્રણ રસ્તા છે તેમાંથી એક રસ્તો નેપાળના કાઠમંડુથી છે. ભારતમાં ઉત્તરાખંડથી લિપુલેખ અને સિક્કિમના નાથુલા પાસ થઈને એમ બે રસ્તે માનસરોવર જઈ શકાય છે. બંને રસ્તે થઈને કુલ ૧૫ ગ્રુપ માનસરોવર જશે. તેમાં ઉત્તરાખંડથી ૫ ગ્રુપમાં ૫૦-૫૦ શ્રદ્ધાળુ મળીને ૨૫૦ શ્રદ્ધાળુ જ્યારે સિક્કિમથી ૫૦-૫૦ શ્રધ્ધાળુનાં ૧૦ ગ્રુપમાં ૫૦૦ શ્રધ્ધાળુ મળીને કુલ ૭૫૦ શ્રદ્ધાળુ માનસરોવર જશે. ચીને ૨૦૨૦થી કૈલાશ માનસરોવર યાત્રાને મંજૂરી બંધ કરી પછી ભારતીયો ઉત્તરાખંડની વ્યાસ ઘાટીથી કૈલાશ પર્વતનાં દર્શન કરી રહ્યા હતા. ૩ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ઉત્તરાખંડ પ્રવાસન વિભાગ, બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (મ્ઈરૂ) અને ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (ૈંમ્ૈં) ના અધિકારીઓની ટીમે પિથોરાગઢ જિલ્લાની વ્યાસ ઘાટી પાસે કૈલાશ પર્વત એકદમ સ્પષ્ટ દેખાય એવું સ્થાન શોધી કાઢયું હતું. એ પછી સેંકડો લોકોએ વ્યાસ ઘાટીથી કૈલાશ પર્વતનાં દર્શન કર્યાં. આ દર્શન તો હજુય કરી શકાશે પણ માનસરોવર જઈને એકદમ નજીકથી દર્શન કરવાનો લહાવો અલગ છે. ચીને પ્રતિબંધ ઉઠાવતાં વરસે થોડાક તો થોડાક હિંદુ શ્રદ્ધાળુ માનસરોવર જઈ શકશે. આમ પણ બધાંનું માનસરોવર જવાનું ગજું નથી કેમ કે આ યાત્રા બહુ આકરી છે. લગભગ ૨૪ દિવસની આ યાત્રા હિમાલયના બરફ વચ્ચે કરવાની હોય છે .

સ્ટારડમથી સન્યાસ સુધીના 8 અજાણ્યા કિસ્સા

# ગ્લેમરની દુનિયા છોડી વિનોદ ખન્નાએ ભગવો ઓઢ્યો હતો! :અમિતાભે છૂટો ગ્લાસ મારતાં ટાંકા આવ્યા હતા

## વિનોદનો બળવાખોર સ્વભાવ ત્યારે જ શરૂ થઈ ગયો હતો, જ્યારે તેમણે પિતાના કહેવા પર કોમર્સ લેવાને બદલે સાયન્સ પસંદ કર્યું

ઊંચી કદ-કાઠી, રૂપાળો લુક અને ઊંડી આંખો. 18 વર્ષની ઉંમરે કોલેજના દિવસોમાં ઘણી છોકરીઓ વિનોદ ખન્નાના લુકના વખાણ કરતા થાકતી નહોતી. દરેકનું એક જ સૂચન હતું, 'હીરો જેવા લાગો છો, ફિલ્મોમાં જાઓ'. પરંતુ વિનોદના પિતા ઈચ્છતા હતા કે પુત્ર અભ્યાસ પૂરો કરીને ખાનદાની ટેક્સટાઈલ બિઝનેસ સંભાળે. વિનોદનો બળવાખોર સ્વભાવ ત્યારે જ શરૂ થઈ ગયો હતો, જ્યારે તેમણે પિતાના કહેવા પર કોમર્સ લેવાને બદલે સાયન્સ પસંદ કર્યું. એક દિવસ તેમની કોલેજ પાર્ટીમાં કેટલીક ફિલ્મી હસ્તીઓ પહોંચી, જેમાં તે સમયના નામી હીરો સુનિલ દત્ત અને તેમની મિત્ર અંજુ મહેન્દ્રુ પણ હતા. તેઓ જોવા માંગતા હતા કે ટીનેજર્સ કેવી રીતે પાર્ટી કરે છે.

દર વખતની જેમ તે પાર્ટીમાં પણ વિનોદે સૌનું ધ્યાન ખેંચ્યું. સુનિલ દત્તની નજર પણ વારંવાર વિનોદ પર પડી. તે સમયે સુનિલ દત્ત તેમના ભાઈ સોમ દત્તને લોન્ચ કરવાના હતા. બીજા દિવસે સુનિલ દત્તે વિનોદને ઓફિસમાં બોલાવ્યા અને ફિલ્મ ઓફર કરી દીધી. કોઈપણ આ સાંભળીને ખૂબ ખુશ થાય, પરંતુ વિનોદ ગભરાયેલા હતા. તેઓ જાણતા હતા કે પિતા ક્યારેય રાજી નહીં થાય. તે સાંજે તેઓ ઘરે પહોંચ્યા અને હિંમત ભેગી કરીને પિતાને કહ્યું, 'મને ફિલ્મમાં કામ મળ્યું છે.' પિતાએ કંઈ પણ જોયા-વિચાર્યા વગર સીધી બંદૂક તાંકી દીધી અને કહ્યું- 'જો ફિલ્મોમાં ગયા તો ગોળી મારી દઈશ.'

માતાએ ગમે તેમ કરીને પિતાને ખૂબ સમજાવ્યા. આખરે પિતાનું દિલ પીગળ્યું અને તેમણે શરત રાખી, '2 વર્ષનો સમય આપું છું, ફિલ્મોમાં કંઈક થયું તો ઠીક નહીંતર બિઝનેસ સંભાળવો પડશે.' આ રીતે 1968માં વિનોદ ખન્નાનો ફિલ્મો સાથે સંબંધ જોડાયો, જે તેમના નિધન સુધી કાયમ રહ્યો. 27 એપ્રિલ 2017ના રોજ વિનોદ ખન્નાનું 70 વર્ષની વયે નિધન થયું હતું. આજે તેમની ડેથ એનિવર્સરીના અવસરે જાણો તેમની કારકિર્દી, અમિતાભ બચ્ચન સાથેની રાઈવલરી અને સ્ટારડમ છોડીને સન્યાસી બનવાના કેટલાક ખાસ કિસ્સાઓ-

કિસ્સો-1: જ્યારે અમિતાભે ફેંકીને માર્યો ગ્લાસ, ટાંકા લગાવવા પડ્યા

આવેલી વિનોદ ખન્નાની પહેલી ફિલ્મ 'મન કા મીત' ફ્લોપ રહી, પરંતુ વિનોદ ખન્નાને તેના કારણે ઘણી મોટી ફિલ્મોમાં કામ મળવા લાગ્યું. 1970માં વિનોદ રાજેશ ખન્ના સાથે 'સચ્ચા જૂઠા', 'આન મિલો સજના'માં અને મનોજ કુમાર સાથે 'પૂરબ પશ્ચિમ'માં જોવા મળ્યા. ત્રણેય ફિલ્મો સુપરહિટ રહી અને વિનોદ ખન્નાને




સ્ટારડમ મળી ગયું. આગળ જતાં લીડ હીરો તરીકે 'મેરે અપને', 'મેરા ગાંવ મેરા દેશ', 'દો યાર', 'હાથ કી સફાઈ', 'ઈમ્તિહાન' જેવી ફિલ્મોએ તેમને ઈન્ડસ્ટ્રીના ટોપ એક્ટર્સમાં સામેલ કર્યા.

1977માં વિનોદ ખન્નાને મલ્ટીસ્ટારરર ફિલ્મ 'અમર અકબર એન્થોની'માં અમિતાભ બચ્ચન અને રિષિ કપૂર સાથે કાસ્ટ કરવામાં આવ્યા. આ તે સમયની પોતાની રીતે એકમાત્ર એવી ફિલ્મ હતી, જેમાં અમિતાભ-વિનોદ જેવા ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે એવા સ્ટાર્સ હતા, જેમની વચ્ચે ટોપ એક્ટર બનવાની હોડ મચી હતી. બંને વચ્ચે રાઈવલરી હતી.

આ ફિલ્મ હિટ રહી, તો બંનેને ફરી 'મુકદ્દર કા સિકંદર'માં સાથે કાસ્ટ કરવામાં આવ્યા. ફિલ્મના એક સીન માટે અમિતાભ બચ્ચને વિનોદ પર કાચનો ગ્લાસ ફેંકવાનો હતો અને વિનોદે બચવાનું હતું. જેવું એક્શન બોલાયું, અમિતાભે ગ્લાસ ફેંક્યો, પરંતુ તે વિનોદ ખન્નાના ચહેરા પર વાગ્યો. ઘણું લોહી વહ્યું અને એક્ટરને ટાંકા લેવા પડ્યા. અમિતાભ બચ્ચને માફી પણ માંગી, પરંતુ ચહેરો બગડી જવાના ડરથી વિનોદ ખન્ના એટલા ગુસ્સે થયા કે તેમણે લાંબા સમય સુધી અમિતાભ બચ્ચન સાથે વાત કરી નહીં.

ઓશોના ભાઈ સ્વામી શૈલેન્દ્ર સરસ્વતીએ 'ગલાટા ઈન્ડિયા'ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ઓરેગનમાં આશ્રમમાં રહેતી વખતે ઓશો પારખી ગયા હતા કે વિનોદ ખન્ના, અમિતાભ બચ્ચનથી ચીડાય છે. તેમણે વિનોદને અમિતાભ વિરુદ્ધ ચૂંટણીમાં ઊભા રહેવાનું પણ સૂચન કર્યું હતું.

ડાબેથી, વહીદા રહેમાનની બહેન, નરગિસ, અમિતાભ, વહીદા રહેમાન, સુનીલ દત્ત, વિનોદ ખન્ના, અમરિષ પુરી, ડિરેક્ટર સુખદેવ. ડાબેથી, વહીદા રહેમાનની બહેન, નરગિસ, અમિતાભ, વહીદા રહેમાન, સુનીલ દત્ત, વિનોદ ખન્ના, અમરિષ પુરી, ડિરેક્ટર સુખદેવ.

કિસ્સો-2: પરિવારમાં થઈ રહેલા મોતથી ડર્યા, મિત્ર મહેશ ભટ્ટના કહેવા પર ઓશોના આશ્રમ ગયા

એક સમયમાં મહેશ ભટ્ટ અને વિનોદ ખન્નાની મિત્રતા ચર્ચામાં હતી. મહેશ ભટ્ટના સંઘર્ષના દિવસોમાં વિનોદ ખન્ના ઘણીવાર તેમનો ખર્ચ પણ ઉપાડતા હતા. 1971માં વિનોદે ગીતાંજલિ સાથે લગ્ન કર્યા હતા. 1975માં પત્નીએ પુત્ર અક્ષય ખન્નાને જન્મ આપ્યો. તે જ સમયે 6 મહિનાના અંતરમાં જ એક પછી એક પરિવારમાં 4 મૃત્યુ થયા. જેમાં તેમની માતા કમલા ખન્ના અને એક બહેન પણ સામેલ હતા. આ જોઈને તેમને મૃત્યુનો આભાસ થવા લાગ્યો. તેઓ ડરવા લાગ્યા કે ક્યાંક તેમનું પણ મૃત્યુ ન થઈ જાય. આ સમયે તેમને મિત્ર મહેશ ભટ્ટે ઓશોના આશ્રમ જવાનું સૂચન કર્યું. થોડા સમય માટે તેઓ પુણે સ્થિત આશ્રમ જઈને રહ્યા. ડિસેમ્બર 1975માં વિનોદ ખન્નાને ઓશોના આશ્રમમાં દીક્ષા અપાવવામાં આવી. 1977માં એક દિવસ વિનોદ ખન્નાએ પ્રેસ કોન્ફરન્સ કરીને ઈન્ડસ્ટ્રી છોડી સન્યાસી બનવાની જાહેરાત કરી. આનાથી તેમને ફિલ્મમેકર્સની ટીકાનો સામનો કરવો પડ્યો, કારણ કે તેમની પાસે ઘણી ફિલ્મો હતી. વિનોદે વાયદો કર્યો કે તેઓ બધી ફિલ્મો પૂરી કરશે. ફિલ્મો પૂરી થતા જ તેઓ 1981માં યુએસએના ઓરેગન સ્થિત ઓશોના આશ્રમ 'રજનીશપુરમ'માં જઈને રહેવા લાગ્યા.

શ્વેતા રાયે કહ્યું- 'મારી વાર્તા જ આ ફિલ્મની તાકાત

# નાના શહેરથી હોલિવૂડ સુધીની સફર ભોપાલમાં શૂટ, નવી પ્રતિભાઓને મોટી તક



હોલિવૂડ અને બોલિવૂડ વચ્ચેનું અંતર ઘટાડવાના ઉદ્દેશ્યથી બની રહેલી ફિલ્મ 'ફ્રોમ બોલિવૂડ ટુ હોલિવૂડ' આ દિવસોમાં ચર્ચામાં છે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલી એક્ટ્રેસ-પ્રોડ્યુસર શ્વેતા રાયે વાતચીતમાં ફિલ્મના કોન્સેપ્ટ, કાસ્ટિંગ, લોકેશન્સ અને પોતાના વ્યક્તિગત સંઘર્ષો પર ખુલીને વાત કરી. ફિલ્મ એક સામાન્ય છોકરીના સંઘર્ષ અને તેના હોલિવૂડ સુધી પહોંચવાની પ્રેરણાદાયક વાર્તા છે, જેમાં ભારતીય સંસ્કૃતિની ઝલક પણ જોવા મળશે. ખાસ વાત એ છે કે આ ફિલ્મ દ્વારા મધ્ય પ્રદેશ, ખાસ કરીને ભોપાલની સુંદરતાને વૈશ્વિક મંચ પર રજૂ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે, સાથે જ નવી પ્રતિભાઓને પણ મોટી તક મળશે.

પ્રશ્નઃ તમારા વર્તમાન પ્રોજેક્ટ 'ફ્રોમ બોલિવૂડ ટુ હોલિવૂડ'નો શું કોન્સેપ્ટ છે? તે કયા સ્તરે બનાવવામાં આવી રહ્યો છે?

જવાબઃ આ એક હોલિવૂડ ફીચર ફિલ્મ છે, જેનું લગભગ 25 ટકા શૂટિંગ મધ્ય પ્રદેશમાં કરવામાં આવશે. વાર્તા એક લોઅર મિડલ ક્લાસ છોકરીના સંઘર્ષ અને તેની હોલિવૂડ સુધીની સફર પર આધારિત છે. આ ક્યાંક ને ક્યાંક મારા અંગત જીવન અને નાના શહેરમાંથી નીકળીને છેલ્લા 10 વર્ષમાં હોલિવૂડમાં ફિલ્મો પ્રોડ્યુસ કરવાના અનુભવોથી પ્રેરિત છે.

આ પ્રોજેક્ટમાં ગોલ્ડન ગ્લોબ નોમિનેટેડ હોલીવુડ એક્ટર્સ અને બોલિવૂડના જાણીતા કલાકારો સાથે જોવા મળશે. અમારો ઉદ્દેશ્ય ભારતીય સંસ્કૃતિ, ખાસ કરીને ભોપાલના લોકેશન્સ અને કલાને વૈશ્વિક સ્તરે પ્રમોટ કરવાનો છે. અમારી ટીમમાં હોલિવૂડના અનુભવી લોકો સામેલ છે, જેમ કે સિનેમેટોગ્રાફર ડેરેક બાઉર, જેણે 80થી વધુ હોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે.

પ્રશ્નઃ આ ફિલ્મ સાથે બોલિવૂડ અને હોલિવૂડના કયા મોટા નામ જોડાયેલા છે?

જવાબઃ હોલિવૂડના મોટા નામો સાથે અમારો NDA (NDA) કરાર છે, તેથી તેની ટીમની પરવાનગી વિના હાલમાં નામ શેર કરવું શક્ય નથી. જોકે કેટલીક માહિતી IMDb પર ઉપલબ્ધ છે. બોલિવૂડની વાત કરીએ તો સમીર સોની આ ફિલ્મનો ભાગ છે. એક્ટ્રેસ તરીકે મનીષા કોઈરાલા અને નીલમ સાથે વાતચીત ચાલી રહી છે, જેમાંથી કોઈ એક માતા-પિતાની ભૂમિકામાં જોવા મળશે.

પ્રશ્નઃ મધ્ય પ્રદેશમાં શૂટિંગ માટે તમે કયા લોકેશન્સની પસંદગી કરી છે?

જવાબઃ અમે મુખ્યત્વે ભોપાલના લોકેશન્સ જોઈ રહ્યા છીએ, જેમ કે મરીન ડ્રાઈવ અને ભોપાલ એરપોર્ટ. આ ઉપરાંત બાવડિયા કલાં વિસ્તારમાં એક ઓથેન્ટિક ઘરની શોધ છે. ભોપાલ ઉપરાંત અમારી ટીમ જબલપુર અને ઈન્દોરની આસપાસની જગ્યાઓને પણ એક્સપ્લોર કરી રહી છે, જેથી મધ્ય પ્રદેશની સુંદરતાને ફિલ્મમાં સંપૂર્ણ રીતે દર્શાવી શકાય.

પ્રશ્નઃ સ્થાનિક કલાકારો માટે તમારી પાસે કઈ તકો અને પ્રક્રિયા છે?

જવાબઃ અમે 2025માં 'ફ્રેશ ફેસ ટેલેન્ટ હન્ટ' શરૂ કર્યો હતો, જેમાં લગભગ 2 લાખ લોકોએ અરજી કરી હતી. તેમાં ગૃહિણીઓથી લઈને એવા લોકોને પણ તક આપવામાં આવી હતી, જેમણે ક્યારેય અભિનય કર્યો ન હતો.

ફિલ્મમાં સેકન્ડ લીડ અને સપોર્ટિંગ રોલ માટે અમે આ જ સ્પર્ધકોમાંથી કલાકારોની પસંદગી કરી રહ્યા છીએ. મારું માનવું છે કે હોલીવુડ ફિલ્મનો ભાગ બનવું કોઈપણ કલાકારના કરિયર માટે એક મોટો ટર્નિંગ પોઈન્ટ બની શકે છે. અમે ખાસ કરીને મધ્ય પ્રદેશના કલાકારો અને થિયેટર આર્ટિસ્ટ્સને પ્રાધાન્ય આપી રહ્યા છીએ.

પ્રશ્નઃ નવા કલાકારો કે ટેલેન્ટ તમારી સાથે કેવી રીતે જોડાઈ શકે છે?

જવાબઃ જોડાવાના બે રસ્તા છે - પહેલો, મારી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા, જ્યાં ટેલેન્ટ હન્ટની લિંક આપવામાં આવી છે; બીજો, ભોપાલ સ્થિત 'હોલિવૂડ ડ્રીમ્સ એન્ટરટેઈનમેન્ટ' દ્વારા. હું પોતે પણ લોકોને પર્સનલી રિસ્પોન્ડ કરું છું. ઉપરાંત, હું ટૂંક સમયમાં ઓનલાઈન વર્કશોપ્સ શરૂ કરવા જઈ રહી છું, જેમાં કલાકારોને હોલિવૂડ ફિલ્મો માટે ઓડિશન આપવાની સાચી રીત શીખવવામાં આવશે.

રાધા-કૃષ્ણની પૂજા-આરતી કરી, ગાયને લાડુ ખવડાવ્યા

# અંબાણી પરિવારના આંગણે રિહાના પર ચડ્યો 'દેશી' રંગ: રાધિકા, શ્લોકા અને ઈશા સાથે રમી ફૂલોની હોળી





ગ્લોબલ મ્યુઝિક અને બ્યૂટી આઈકોન રિહાના ફરી એકવાર ભારતના પ્રવાસે છે. અંબાણી પરિવારે રિહાના માટે મુંબઈમાં એક ખાસ લંચનું આયોજન કર્યું હતું. અંબાણીના નિવાસસ્થાને રિહાનાનું સ્વાગત ઈશા, શ્લોકા, રાધિકા અને અનંત અંબાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાત માત્ર એક સોશિયલ મીટિંગ નહોતી, પરંતુ ભારતની કલા અને સંસ્કૃતિનો અદ્ભુત નજારો પણ હતો. આ પ્રસંગે રિહાના માટે ભારતીય નૃત્ય, પરંપરાગત કલા અને હેરિટેજ પરફોર્મન્સ રજૂ કરવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન સૌથી વધુ ચર્ચાસ્પદ ક્ષણોમાંની એક રિહાનાએ રાધા-કૃષ્ણની પૂજા કરી. એટલું જ નહીં સિંગર અંબાણી પરિવાર સાથે આરતીમાં પણ જોડાઈ હતી. ઉપરાંત, અંબાણી પરિવારના આંગણે તેણે ફૂલોથી હોળી પણ રમી હતી. રિહાનાએ તેના લુકથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. લોન્ચ ઈવેન્ટ માટે તેણે Mugler Fall 2026 કલેક્શનનું આઉટફિટ પસંદ કર્યું હતું. તેણે મોક-નેક ટોપ અને એન્કલ-લેન્થ લેધર સ્કર્ટ પહેર્યું હતું. આફ્ટર-પાર્ટી માટે તેણે બ્લેક ફિટ-એન્ડ-ફ્લેર જર્સી ડ્રેસ પસંદ કર્યો હતો, જેમાં ક્રોકોડાઈલ-સ્ટાઈલ લેધર કટ-આઉટ્સ હતા.

આ હાઈ-પ્રોફાઈલ મુલાકાત પાછળનું મુખ્ય કારણ બિઝનેસ ડેવલપમેન્ટ છે. રિહાનાની જાણીતી બ્રાન્ડ 'ફેન્ટી બ્યુટી' હવે સત્તાવાર રીતે ભારતમાં લોન્ચ થઈ છે. આ બ્રાન્ડ રિલાયન્સના બ્યૂટી પ્લેટફોર્મ 'ટીરા' (Tira) અને વૈશ્વિક રિટેલર સેફોરા (Sephora) પર એક્સક્લુઝિવલી ઉપલબ્ધ થશે. આ કોલોબ્રેશન દ્વારા 'ટીરા' હવે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ માટે ભારતીય બજારમાં પ્રવેશવાનું એક મુખ્ય ગેટવે બની ગયું છે.

રિહાના છેલ્લે 2024માં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નના પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં પર્ફોર્મ કરવા ભારત આવી હતી. ફેન્ટી બ્યુટીની વાત કરીએ તો, તેણે 8 સપ્ટેમ્બર, 2017ના રોજ LVMH સાથે મળીને આ બ્રાન્ડ લોન્ચ કરી હતી. તેની સર્વસમાવેશકતા અને 40 અલગ-અલગ શેડ્સના ફાઉન્ડેશનને કારણે આ બ્રાન્ડ દુનિયાભરમાં લોકપ્રિય છે. રિહાનાની આ મુલાકાતથી મુંબઈના ફેન્સમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, અને સોશિયલ મીડિયા પર તેની તસવીરો વાઈરલ થઈ રહી છે.

રણવીર સિંહ સહિત અનેક સેલેબ્સે અભિનંદન પાઠવ્યા

# કાસ્ટિંગ ડિરેક્ટર શાનુ શર્માએ છાનાંમાનાં લગ્ન કરી લીધા: પતિની ઓળખ સિક્રેટ રાખી ફોટો શેર



યશ રાજ ફિલ્મ્સના કાસ્ટિંગ ડિરેક્ટર શાનુ શર્માએ શનિવારે એક અંગત સમારોહમાં લગ્ન કરી લીધા. તેણે શનિવારે સોશિયલ મીડિયા પર લગ્નની તસવીરો શેર કરી, પરંતુ તેના પતિનો ચહેરો અને નામ રિવીલ ન કર્યું. પોસ્ટ સામે આવતા જ પરિણીતિ ચોપરાથી લઈને રણવીર સિંહ સુધીના ઘણા સિતારાઓએ તેને અભિનંદન પાઠવ્યા. શાનુ શર્માએ ઈન્સ્ટાગ્રામ પર લગ્નની તસવીરો શેર કરતા લખ્યું, "ઈશ્વરની કૃપાથી મને આ ધરતી પર સાથે ચાલવા માટે સૌથી શ્રેષ્ઠ સાથી મળી ગયો છે. માતા-પિતાના આશીર્વાદ અને પ્રિયજનોના પ્રેમથી અમે આજે સવારે અમારા સંબંધને સત્તાવાર રીતે પૂર્ણ કર્યો. જલ્દી જ લગ્નનો જશ્ન મનાવવામાં આવશે."

પોસ્ટ શેર થતાં જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણા સિતારાઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી. પરિણીતિ ચોપરાએ લખ્યું, "અભિનંદન માય ગર્લ- સૌથી સારા સમાચાર!" જ્યારે ક્રિતી સેનને કોમેન્ટ કરી, "વાહ! અભિનંદન." રણવીર સિંહે દિલવાળા ઈમોજી શેર કરીને પોતાની ખુશી વ્યક્ત કરી. ઉપરાંત ક્રિતી સેનન, રશ્મિકા મંદાના, ભૂમિ પેડનેકર, અનન્યા પાંડે, સોનમ કપૂર અને શાર્વરી સહિત અનેક સેલેબ્સે પણ તેમને અભિનંદન પાઠવ્યા. શાનુ શર્માએ મુંબઈના થિયેટર અને ક્રિએટિવ ફિલ્ડમાંથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. બાદમાં તેણે કાસ્ટિંગની દુનિયામાં પગ મૂક્યો. આદિત્ય ચોપરા તેને યશ રાજ ફિલ્મ્સમાં લાવ્યા. તેની સૌથી મોટી ઓળખ ત્યારે બની જ્યારે તેણે તે સમયે પ્રમાણમાં નવા એક્ટર રણવીર સિંહને ફિલ્મ 'બેન્ડ બાજા બારાત'માં કાસ્ટ કર્યો. ઉપરાંત તેણે અનુષ્કા શર્મા, ભૂમિ પેડનેકર, અહાન પાંડે અને અનિત પડ્ડા જેવા ઘણા કલાકારોનું કાસ્ટિંગ કર્યું હતું. શાનુ શર્મા દિગ્ગજ ફિલ્મ નિર્માતા અને એક્ટર રમેશ શર્માની ભત્રીજી પણ છે, જે ફિલ્મ 'હમ' માટે જાણીતા છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, રજનીકાંત અને ગોવિંદા જોવા મળ્યા હતા.

વિરોધી ટીમના બેટ્સમેન કેએલ રાહુલની ઈનિંગના વખાણ કર્યા

# 'પંજાબ કિંગ્સ'ની જીત પર પ્રીટિ ઝિન્ટા ગદગદ: ખેલાડીઓ પર પ્રેમ વરસાવ્યો



શનિવારે IPL મેચમાં 'પંજાબ કિંગ્સ'એ 'દિલ્હી કેપિટલ્સ'ને છ વિકેટે હરાવ્યું, ત્યારબાદ ટીમની સહ-માલિક પ્રીટિ ઝિન્ટાએ ખુશી વ્યક્ત કરી. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરીને ટીમ અને ખેલાડીઓના પ્રદર્શનની પ્રશંસા કરતા જીત બદલ અભિનંદન પાઠવ્યા. પ્રીટિએ પોતાની પોસ્ટમાં સૌથી પહેલા વિરોધી ટીમ 'દિલ્હી કેપિટલ્સ'ના બેટ્સમેન કેએલ રાહુલની શાનદાર ઈનિંગ્સ માટે તેને અભિનંદન પાઠવ્યા. તેમ જ, પ્રીટિએ પોતાની ટીમ વિશે લખ્યું, "શ્રેયસ ઐયર, આ જીત રેકોર્ડમાં નોંધાઈ જશે. આજે ખરેખર ગરમી હતી." સાથે જ તેણે પ્રભસિમરન સિંહ, પ્રિયંશ આર્યા, નેહાલ વઢેરા અને શશાંક સિંહની પણ પ્રશંસા કરી. મેચની વાત કરીએ તો, 'પંજાબ કિંગ્સ'એ T20 ઈતિહાસના સૌથી મોટા લક્ષ્યોમાંથી એક 265 રનને સફળતાપૂર્વક ચેઝ કરી. દિલ્હી તરફથી કેએલ રાહુલે 67 બોલમાં 152 રનની રેકોર્ડબ્રેક ઈનિંગ રમી. આ સાથે તે IPLમાં 150 રન બનાવનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યો. તેણે ભારતના પુરુષ T20 ક્રિકેટમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો, જોકે તેની આ ઈનિંગ ટીમ ને જીત અપાવી શકી નહીં. 'પંજાબ કિંગ્સ'એ આ પહેલા 2024 સીઝનમાં 'કોલકાતા નાઈટ રાઈડર્સ' સામે 262 રન ચેઝ કરીને રેકોર્ડ બનાવ્યો હતો. આ વખતે ટીમે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યોઆ જીત સાથે 'પંજાબ કિંગ્સ' છ જીત અને એક અનિર્ણિત મેચ સાથે 13 પોઈન્ટ પર પહોંચી ગઈ છે અને અત્યાર સુધી એક પણ મેચ હારી નથી. જ્યારે 'દિલ્હી કેપિટલ્સ' ત્રણ જીત અને ચાર હાર સાથે છઠ્ઠા સ્થાને છે, જેના છ પોઈન્ટ છે.

સાથે જ તેણે પ્રભસિમરન સિંહ, પ્રિયંશ આર્યા, નેહાલ વઢેરા અને શશાંક સિંહની પણ પ્રશંસા કરી. મેચની વાત કરીએ તો, 'પંજાબ કિંગ્સ'એ T20 ઈતિહાસના સૌથી મોટા લક્ષ્યોમાંથી એક 265 રનને સફળતાપૂર્વક ચેઝ કરી. દિલ્હી તરફથી કેએલ રાહુલે 67 બોલમાં 152 રનની રેકોર્ડબ્રેક ઈનિંગ રમી. આ સાથે તે IPLમાં 150 રન બનાવનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યો. તેણે ભારતના પુરુષ T20 ક્રિકેટમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો, જોકે તેની આ ઈનિંગ ટીમ ને જીત અપાવી શકી નહીં. 'પંજાબ કિંગ્સ'એ આ પહેલા 2024 સીઝનમાં 'કોલકાતા નાઈટ રાઈડર્સ' સામે 262 રન ચેઝ કરીને રેકોર્ડ બનાવ્યો હતો. આ વખતે ટીમે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યોઆ જીત સાથે 'પંજાબ કિંગ્સ' છ જીત અને એક અનિર્ણિત મેચ સાથે 13 પોઈન્ટ પર પહોંચી ગઈ છે અને અત્યાર સુધી એક પણ મેચ હારી નથી. જ્યારે 'દિલ્હી કેપિટલ્સ' ત્રણ જીત અને ચાર હાર સાથે છઠ્ઠા સ્થાને છે, જેના છ પોઈન્ટ છે.